# ડંકલ દરખાસ્તો : વિવાદના વમળમાં

હેમન્તકુમાર શાહ

GJ
891.478
Sh 183 D

પ્રકાશક
યજ્ઞ પ્રકાશન સમિતિ – વડોદરા

DUNKEL DARKHASTO : VIVADNA VAMALMAN

**પ્રથમ આવૃત્તિ : સપ્ટેમ્બર - ૧૯૯૩**

**નકલ : ૧૫૦૦**

**કિંમત : રૂ. ૮.૦૦**

**પ્રકાશક :**
કાન્તિ શાહ
યજ્ઞ પ્રકાશન સમિતિ, હુઝરતપાગા,
વડોદરા - ૩૯૦ ૦૦૧
ફોન : ૫૪૦૪૨૯

**મુદ્રક :**
ભાર્ગવી પ્રિન્ટર્સ, કાશીબા રોડ,
સાર્વજનિક હાઈસ્કૂલ પાસે,
રાણિપ, અમદાવાદ - ૩૮૨૪૮૦

**લેસર કમ્પોઝ :**
**કૉસ્મોસ પબ્લિકેશન્સ**
૪૨૦, સરદાર પટેલ કોલોની,
સ્ટેડિયમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | ગેટ, ઉરુગ્વે દોર અને ડંકલ | ૧ |
| ૨. | ટ્રિમ્સ દ્વારા બહુરાષ્ટ્રીય કંપનીઓને મોકળું મેદાન | ૬ |
| ૩. | સેવા ક્ષેત્ર કોની સેવા માટે ? | ૧૩ |
| ૪. | કાપડ અને વસ્ત્ર : વિકસિત દેશોની નામરજી | ૧૯ |
| ૫. | ખેતી : સૌનું જુદું જુદું ખેડાણ | ૨૫ |
| ૬. | જંગલ અને જમીનનું ધોવાણ | ૪૨ |
| ૭. | પેટન્ટ: સજીવો અને માનવીના વિચાર પર માલિકી | ૪૭ |
| ૮. | ગરીબ ગ્રાહકોનું પરાવલંબન | ૬૮ |
| ૯. | ડંકલનો ડંકો અંતે ક્યાં લઇ જશે ? | ૭૩ |

G
891.478
Sh 183 D

# પ્રકાશકીય

આજકાલ ડંકલ દરખાસ્તોની ચર્ચા ચારે કોર જોરશોરથી ચાલી રહી છે. કેટલાક તેનાથી બહુ ખુશ છે અને તેને ભારે હોંશભેર આવકારે છે. તો બીજી બાજુ કેટલાક તેનો એટલા જ જુસ્સાભેર વિરોધ કરે છે અને તેનાથી આપણને ભારે નુકસાન થશે એવી રજૂઆત કરે છે. આમાંથી સાચું શું અને ખોટું શું, તે તારવવું બહુ મુશ્કેલ છે.

આવા સંજોગોમાં યુવામિત્ર ભાઈ હેમંતકુમારે ઊંડો અભ્યાસ કરીને તૈયાર કરેલી આ નોંધ આપણને સહુને આ બાબતનાં જુદાં જુદાં પાસાં વિગતે સમજવામાં અને તેના પરથી કંઈક નિર્ણય બાંધવામાં ઉપયોગી થશે. આ લખાણ અગાઉ લેખમાળા રૂપે જુન-જુલાઈ ૧૯૯૩માં અમદાવાદના ગુજરાતી દૈનિક 'ફાયનાન્સિયલ એકસપ્રેસ'માં પ્રગટ થયું હતું.

અહીં એક વાત ઉમેરવાનું મન થાય છે. આ ડંકલ દરખાસ્તો વિશે બહુ લાંબી દૃષ્ટિએ વિચાર કરવાની જરૂર છે. તેની પાછળનો સમગ્ર સંદર્ભ પણ ભૂલવા જેવો નથી. આ બધાં રાષ્ટ્રો જે રાષ્ટ્રીયતાની વાડ કરીને પોતે વિકસ્યાં, તે વાડ હવે એમને કઠે છે. વળી, પોતાના ઘરઆંગણાની મંદી ને બેકારી ખાળવાનો ને ટાળવાનો ઉપાય તેઓ શોધે છે. પોતાના મબલખ ઉત્પાદન માટે એમને અત્યારે મબલખ માર્કેટ જોઈએ છે. વૈશ્વિકતા અને નવી મુકત વ્યવસ્થાને નામે થતા એમના આજના ધમપછાડા પાછળ મૂળ સંદર્ભ આ છે. આ એમની વૈશ્વિકતા 'વિશ્વમાનુષ:' અથવા 'વિશ્વકુટુંબકમ્'ની ભાવનાની નહીં, પણ 'વિશ્વ આખું મારું બજાર'ની લાલસાની છે. આવા એક વ્યાપક સંદર્ભમાં અને પરિપ્રેક્ષ્યમાં વિચારણા થાય તે જરૂરી છે.

Institute of Advanced ...
Acc. No. 130373
Date 14-9-2010

– કાન્તિ શાહ

Library IIAS, Shimla
GJ 891.478 Sh 183 D
00130373

# ૧
# ગેટ, ઉરુગ્વે દોર અને ડંકલ

છેલ્લા કેટલાક સમયથી ડંકલ દરખાસ્તો વિશેનો વિવાદ ભારતમાં વિશેષ રીતે પ્રકાશમાં આવ્યો છે અને આ વિવાદના સંદર્ભમાં અનેક લોકો અને જૂથોએ વિવિધ રીતે પોતાનાં અર્થઘટનો રજૂ કર્યાં છે. દેશમાં ડંકલ દરખાસ્તો અંગેનો વિવાદ ખાસ કરીને ખેતીના સંદર્ભમાં વધારે વકર્યો છે અને માત્ર ખેતી અંગે જ ડંકલ દરખાસ્તો છે એવી એક સામાન્ય છાપ ઊભી થઈ છે. એનું મુખ્ય કારણ એ છે કે ડંકલ દરખાસ્તોનો વિરોધ કરવા એક જોરદાર દબાવ જૂથ તરીકે દેશના મુખ્ય ખેડૂત સંઘોએ જ આંદોલન કર્યું છે તેવું આંદોલન બીજાં સંબંધિત જૂથોએ ચલાવ્યું નથી. પરંતુ ડંકલ દરખાસ્તો માત્ર ખેતીને લગતી નથી. તેમાં કાપડ અને વસ્ત્રો, રોકાણ અને ટેકનોલોજી, સેવાઓ અને બૌદ્ધિક મિલકત અધિકારો વગેરે જેવાં મહત્ત્વનાં ક્ષેત્રોનો પણ સમાવેશ થાય છે. આ ક્ષેત્રો સંબંધી જૂથોએ પણ ડંકલ દરખાસ્તોની તરફેણ કે વિરુદ્ધમાં પોતાના મતો વ્યકત કર્યા છે ખરા. પરંતુ ખેતીને અંગે જેટલો વિવાદ ઉપસ્થિત થયો છે એટલો વિવાદ બીજાં ક્ષેત્રો માટે ઉપસ્થિત થયો નથી. એનું એક કારણ એ પણ છે કે સંબંધિત ખેડૂત સંઘોએ ડંકલ દરખાસ્તોનો વિરોધ કરવા માટે એક પ્રકારે જન આંદોલન ઊભું કર્યું છે.

ખાનગીકારણનો વાવર દુનિયાભરમાં છેલ્લા દોઢ દાયકાથી વાય છે. ભારતમાં રાવ સરકારના આગમન સાથે જે નવી આર્થિક નીતિ અપનાવવામાં આવી છે તેમાં ખાનગીકરણની સાથે સાથે

ઉદારીકરણ અને વૈશ્વિકીકણને પણ મહત્ત્વ આપવામાં આવ્યું છે. આ નવી આર્થિક નીતિ દેશના આર્થિક (અને પછી ક્રમે ક્રમે રાજકીય પણ) સાર્વભૌમત્વને ગીરો મૂકે છે અને તે સમતાવાદી આર્થિક વિકાસ નહિ, પણ બજારકેન્દ્રી તથા શોષક અર્થ વ્યવસ્થા ઊભી કરનારી છે, અને તેનાથી દેશની બહુમતી ગરીબ પ્રજાને કોઈ લાભ થશે નહિ, એમ માનનારા લોકો ડંકલ દરખાસ્તોનો ભારે વિરોધ કરે છે. તેઓ માને છે કે ડંકલ દરખાસ્તો વાસ્તવમાં રાવ સરકારની નવી આર્થિક નીતિને પોષક છે અને તેનાથી દેશની આર્થિક સ્વતંત્રતા જોખમાશે. આથી ડંકલ દરખાસ્તોનો સ્વીકાર ભારતે ન કરવો જોઈએ એમ તેઓ સ્પષ્ટપણે માને છે.

એનો સ્વીકાર થાય કે ન થાય તો પણ એ નિર્ણય દેશના આર્થિક ભવિષ્યને માટે અત્યંત મહત્ત્વનો બનશે એમાં કોઈ શંકાને સ્થાન નથી. આથી આ દરખાસ્તો શું છે અને તેના તરફેણ તથા વિરુદ્ધના મુદ્દાઓ શું છે એ વિશે વિગતે સમજતાં પહેલાં આપણે એની ભૂમિકા કઈ છે એ વિશે જાણીએ :

'ડંકલ દરખાસ્તો' તરીકે જેનો ઉલ્લેખ કરવામાં આવે છે એ કુલ ૪૩૬ પાનાંના મોટા ગ્રંથમાં સમાવિષ્ટ છે. આ દરખાસ્તો 'જનરલ એગ્રીમેન્ટ ઓન ટેરિફ એન્ડ ટ્રેડ' (જીએટી–ગેટ–સામાન્ય જકાત અને વ્યાપાર સમજૂતી) ના મહાનિયામક આર્થર ડંકલ દ્વારા રજૂ કરાઈ છે. ૧૯૪૭માં એક આંતરરાષ્ટ્રીય પરિષદમાં સધાયેલી સમજૂતી અનુસાર 'ગેટ'ની સ્થાપના થઈ હતી અને જાન્યુઆરી – ૧૯૪૮થી તેની કામગીરી શરૂ થઈ. મૂળે તો ઉપરોકત આંતરરાષ્ટ્રીય પરિષદનો ઉદ્દેશ એક આંતરરાષ્ટ્રીય વ્યાપારી સંગઠનની સ્થાપના કરવાનો હતો પરંતુ તેને બદલે આવી એક વ્યાપાર સમજૂતી થઈ. આ સમજૂતીના ચાર ઉદ્દેશો છે : (૧) દુનિયાના દેશો વચ્ચે બહુપક્ષીય દેશો વ્યાપાર વધારવો. (૨) આ વ્યાપાર

વચ્ચેના અવરોધો લઘુતમ કરવા. (૩) આયાત ઉપરની જકાત અને આયાત માટે ફાળવવામાં આવતા જથ્થા માટેનું પ્રમાણ ઘટાડવાં, (૪) અમુક જ દેશ સાથેના વ્યાપારને મહત્ત્વ આપતી સમજૂતીઓ દૂર કરવી.

આ ચાર ઉદ્દેશો જો પાર પડે તો દુનિયાભરમાં વ્યાપાર એકદમ મુકત બને એટલે કે વ્યાપારને લાગેવળગે છે ત્યાં સુધી જુદા જુદા દેશો વચ્ચેની ભૌગોલિક સરહદો લગભગ નાબૂદ થઈ જાય. આમ વ્યાપારથી જ વિકાસ થશે અને આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં મુકત સ્પર્ધા રહેશે તો સૌનું કલ્યાણ થશે એવી એક છૂપી ધારણા સાથે આ સમજૂતી સધાઈ હતી. આજે આ સમજૂતી પર હસ્તાક્ષર કરનારાઓમાં ભારત સહિત ૧૧૧ દેશોનો સમાવેશ થાય છે અને તેના સંચાલન માટેનું કાર્યાલય સ્વિત્ઝર્લૅન્ડના જિનિવા શહેરમાં આવેલું છે. આ કાર્યાલયના સૌથી ઉચ્ચ હોદ્દેદાર મહાનિયામક ગણાય છે.

આંતરરાષ્ટ્રીય વ્યાપારને મુકત અને વધુ ને વધુ સ્પર્ધાત્મક કરવાના હેતુથી 'ગેટ' અન્વયે કુલ આઠ વખત મંત્રણાઓ યોજાઈ. છેલ્લે દક્ષિણ અમેરિકાના ઉરુગ્વે નામના દેશના પુન્તા દેલ એસ્તે નામક શહેરમાં મંત્રણાનો આઠમો દોર ૧૯૮૬ના સપ્ટેમ્બરમાં શરૂ થયો અને તે ઉરુગ્વે દોર તરીકે આજે જાણીતો છે. આ મંત્રણાઓ હજુ પૂરી થઈ નથી અને તે ભારે વિવાદાસ્પદ હોવાને કારણે વારંવાર લંબાતી રહી છે. આ ઉરુગ્વે પરિષદને અંતે જુદાં જુદાં ક્ષેત્રોમાં આંતરરાષ્ટ્રીય વ્યાપારનું સંચાલન કરવા માટે મંત્રણાઓ કરવા હાકલ કરતી જે ઘોષણા તૈયાર કરવામાં આવી તેના સંદર્ભમાં દરેક ક્ષેત્રમાં વ્યાપારમાં શું કાર્યવાહી કરવી તે અંગે 'ગેટ'ના મહાનિયામક તરીકેની હેસિયતથી આર્થર ડંકલે જે દરખાસ્તો રજૂ કરી તે ડંકલ દરખાસ્તો તરીકે ઓળખાય છે. ડંકલે તા–૨૦–૧૨–૧૯૯૧ના રોજ જે ૪૩૬ પાનાંની દરખાસ્તો રજૂ કરી તે ડંકલ ડ્રાફટ ટેકસ્ટ તરીકે ઓળખાય છે અને તેના વિરોધીઓ તેને ટૂંકમાં

'ડીડીટી' કહીને એ દરખાસ્તો ડીડીટી જંતુનાશક જેવી જ ઝેરી અને ખતરનાક છે એમ જણાવે છે. આર્થર ડંકલે હવે જૂન-૧૯૯૩ અંતે 'ગેટ'ના મહાનિયામકપદેથી નિવૃત્તિ લીધી છે અને તેમને સ્થાને પિટર સધરલેન્ડે હોદ્દો સંભાળ્યો છે.

ઉરુગ્વે દોરની મંત્રણાઓ ૧૯૯૦ના અંત સુધીમાં પૂરી કરવાની હતી પરંતુ તેના વિવાદાસ્પદ માળખાને લીધે તે હજુ લંબાતી રહી છે. ૧૯૯૩ના અંત સુધીમાં એટલે કે ત્રણ વર્ષ મોડી એ પૂરી થાય એવી શકયતા છે. સ્થાપના સમયે દુનિયાના માત્ર ૨૩ દેશો જેના સભ્ય હતા એ 'ગેટ' દુનિયાની વસ્તુઓના ૯૦ ટકા વ્યાપારને ટૂંકમાં જ આવરી લેશે એવી જાહેરાત આર્થર ડંકલે હમણાં જ કરી હતી. માટે ડંકલ દરખાસ્તોવાળો ઉરુગ્વે દોર આગામી સદીના વૈશ્વિક વ્યાપારને માટે ખૂબ જ મહત્ત્વનો બની રહેશે.

ઉરુગ્વે દોરમાં કુલ ૧૫ બાબતો કાર્યસૂચિ પર છે. તેમાં કેટલીક જૂની છે અને કેટલીક તદ્દન નવી છે. વસ્તુઓ માટે બજારની પહોંચ અંગેની સામાન્ય બાબતો તેમાં છે પણ અત્યાર સુધી જે ખેતી ક્ષેત્રને એક અપવાદ તરીકે ગણવામાં આવતું હતું અને જે ખેતી ક્ષેત્રને 'ગેટ'ના નિયમો અને શિસ્ત લાગુ પડતાં નહોતાં, તે ખેતી ક્ષેત્રને 'ગેટ' હેઠળ લાવવાનો પ્રયાસ આ ઉરુગ્વે દોરમાં કરાયો છે. એ જ રીતે કાપડ અને વસ્ત્રોને પણ ગેટ હેઠળ લાવવાની દરખાસ્ત છે. આ ઉપરાંત બીજી શ્રેણીમાં વસ્તુઓ અને તેમની બજારની પહોંચ વિશેની જોગવાઈઓનો સમાવેશ કરાયો છે. અને ત્રીજી શ્રેણીમાં ત્રણ નવા ખ્યાલો આપવામાં આવ્યા છે. સેવાઓનો વ્યાપાર, વ્યાપાર સંબંધી બૌદ્ધિક મિલકત અધિકારો (ટ્રેડ રિલેટેડ ઈન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ – ટ્રિપ્સ) અને વ્યાપાર સંબંધી રોકાણ પગલાં (ટ્રેડ રિલેટ્રેડ ઈન્વેસ્ટમેન્ટ મેઝર્સ – ટ્રિમ્સ).

ત્રીજા વિશ્વના અનેક નિષ્ણાતોનો એવો મત છે કે ઉરુગ્વે

દોરની આ ડંકલ દરખાસ્તો ગરીબ દેશો માટે ખૂબ જ હાનિકારક છે. અને તેથી જ ભારત હજુ આ અંગે કોઈ આખરી નિર્ણય કરી શકયું નથી. પરંતુ એનો અર્થ એવો નથી કે માત્ર ત્રીજા વિશ્વના દેશો જ ડંકલ દરખાસ્તોનો વિરોધ કરે છે. પશ્ચિમ યુરોપના દેશો અને ખાસ કરીને ફ્રાન્સના ખેડૂતોએ ડંકલ દરખાસ્તોનો ભારે વિરોધ કર્યો છે, અને અનેક મુદ્દાઓ વિશે યુરોપીય સમુદાય (ઈસી) તથા અમેરિકા આમનેસામને આવી ગયા છે. ડંકલ દરખાસ્તોનું સૌથી મોટું ટેકેદાર અમેરિકા છે અને તે ખૂબ ઝડપથી ઉરુગ્વે દોરની મંત્રણાઓ પૂરી થાય તે માટે ભરચક પ્રયાસો કરી રહ્યું છે. વળી, ડંકલ દરખાસ્તોની એક ખાસિયત એ છે કે કાં તો એ સમગ્ર દરખાસ્તોનો સ્વીકાર કરો અથવા એકેનો નહિ એવી શરત એમાં છે. એમાં એના આંશિક સ્વીકાર કે અસ્વીકારની વ્યવસ્થા નથી એટલે પણ ભારત સહિતના ત્રીજા વિશ્વના દેશો એનો વિરોધ કરી રહ્યા છે. પણ અમેરિકાની બહુરાષ્ટ્રીય કંપનીઓને આ નવી દરખાસ્તોનો અમલ થવાથી ખૂબ ફાયદો થશે એવી વાત એમાં નિહિત છે. ૪૫ વર્ષ જૂની એક વૈશ્વિક સમજૂતી કોઈ એક જ દેશના અથવા અમુક દેશોના જૂથના આર્થિક હિતને પોષવા માટે આગળ ધપી રહી હોવાનો તેના પર આક્ષેપ છે અને એમાં નીરક્ષીર વિવેક દાખવવાની આવશ્યકતા છે. ભારત જેવા ગરીબ દેશ માટે તો વિશેષપણે.

> *અત્યારનો સમાજ ખૂબ જ સંકુલ છે. અનેક પ્રકારના અવરોધો છે. આપણે નાગરિક નથી બની રહ્યા, આપણે કોર્પોરેટ જગતના જંતુ બની રહ્યા છીએ.*
>
> **–રાલ્ફ નાડર**

# ૨

# ટ્રિમ્સ દ્વારા બહુરાષ્ટ્રીય કંપનીઓને મોકળું મેદાન

**ત્રી**જા વિશ્વના દેશોમાં વિદેશી રોકાણ એક મહત્ત્વનું ક્ષેત્ર છે. ઉત્પાદન વધારવા, વિદેશી હૂંડિયામણ કમાવા અને એ રીતે પોતાની ચુકવણીની તુલાની સ્થિતિ સદ્ધર બનાવવા માટે ગરીબ દેશો પોતાને ત્યાં વિકસિત દેશોની બહુરાષ્ટ્રીય કંપનીઓ દ્વારા રોકાણ થાય તે માટે પ્રયાસો કરે છે. આમ ધનવાન દેશો ગરીબ દેશોમાં મૂડીની નિકાસ કરે છે. ગરીબ દેશોને મૂડીની જરૂર પણ છે. પરંતુ આ ગરીબ દેશો પોતાને ત્યાં વિદેશી મૂડીરોકાણ થાય તો પણ તેના ઉપર કેટલાંક નિયંત્રણો લાદે છે. ડંકલની દરખાસ્તો હવે એમ કહે છે કે આ નિયંત્રણો લાદવાં જોઈએ નહિ અને વિદેશી મૂડીની હેરફેરને તદ્દન મુક્ત બનાવી દેવી જોઈએ. ઉરુગ્વેની પરિષદની ઘોષણામાં એમ લખવામાં આવ્યું છે કે રોકાણનાં પગલાં ઉપરની પ્રતિબંધાત્મક અને વિકૃત અસરો જેવી વ્યાપાર ઉપરની વિપરીત અસરો ટાળવા માટે વાટાઘાટો કરવી જોઈએ. વ્યાપાર સંબધી રોકાણ પગલાંઓ (ટ્રેડ રિલેટેડ ઈન્વેસ્ટમેન્ટ મેઝર્સ – ટ્રિમ્સ) શીર્ષક હેઠળ આમ લખવામાં આવ્યું છે, અને ડંકલે જે દરખાસ્તો રજૂ કરી તેમાં આ અંગે રોકાણને નિયંત્રણોથી મુક્ત બનાવવા માટે કયાં કયાં પગલાં લેવાવાં જોઈએ તે સૂચવ્યું છે.

## કહેવાતી વિકૃત અસર

વિદેશી રોકાણ આમંત્રનાર દેશ વિદેશી રોકાણ ઉપર જે પ્રતિબંધો લાદે છે અને જે શરતો મૂકે છે એ બધાં જ રદ થવાં

જોઈએ એવી માગણી ડંકલની દરખાસ્તોમાં છે. પણ ઉરુગ્વેની ઘોષણામાં આ અંગે જે લખવામાં આવ્યું છે એ ધ્યાનમાં લેવા જેવું છે. ઉત્પાદનમાં પરિણમતું કોઈ પણ રોકાણ વ્યાપાર ઉપર અસર કરે એ નિશ્ચિત છે એટલે આવું રોકાણ એ 'વ્યાપાર સંબંધી' (ટ્રેડ રિલેટેડ) કહેવાય. પરંતુ અહીં રોકાણ માટેનાં દરેક પગલાને 'વ્યાપાર સંબંધી' ગણવામાં આવ્યું નથી. એમાં તો વ્યાપાર ઉપર 'પ્રતિબંધાત્મક' અને 'વિકૃત' અસર ઊભી કરનારા રોકાણ સંબંધી પગલાંને જ વ્યાપાર સંબંધી રોકાણ ગણવામાં આવે છે.

ત્રીજા વિશ્વના દેશોને વિદેશી રોકાણની તો જરૂર લાગે જ છે. પણ તેઓ તે રોકાણ પોતાની શરતોએ માગે છે. આ શરતોને હવે ડંકલ દરખાસ્તો વ્યાપાર ઉપર 'વિકૃત' અસર ઊભી કરનારી ગણાવે છે. રોકાણ અંગે સામાન્ય રીતે જુદા જુદા દેશો ઘરઆંગણે બે પ્રકારનાં પગલાં ભરે છે : (૧) વિદેશી રોકાણકારોને રોકાણ માટે પ્રોત્સાહન આપવું. (૨) તેમના રોકાણ ઉપર શરતો લાદવી. અનેક દેશો પોતાને ત્યાં વિદેશી રોકાણ આમંત્રીને પણ તેના ઉપર શરતો લાદે છે. તેનાં બે મુખ્ય કારણો છે : (૧) પોતાની વિકાસલક્ષી જરૂરિયાતો અને પ્રાથમિકતાઓ મુજબ રોકાણ થાય. (૨) બહુરાષ્ટ્રીય કંપનીઓની પ્રતિબંધાત્મક વ્યાપાર રીતિઓ પર અંકુશ રાખવો કે જેથી પોતાની ચુકવણીની તુલા પર તેની વિપરીત અસર ન થાય. એટલે કે આ કંપનીઓ રોકાણ કરે તેના કરતાં વધારે નાણાં પોતાને સ્વદેશ ન લઈ જાય તેનું ધ્યાન રાખવું. એનો અર્થ એ થયો કે છૂપી રીતે મૂડીનો પ્રવાહ ઊંધી દિશામાં ન વહે તેની કાળજી રાખવી.

## ત્રીજા વિશ્વની સરકારોનાં પગલાં

બહુરાષ્ટ્રીય કંપનીઓએ અત્યાર સુધી જે પ્રતિબંધાત્મક વ્યાપાર રીતિઓ અપનાવી છે તેના સંદર્ભમાં વિવિધ દેશોએ જે

પગલાં લીધાં છે તે આ મુજબ છે :

(૧) વિદેશી રોકાણ આમંત્રનાર દેશ આ કંપનીઓ પર તેમના ઉત્પાદનની અમુક પ્રમાણમાં નિકાસ કરવી જ તેવી ફરજ લાદે છે. બહુરાષ્ટ્રીય કંપનીઓ આંતરરાષ્ટ્રીય સ્તરે બજારની ફાળવણી કરીને અથવા કોઈ એક દેશની નિકાસ ન થવા દઈને પ્રતિબંધક વ્યાપાર નીતિ અપનાવતા હોય છે.

(૨) રોકાણકાર કંપનીને સ્થાનિક સાધનોની ખરીદી કરીને ઉત્પાદન કરવાની ફરજ પડાય છે. વિદેશી હૂંડિયામણનો પ્રવાહ દેશની બહાર ન જતો રહે તે માટે આવું નિયંત્રણ લદાય છે. બહુરાષ્ટ્રીય કંપનીઓ જે નિકાસ કરે તેના ભાવ નીચા રાખે અને આયાત કરે તેના ભાવ ઊંચા રાખે અને એ દ્વારા મહામૂલું હૂંડિયામણ દેશ બહાર ખેંચી જાય. તેમનો હેતુ વૈશ્વિક સ્તરે તેમનો નફો મહત્તમ કરવાનો જ હોય છે. આવું ન થાય તે માટે સ્થાનિક ઈક્વીટી મૂડીની ભાગીદારી અથવા સરકારી ભાગીદારી કે સંયુક્ત સાહસ દ્વારા રોકાણ જેવી રીતો યજમાન દેશો અપનાવે છે.

(૩) ટેકનોલોજીની બાબતમાં બહુરાષ્ટ્રીય કંપનીઓ લગભગ ઈજારો ધરાવતી હોય છે. એટલે તેમની ટેકનોલોજીની તબદીલી અંગે શરતો લાદવામાં આવે છે કે જેથી સ્થાનિક ઉત્પાદકોને નવી ટેકનોલોજી મળે. બહુરાષ્ટ્રીય કંપનીઓ આયાત માટે ખાસ ભાવ અને શરતો રાખે છે તેની સામે રક્ષણ મેળવવા યજમાન દેશ ટેકનોલોજીની તબદીલી ઉપર નિયંત્રણો લાદે છે.

(૪) રોકાણકાર કંપની ઉપર એવી શરત પણ લદાય છે કે તે તેના ઉત્પાદનનો અમુક ભાગ યજમાન દેશમાં જ વેચે. સ્થાનિક ગ્રાહકોને અને ઉદ્યોગોને પૂરતા પ્રમાણમાં અને યોગ્ય ભાવોએ વસ્તુ મળી રહે તે આની પાછળનો ઉદ્દેશ છે. બહુરાષ્ટ્રીય કંપનીઓ આંતરરાષ્ટ્રીય બજારમાં સ્થાનિક ઉત્પાદકો ટકી ના શકે તેવી

વેચાણ પદ્ધતિ અપનાવે છે અને એ રીતે યજમાન દેશના સ્થાનિક ઉત્પાદકોને નુકસાન પહોંચે છે. આ રીત ન અપનાવાય માટે જ આ પગલું ભરાય છે.

(૫) યજમાન દેશની રાષ્ટ્રીય વિકાસલક્ષી પ્રાથમિકતાઓ અનુસાર રોકાણને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરવામાં આવે છે. આવો પ્રયત્ન માત્ર ગરીબ દેશો જ કરે છે એવું નથી, વિકસિત દેશો પણ કરે છે. પછાત વિસ્તારોમાં ઉત્પાદન શરૂ કરવા માટે પણ પ્રોત્સાહન અપાય છે. રોકાણકાર કંપનીઓ ઉપર તેમના દેશમાં નાણાં ઢસડી જવા ઉપર પ્રતિબંધો લાદવામાં આવે છે તેનું કારણ પણ આ જ છે.

(૬) સ્થાનિક ઈક્વીટી મૂડી અમુક પ્રમાણમાં ફરજિયાત રાખવામાં આવે છે તેનું કારણ એ છે કે સ્થાનિક કંપનીનું સ્થાનિક ધોરણે સંચાલન થાય અને સ્થાનિક ધોરણે તેમાં નિયંત્રણ આવે.

## બહુરાષ્ટ્રીય કંપનીઓ

ડંકલની દરખાસ્તો આ તમામ નિયંત્રણો હટાવી લેવા માટેની છે અને વિદેશી રોકાણકાર કંપનીઓ પોતાની રીતે રોકાણ કરે તેવી માગણી કરવામાં આવી છે. આ માગણીને જાપાન, અમેરિકા અને યુરોપના દેશોનું પીઠબળ છે. અમેરિકા તેની બહુરાષ્ટ્રીય કંપનીઓમાં હિતોને આગળ ધપાવવા માગે છે અને તેથી યજમાન દેશો રોકાણ ઉપર કોઈ નિયંત્રણો ન લાદે એવી તેની માગણી છે. અહીં એક મહત્ત્વની વાત એ છે કે અમેરિકામાં વિદેશી રોકાણો માટે ભારે છૂટ છે પરંતુ 'રાષ્ટ્રીય સલામતી'નાં કારણોસર કોઈ પણ કંપનીને વિદેશી રોકાણકારને હસ્તગત થતી અટકાવી શકે છે.

આ સંદર્ભમાં અમેરિકા અને કેનેડા વચ્ચે દસેક વર્ષ પહેલાં થયેલો વિવાદ ઘણો મહત્ત્વનો છે. કેનેડાએ એ વખતે વિદેશી

રોકાણ સમીક્ષા ધારો (ફિરા) ઘડયો અને આ ધારા અન્વયે અમેરિકી સાહસો કેનેડામાં સ્થપાય અને કામગીરી શરૂ કરે તે પહેલાં સ્થાનિક સાધનોનો ઉપયોગ અને નિકાસની કામગીરી અંગે તેમની પાસેથી બાંયધરી મેળવાતી હતી. 'ગેટ'માં અમેરિકાએ કેનેડા સામે ફરિયાદ નોંધાવી અને કહ્યું કે આવી જોગવાઈ મુકત વ્યાપારની સામે અવરોધ ઊભો કરે છે. છેવટે 'ગેટ'ની એક સમિતિએ એવો ચુકાદો આપ્યો કે 'ગેટ'ના નિયમો યજમાન દેશોને વિદેશી રોકાણો પર નિયમન લાદતાં અટકાવી શકે નહિ કારણ કે એ તેમના સાર્વભૌમત્વની બાબત છે. નિકાસની કામગીરી અંગે ફરજ લાદવી એનાથી પણ 'ગેટ'ના નિયોમોનો ભંગ થતો નથી એમ આ સમિતિએ ઠરાવ્યું હતું. જો કે સ્થાનિક ખરીદી અંગે કેનેડાએ જે નિયમો લાદ્યા હતા તે 'ગેટ'ના નિયમોનો ભંગ કરે છે એમ તેણે જણાવ્યું હતું. આ કેસમાં રસ ધરાવતા પક્ષો તરીકે ત્રીજા વિશ્વના અનેક દેશોએ રજૂઆતો કરી હતી અને તેના સંદર્ભમાં આ સમિતિએ એવો ચુકાદો આપ્યો હતો કે સ્થાનિક ખરીદી અંગેનો તેનો આ ચુકાદો ત્રીજા વિશ્વના દેશોને લાગુ પડી શકે નહિ કારણ કે તેમની પરિસ્થિતિ તદ્દન જુદી છે. ડંકલે જે દરખાસ્તો રજૂ કરી છે તે મુજબ તો હવે ત્રીજા વિશ્વના દેશોને પણ આ નિયમો લાગુ પડશે.

નોંધપાત્ર આશ્ચર્યની વાત એ છે કે તમામ ઔદ્યોગિક દેશોએ ડંકલની દરખાસ્તોના સંદર્ભમાં વાટાઘાટો માટે જે રજૂઆતો કરી છે તેમાં યજમાન દેશોની સરકારો દ્વારા જે નિયંત્રણો અને પ્રતિબંધો લાદવામાં આવે છે તેમનો જ ઉલ્લેખ કર્યો છે. પણ બહુરાષ્ટ્રીય કંપનીઓના વ્યવહારની ધંધો અને વ્યાપાર પર શું અસર થાય છે તેનો ઉલ્લેખ કર્યો જ નથી. ત્રીજા વિશ્વના દેશોએ આની સામે વાંધો ઉઠાવ્યો પણ તેમની પિપુડી વાગી જ નહિ. આનો અર્થ એ

થયો કે સરકારો બહુરાષ્ટ્રીય કંપનીઓના વ્યવહારો સામે કંઈક પગલાં ભરે તો એ મુક્ત વ્યાપાર સામેનો અવરોધ ગણાય, પણ બહુરાષ્ટ્રીય કંપનીઓ બેરોકટોક વર્તન કરે તો એમને પૂછનાર કોઈ નહિ અને એમની કોઈ જાહેર જવાબદારી પણ નહિ ! વળી, તેઓ સ્પર્ધાત્મક રીતે વર્તે છે કે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઈજારો ઊભો કરે છે તેના ઉપર પણ દેખરેખ રાખનાર કોઈ નહિ ! એટલે કે સ્પર્ધાને નામે બહુરાષ્ટ્રીય કંપનીઓનો ઈજારો ઊભો થાય.

## ભારતની સ્થિતિ શી છે ?

ભારતના વાણિજ્ય પ્રધાન પ્રણવ મુખરજીએ સત્તાવાર રીતે એવું નિવેદન કર્યું છે કે ભારત 'ટ્રિમ્સ' અંગેની ડંકલની દરખાસ્તો સ્વીકારશે કારણ કે તે ભારતની હાલની નવી આર્થિક નીતિઓના સંદર્ભમાં અનુકૂળ છે. ઉદારીકરણનાં પગલાં લેવામાં ભારતે વિદેશી રોકાણને આમંત્રવા માટે અનેક છૂટછાટો જાહેર કરી છે. વિદેશી ઈક્વીટી કોઈ પણ કંપનીમાં હવે ૫૧ ટકા કે તેથી વધુ પણ હોઈ શકે છે. પરિણામે ભારતમાં વિદેશી રોકાણ વધ્યું છે. ૧૯૯૦માં ૧.૨ અબજ રૂ.નું વિદેશી રોકાણ થયું હતું. ૧૯૯૧માં તે ૫.૩ અબજ રૂ.. જેટલું થયું જ્યારે ૧૯૯૨માં તે લગભગ આઠ ગણું વધીને ૩૮.૯ અબજ રૂ. જેટલું થયું. ૧૯૯૩ના પ્રથમ ચાર માસમાં જ ૨૯.૭ અબજ રૂ. જેટલું વિદેશી રોકાણ થયું છે. એપ્રિલ–૧૯૯૩ સુધીમાં તો ૫૧ ટકાથી વધુ વિદેશી ઈક્વીટી ધરાવતી ૧૧૪ યોજનાઓ મંજૂર કરાઈ છે અને સોએ સો ટકા વિદેશી ઈક્વીટી ધરાવતી ૪૮ કંપનીઓને મંજૂરી અપાઈ છે.

અત્યારે પરિસ્થિતિ એ છે કે ૫૧ ટકા જેટલી વિદેશી ઈક્વીટીના રોકાણને આપોઆપ જ મંજૂરી મળે છે જ્યારે તેનાથી વધુ ઈક્વીટીવાળી રોકાણ યોજના માટે વિદેશી રોકાણકારે વિદેશી

રોકાણ પ્રોત્સાહન બોર્ડની મંજૂરી લેવી પડે છે. પરંતુ ભારે ઉદારીકરણને લીધે વિદેશી રોકાણની યોજનાઓની મંજૂરીમાં ખાસ્સો ઉછાળો આવ્યો છે. ૧૯૯૦માં ૧૯૪ જેટલી વિદેશી રોકાણની દરખાસ્તો મંજૂર કરાઈ હતી જ્યારે ૧૯૯૧માં ૨૮૦ દરખાસ્તોને મંજૂરી અપાઈ હતી. ૧૯૯૨માં આ આંકડો ૬૯૨ ઉપર પહોંચ્યો હતો. ૧૯૯૩ના પ્રથમ ચાર માસમાં જ ૨૧૪ દરખાસ્તો મંજૂર કરાઈ છે.

આમ એ સ્પષ્ટ છે કે ભારત સરકારે અપનાવેલી ઉદારીકરણની નીતિને લીધે મોટા પાયે વિદેશી રોકાણ થઈ રહ્યું છે. જો 'ટ્રિમ્સ'ની બધી દરખાસ્તો મંજૂર કરવામાં આવશે તો બહુરાષ્ટ્રીય કંપનીઓને ભારતના બજારમાં મોકળું મેદાન મળી જશે. વિદેશી રોકાણ પરનાં નિયંત્રણો હાલ ધીમે ધીમે ઢીલાં કરાઈ રહ્યાં છે અને નજીકના ભવિષ્યમાં જ એ સંપૂર્ણપણે નાબૂદ કરી દેવાશે. ફલત: છેવટે વિદેશી કંપનીઓનો કાબૂ ભારતીય બજાર પર વધશે એટલે ગરીબીની નાબૂદી, વધુ રોજગારી અને સ્વાવલંબન જેવાં ધ્યેયોને આપોઆપ જ તિલાંજલિ અપાઈ જશે. દેશની ૫૫ કરોડ ગરીબ પ્રજાની જરૂરિયાતો સંતોષવા માટે રોકાણ થાય એવી કોઈ પ્રાથમિકતાની કેન્દ્ર સરકારને જ પડી નથી તો વિદેશી કંપનીને તો ક્યાંથી પડી હોય ?

*કોઈ રાષ્ટ્ર દ્વારા થતાં ખૂન અને ચોરી કોઈ વ્યક્તિ દ્વારા થતાં ખૂન અને ચોરી કરતાં વધારે હાનિકારક છે કારણ કે તે મોટા પાયે થાય છે.*

**– બર્ટ્રાન્ડ રસેલ**

# ૩
# સેવા ક્ષેત્ર કોની સેવા માટે ?

ડંકલની દરખાસ્તોમાં વિવાદનું એક કેન્દ્રસ્થાન સેવા ક્ષેત્રનું છે. સેવા ક્ષેત્ર એટલે પરિવહન, ટેલિકોમ, વીમા, બેંકિંગ વગેરે જેવી સેવાઓનું ક્ષેત્ર. આ સેવા ક્ષેત્રને 'ગેટ'ની મંત્રણાઓમાં સૌ પ્રથમ લાવનાર અમેરિકા છે. યુરોપના દેશોએ પછીથી એને ટેકો આપ્યો. વિશ્વની આર્થિક પ્રવૃત્તિ અને વ્યાપારમાં આવી સેવાઓનો ફાળો સતત વધી રહ્યો છે તેથી અમેરિકાએ સેવા ક્ષેત્રને ગેટના નિયમો અને શિસ્ત હેઠળ લાવવાની માગણી કરી. તેનો ઈરાદો તેમની સેવા ક્ષેત્રની કંપનીઓની કામગીરી દુનિયાભરમાં વિસ્તરે એ જોવાનો જ રહ્યો છે. તેથી 'ગેટ' દુનિયાના અર્થતંત્રની બદલાતી પરિસ્થિતિ સાથે તાલ મિલાવતું થાય એવી સૂફિયાણી ભાષામાં રજૂઆત કરીને આ વિકસિત દેશોએ સેવા ક્ષેત્રને 'ગેટ' હેઠળ લાવવાની માગણી સૌ પ્રથમ પુન્તા દેલ એસ્તેમાં કરી હતી.

ડંકલે રજૂ કરેલી દરખાસ્તોમાં સેવાઓના વ્યાપાર અંગે 'ગેટ'ના સભ્યો વચ્ચે વાટાઘાટો કરવા જે મુદ્દાઓ રજૂ કર્યા છે તેમાં 'સર્વાધિક પસંદ રાષ્ટ્ર' (મોસ્ટ ફેવર્ડ નેશન) ના વ્યવહારની વાત કરી છે. અને બીજી વાત પારદર્શિતાની છે. એટલે કે વિકસિત દેશોની સેવા ક્ષેત્રની જે કંપનીઓ છે તેમને ગરીબ દેશોમાં પ્રવેશ મળે અને એ કંપનીઓને ગરીબ દેશોની રાષ્ટ્રીય કંપનીઓની સમકક્ષ ગણવામાં આવે તેવી માગણી છે. વળી અહીં પારદર્શિતાનો અર્થ એ છે કે વિવિધ વ્યાપારી વ્યવહારોમાં ગરીબ દેશોના અર્થતંત્રમાં ખુલ્લાપણું આવે.

## વિકસતા દેશોને શેનો લાભ ?

પુન્તા દેલ એસ્તેની ઘોષણાનો બીજો અને છેલ્લો ભાગ 'સેવાઓના વ્યાપાર અંગે વાટાઘાટો' વિશે છે. આ ભાગના ચાર ફકરામાં એમ કહેવામાં આવ્યું છે કે 'પ્રગતિકારક ઉદારીકરણ અને પારદર્શિતાની શરતો હેઠળ' સેવા ક્ષેત્ર અંગે વાટાઘાટો થશે અને તેનો હેતુ 'વ્યાપારમાં ભાગીદાર થનાર તમામ દેશોની આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન' આપવાનો તેમ જ 'વિકસતા દેશોનો વિકાસ' સાધવાનો છે. વળી તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે સેવાઓના વ્યાપાર માટે નિયમો અને સિદ્ધાંતોનું જે માળખું ઊભું થાય તે 'રાષ્ટ્રીય કાયદાઓ અને નિયમોના નીતિવિષયક હેતુઓને માન' આપશે.

પરંતુ ડંકલે જે દરખાસ્તો રજૂ કરી છે તેમાં સેવાઓના ક્ષેત્રમાં ગરીબ દેશોએ ઉદારીકરણ સાધવું અને વિદેશી બહુરાષ્ટ્રીય કંપનીઓને માટે માર્ગ મોકળો કરવો એવી વાત જ છે. એટલે એમાં રાષ્ટ્રીય નીતિવિષયક હેતુઓ બાજુ પર જ રહી જાય. એવી પૂરી સંભાવના છે. વળી એક મહત્ત્વની બાબત એ છે કે સેવા ક્ષેત્રનો વ્યાપાર એ બે દેશો વચ્ચેનો વ્યાપાર નથી. પણ એક દેશની સેવા ક્ષેત્રની કંપની બીજા દેશમાં જઈને એની સેવા આપે એવી માંગ છે. અમેરિકાએ આ અંગે પોતાનું જે વલણ દર્શાવ્યું છે તેમાં એ ખૂબ જ સ્પષ્ટ છે કે વિદેશી સેવા કંપનીઓ રાષ્ટ્રોની ભૌગોલિક સરહદોને અતિક્રમીને તેમની સેવાનો વ્યાપાર મુકત રીતે કરી શકે એવી વ્યવસ્થા ઊભી કરવી અને એ માટેના નિયમો ગેટ મારફતે તૈયાર કરવા. અત્યારે 'ગેટ' હેઠળ માત્ર વસ્તુઓનો વ્યાપાર સંચાલિત થાય છે. ટીકાકારો એમ જણાવે છે કે 'ગેટ'નું ઓઠું લઈને અમેરિકા તેની સેવા ક્ષેત્રની બહુરાષ્ટ્રીય કંપનીઓનો વેપાર ગરીબ દેશોમાં વધે તેવી પેરવી કરી રહ્યું છે અને યુરોપના

દેશો પણ તેને સાથ આપી રહ્યા છે.

## ભારતની સ્થિતિ

ભારતને લાગેવળગે છે ત્યાં સુધી રાવ સરકાર અત્યારે જે નવી આર્થિક નીતિ અપનાવી રહી છે તેમાં ભારતના બજારને વિદેશી સેવા ક્ષેત્રીય કંપનીઓ માટે સદંતર ખુલ્લું કરવાની દરખાસ્ત છે. અત્યારે ભારતમાં વિદેશી બેંકો છે જ. પણ તે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના નિયમન હેઠળ તો ખરી જ. જો સેવા ક્ષેત્રના વ્યાપારને સંપૂર્ણપણે ઉદારીકૃત કરી નાખવામાં આવે તો આવું નિયમન ખૂબ જ ઓછું થઈ જાય અથવા લગભગ નહિવત્ થઈ જાય. ભારત સરકાર પરિવહન ક્ષેત્રે તથા વીમા ક્ષેત્રે હાલ વિદેશી કંપનીઓને નિમંત્રણ આપવાનું વિચારી જ રહી છે. પરંતુ તેમાં શરતો અને હેતુઓ ભારત સરકાર નક્કી કરે તે મુજબના હોઈ શકે છે.

જો 'ગેટ' હેઠળ સેવા ક્ષેત્રને આવરી લેવામાં આવે તો રાષ્ટ્રીય નિયમનનું આ તત્ત્વ ખૂબ જ ઓછું થઈ જાય અને વસ્તુઓના ઉત્પાદન અને વિતરણ ક્ષેત્રે જે મુકતતા છે તેવી જ મુકતતા સેવા ક્ષેત્રે પણ આવે. બીજા અર્થમાં કહીએ તો, અત્યારે વસ્તુઓના ઉત્પાદન અને વિતરણ ક્ષેત્રે ભારતમાં સંખ્યાબંધ બહુરાષ્ટ્રીય કંપનીઓ કામ કરે છે અને ભવિષ્યમાં સેવા ક્ષેત્રે પણ એ કામ કરતી થશે. એટલે દેશના અર્થતંત્ર ઉપર બહુરાષ્ટ્રીય કંપનીઓની પકડ વધશે. મહત્ત્વની બાબત એ છે કે ભારતના અર્થતંત્રમાં આ સેવા ક્ષેત્રનો ફાળો હાલ વધી રહ્યો છે. ૧૯૮૦–૮૧ના ભાવોએ દેશનું ઘરઆંગણાનું કુલ વાસ્તવિક ઉત્પાદન સેવા ક્ષેત્રે ૧૯૯૧–૯૨માં આઠ ટકાના વાર્ષિક દરે વધ્યું હતું. આ વધારો બીજાં તમામ ક્ષેત્રો કરતાં બમણો અથવા ત્રણ ગણો છે. એટલે બહુરાષ્ટ્રીય કંપનીઓની નજર ભારતના આ ક્ષેત્ર ઉપર હોય એ ખૂબ જ સ્વાભાવિક છે.

## રીતસરની છેતરપિંડી

ડંકલે જે દરખાસ્તો રજૂ કરી છે તેમાં સેવાઓના વ્યાપાર અંગે કોઈ વ્યાખ્યા પણ આપવામાં આવી નથી. વિકસિત દેશોની દલીલ એવી છે કે જ્યારે વસ્તુઓના વ્યાપાર અંગે સમજૂતી સધાઈ ત્યારે વસ્તુઓના વ્યાપાર અંગે કોઈ વ્યાખ્યા નક્કી કરાઈ જ નહોતી. એટલે સેવાઓના વ્યાપાર અંગે પણ કશી વ્યાખ્યા બાંધવાની જરૂર નથી. પરંતુ નોંધનીય બાબત એ છે કે વસ્તુઓ અને 'વ્યાપાર' એ બંને વિશેનાં કેટલાંક ધોરણો સદીઓની વ્યાપારી પ્રણાલીઓને કારણે ઊભાં થયાં જ હતાં. તેમ જ અનેક દેશો વચ્ચે વસ્તુઓના વ્યાપાર અંગે સંખ્યાબંધ દ્વિપક્ષી સમજૂતીઓ થઈ જ હતી.

પરંતુ સેવાઓનો વ્યાપાર એ તો આ સદીની અથવા ખાસ કરીને બીજા વિશ્વ યુદ્ધ પછીના વૈશ્વિક અર્થતંત્રની ઘટના છે. એટલે એને અંગે વ્યાખ્યા બંધાય એ જરૂરી છે. આ વ્યાખ્યા બંધાય તો જ ત્રીજા વિશ્વના દેશો વાટાઘાટો માટે નિશ્ચિત મુદ્દાઓ રજૂ કરી શકે. ઉરુગ્વે દોરનો અર્થ ગરીબ દેશો માટે માત્ર ઉદારીકરણ જ હોય તો ઉદારીકરણ ઘણી ગંભીર સમસ્યાઓ ઘણી વાર ઊભી કરે છે એ બાબત ધ્યાનમાં લેવાઈ જ નથી એમ કહેવું પડે.

## કેટલાક ખતરા

સેવા ક્ષેત્ર એ અર્થકારણનું એવું ક્ષેત્ર છે કે જેમાં વસ્તુઓ ઉપર જેમ કસ્ટમ જકાત લાગે છે એમ કસ્ટમ જકાત લાગતી નથી. વળી ભાવ ઉપર પણ ઝાઝાં નિયંત્રણો રાખી શકાતાં નથી. એટલે વિદેશી કંપનીઓ સેવા ક્ષેત્રે કામ કરતી થાય તો સ્વદેશી ક્ષેત્રના રક્ષણ માટે દેશની સરકાર ઝાઝાં પગલાં ભરી શકતી નથી. આનો અર્થ એ થયો કે વિદેશી સેવા ક્ષેત્રને તેની કામગીરી કરવાનો અધિકાર મળી જાય પછી કોઈ પણ સ્વદેશી સેવા ઉદ્યોગના

રક્ષણ માટે કોઈ સ્વદેશી પગલાં લેવાનું લગભગ અશક્ય બની જાય છે.

આમ, રાષ્ટ્રની આર્થિક સ્વાધીનતા ઉપર જ કાપ મુકાય છે. વસ્તુઓ, મૂડી, વ્યક્તિઓ અને માહિતીની હેરફેર આ સેવા ક્ષેત્રના પગપેસારાને બહાને એકદમ નિરંકુશ બની જાય છે અને ગરીબ દેશો માટે નિયંત્રણ રાખવાનું શક્ય બની શકતું નથી.

યુરોપીય સમુદાયે તો ખૂબ જ નિખાલસપણે એમ કહ્યું છે કે સેવા ક્ષેત્રમાં વ્યાપારમાં મુક્તતા આવે તો નજીકના ભવિષ્યમાં ત્રીજા વિશ્વના દેશોને કે એમની કંપનીઓને કોઈ ઝાઝો લાભ થવાનો જ નથી. એનું કારણ એ છે કે ભારત સહિતના અનેક ગરીબ દેશોમાં સેવા ક્ષેત્રનો જે કંઈ વિકાસ થયો છે તે બધો જ આ દેશની બહુ જ થોડી પ્રજાને મળે છે અને એમનું સેવા ક્ષેત્ર હજુ એટલું કાર્યક્ષમ નથી કે તે વિકસિત દેશોમાં એમની જ કંપનીઓ સામે સ્પર્ધામાં ઊતરી શકે.

બ્રાઝિલે સેવા ક્ષેત્રને વાટાઘાટો માટેનો વિષય બનાવવા પર ભાર મૂકીને એમ જણાવ્યું છે કે એકપક્ષી રીતે ઉદારીકરણ અપનાવવાથી ત્રીજા વિશ્વના દેશોને લાભ થશે એવી કલ્પનામાં રાચવાની કોઈ જરૂર નથી. ભારતે પણ આની ટીકા કરતાં એમ કહ્યું છે કે સેવા ક્ષેત્રે રાષ્ટ્રીય નિયમનોની ખુલ્લી તપાસ થવી જોઈએ પણ હાલ જે દરખાસ્તો ડંકલે રજૂ કરી છે તેમાં આવી કોઈ વાત છે જ નહિ. આર્જેન્ટિનાએ તો ખૂબ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે જે તે દેશના રાષ્ટ્રીય નીતિવિષયક હેતુઓ અંગે કોઈ વાંધા ઉઠાવવા જોઈએ જ નહિ.

સેવા ક્ષેત્રનો વિકાસ ઉત્તર ગોળાર્ધના વિકસિત દેશોમાં ખૂબ થયો છે. પરંતુ દક્ષિણ ગોળાર્ધના ગરીબ દેશોમાં એ હજુ પણ પા પા પગલી માંડી રહ્યું છે. ઉત્તરમાં એ હવે ઘરેલુ બાબત નથી પણ

બજારનો એક ભાગ બની ગયું છે, અને ત્યાં કુલ ઉત્પાદનમાં સેવા ક્ષેત્રનો ફાળો વસ્તુ ક્ષેત્ર કરતાં પણ વધ્યો છે. દુનિયાભરમાં અત્યારે જે વેપાર થાય છે તેનો ત્રીજા ભાગનો વ્યાપાર સેવા ક્ષેત્રમાં થાય છે. પણ દક્ષિણના દેશોમાં આવું બન્યું જ નથી. એવે વખતે સેવા ક્ષેત્રનો વ્યાપાર તદ્દન મુકત કરી દેવાની ડંકલ દરખાસ્તો તદ્દન અસમાન દેશો વચ્ચે સ્પર્ધાને નોંતરશે અને એવી સ્પર્ધા કોનું નિકંદન કાઢશે એ સ્પષ્ટ છે.

જે વિદેશી સેવા કંપનીને જે તે દેશમાં રાષ્ટ્રીય કંપનીની સમકક્ષ ન ગણવામાં આવે તો એ દેશ મુકત વ્યાપાર સામે અવરોધ ઊભો કરે છે એમ ગણીને અસર પામતો દેશ એ દેશ સામે વળતાં વ્યાપારી પગલાં લઈ શકે એવી માગણી પણ છે. વળી, આ બદલો માત્ર અમુક જ ક્ષેત્રમાં નહિ પણ વ્યાપારના ગમે તે ક્ષેત્રમાં લઈ શકાય એવી માગણી પણ છે. આનો અર્થ એ થયો કે ગરીબ દેશોએ વિકસિત દેશોની બહુરાષ્ટ્રીય કંપનીઓને કામ કરવાનો ટૂંકા કે લાંબા ગાળાનો અધિકાર આપવો અને પછી એમને મન ફાવે તે રીતે કામ કરવા દેવું. આ હકીકત એમ દર્શાવે છે કે કોઈ એક સેવા ક્ષેત્રે ગરીબ દેશ બહુરાષ્ટ્રીય કંપની સામે વાંધો ઉઠાવે તો તેના નિકાસ અને આયાતના સમગ્ર વ્યાપાર સામે ખતરો ઊભો થઈ શકે છે.

*સરકાર આજે ઉદ્યોગધંધા ક્ષેત્રના એજન્ટ જેવી બની ગઈ છે. આ સરકાર એકસ્ઑન્સની છે, જનરલ મોટર્સ દ્વારા અને દુ પોં માટે ચાલે છે.*

**– રાલ્ફ નાડર**

# ૪
# કાપડ અને વસ્ત્ર : વિકસિત દેશોની નામરજી

**કા**પડ અને વસ્ત્રો કે પોશાકની બાબતમાં ડંકલની દરખાસ્તો ખૂબ જ આશ્ચર્યજનક રીતે વિચિત્ર છે અને ખાસ કરીને ત્રીજા વિશ્વના દેશો માટે એ વિશેષ લાભકારક છે કારણ કે આ ક્ષેત્રમાં વૈશ્વિક વ્યાપારમાં તેઓ સારું એવું પ્રભુત્વ ધરાવે છે. પરંતુ આ ક્ષેત્રે હંમેશાં આંતરરાષ્ટ્રીય સ્પર્ધાનો અભાવ રહ્યો છે. ઉદારીકરણ અને મુકત વ્યાપારના હિમાયતી પશ્ચિમના દેશો હંમેશાં આ ક્ષેત્રે પોતાના ઉદ્યોગોને રક્ષણ આપવાની નીતિ જ અપનાવતા રહ્યા છે. ૧૯૬૦ ના અને ૧૯૭૦ ના દાયકા દરમ્યાન આ વિકસિત દેશોને જણાયું કે તેઓ કાપડ અને વસ્ત્ર ક્ષેત્રે ત્રીજા વિશ્વના દેશો સાથે સ્પર્ધામાં ઊતરી શકે તેમ નથી ત્યારે તેમણે એ ગરીબ દેશોને તેમની નિકાસ ઉપર નિયંત્રણો લાદવા સમજાવી લીધા હતા. આ નિયંત્રણો એટલે કવોટા નિયંત્રણો.

### એમ.એફ.એ.

કવોટાનાં આ નિયંત્રણો મલ્ટીફાઈબર એગ્રીમેન્ટ (એમએફએ – બહુરેસા સમજૂતી) દ્વારા લાદવામાં આવે છે. તેનું મૂળ નામ 'કાપડ વ્યાપારની આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા' ( ઈન્ટરનેશનલ એરેન્જમેન્ટ ઓન ટ્રેડ ઈન ટેકસ્ટાઈલ્સ – આઈએટીટી) છે. સમજૂતી ૧૯૭૨માં થઈ હતી અને એમાં અત્યારે ચાળીસેક દેશો સામેલ છે. એમએફએ મુજબ અત્યારે કાપડ–વસ્ત્રની નિકાસ અંગે જે વ્યવસ્થા છે તે આ મુજબ છે : (૧) આયાતકાર દેશ પોતાને

ત્યાંની આયાતકાર પેઢીઓને આયાત માટેનો જથ્થો ફાળવે છે. (૨) નિકાસકાર દેશ એ જ રીતે નિકાસકાર પેઢીઓને નિકાસનો જથ્થો ફાળવે છે.

ડંકલની દરખાસ્ત એવી છે કે આ એમએફએ રદ કરી દેવી અને દુનિયામાં કાપડ અને વસ્ત્ર ક્ષેત્રે થતો તમામ વ્યાપાર 'ગેટ'માં સામેલ થઈ જાય અને 'ગેટ'ના નિયમો અને સિદ્ધાંતો અનુસાર વ્યાપાર થાય. આમાં ૧૦ વર્ષનો સમય નકકી કરવામાં આવ્યો છે. ઈ. સ. ૧૯૯૩થી ઈ. સ. ૨૦૦૨ સુધીમાં તબક્કાવાર એમએફએ રદ કરવાની દરખાસ્ત છે. પહેલા તબક્કામાં ૧૬ ટકા આયાત 'ગેટ'ના નિયમોને અધીન બનાવવામાં આવશે. બીજા તબક્કામાં ૧૭ ટકા અને ત્રીજા તબક્કામાં ૧૭ ટકા આયાત 'ગેટ'ના નિયમોને અધીન બનશે. આમ ૧–૧–૨૦૦૦ સુધીમાં કુલ ૫૧ ટકા આયાત 'ગેટ' અંતર્ગત લાવી દેવાનો ઈરાદો છે. બાકીની ૪૯ ટકા આયાત ૨૦૦૩ સુધીમાં 'ગેટ'ને અધીન કરાશે.

'ગેટ' હેઠળ વિકસતા દેશોની નિકાસ વિકસિત દેશોમાં મુકતપણે થાય તે માટે વિકસતા દેશોએ એમએફએની વ્યવસ્થા લગભગ સ્વૈચ્છિકપણે સ્વીકારી હતી. પણ તે પછી તે લગભગ કાયમી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે કારણ કે લગભગ તે થયાને અઢી દાયકા જેટલો સમય વીતી ગયો છે. એ વખતે વિકસિત દેશોએ એવું બહાનું બતાવ્યું હતું કે તેમનું બિનસ્પર્ધાત્મક ક્ષેત્ર હટાવવા માટેની ગોઠવણ કરવા તેમને થોડો સમય જોઈશે. આ 'થોડો સમય' હજુ વીત્યો નથી.

'ગેટ'માં એમએફએ સામેલ થઈ જવાથી, એક રીતે જોઈએ તો, જે થોડોઘણો ફાયદો પણ ગરીબ દેશોને તેમની કાપડ અને વસ્ત્રની નિકાસમાં થાય છે તે ફાયદો મળવાનો પણ બંધ થાય એવી જોગવાઈ થવાની શકયતા છે. એનું એક મહત્ત્વનું કારણ એ

છે કે આયાતકાર વિકસિત દેશો અમુક જ આયાતકારને, અમુક જ દેશમાંથી અમુક જ પ્રમાણમાં આયાત કરવા માટે મંજૂરી આપતી પદ્ધતિ ચાલુ રાખે અને નિકાસકાર ગરીબ દેશમાં નિકાસકારોની વચ્ચે સ્પર્ધા થાય એવી પરિસ્થિતિનું નિર્માણ થવાની પૂરી સંભાવના છે. આમ, મુકત બજારની દુહાઈ દેતા દેશો સ્પર્ધાની નિકાસ કરવામાં રચ્યાપચ્યા છે અને 'ગેટ' તથા આર્થર ડંકલ એમને ટેકો આપવા માટે તૈયાર નથી. એમએફએનું મહત્ત્વ એટલા માટે છે કે તેમાં સહી કરનારા દેશો વચ્ચેનો કાપડ અને પોશાકનો વેપાર દુનિયાના આ ક્ષેત્રના કુલ વ્યાપારના ૯૦ ટકા જેટલો છે. અગત્યની બાબત એ છે કે કાપડ અને વસ્ત્ર ક્ષેત્રે દુનિયાભરમાં થતા વ્યાપાર ઉપર 'ગેટ'નું કોઈ નિયંત્રણ નથી. અને હવે તેને 'ગેટ' હેઠળ લાવવાની દરખાસ્ત છે.

## વિકસિત દેશોનો વિરોધ

આમ જુઓ તો, વાસ્તવમાં એમએફએ રદ થાય એ ત્રીજા વિશ્વના દેશો માટે ફાયદાકારક છે પણ શરત એ છે કે નિકાસ માટેના ક્વોટા ફાળવવાનું દૂર થાય એમ આયાત માટેના ક્વોટા ફાળવવાનું પણ વિકસિત દેશોએ દૂર કરવું પડે. આનાથી પરિણામ એ આવે કે કાપડ અને પોશાક ક્ષેત્રે વિકસિત દેશોની પેઢીઓ ગરીબ દેશોની પેઢીઓ સાથે સ્પર્ધામાં ઊતરે અને તેઓ તેમના પોતાના બજારમાં ટકી શકે નહિ એવો તેમને વિશ્વાસ છે. એટલે અમેરિકા અને યુરોપીય સમુદાય આ એમએફએ રદ કરવાનો વિરોધ કરે છે.

એમએફએ રદ કરવા માટે સૌથી વધુ ઝુંબેશ ચલાવનારા ત્રીજા વિશ્વના દેશોમાં પાકિસ્તાન અને કોલંબિયા મોખરે છે. પણ અમેરિકા અને યુરોપીય સમુદાયના દેશો આ માટે મચક આપતા જ નથી. ૧૯૮૭ અને ૧૯૮૮ દરમ્યાન આ દેશોએ મગનું નામ

Acc. No. 130373
Date

મરી પાડયું નહોતું અને મે-૧૯૮૮માં તો અમેરિકાએ એમ સ્પષ્ટ-પણે જાહેર કરી દીધું હતું કે એમએફએ રદ કરવા માટે તે કોઈ વાટાઘાટ કરશે જ નહિ. તેણે તો એમ પણ કહ્યું કે ૧૯૮૮માં ઘડાયેલા તેના 'ઓમ્નિબસ ટ્રેડ એન્ડ કોમ્પિટિટિવનેસ એકટ' હેઠળ તેને આ અંગે વાટાઘાટો કરવાની સત્તા મળતી જ નથી. આનો અર્થ એ થયો કે અમેરિકાના ધિષ્ટિકારો જો કોઈ સંધિ એમએફએનો અંત લાવવા માટે કરે તો અમેરિકન સરકારે એ માટે સંસદની મંજૂરી લેવી પડે, કારણ કે તે ઉરુગ્વે દોરની મંત્રણાથી અલગ પ્રકારની મંત્રણા ગણાય અને સંધિ ગણાય. અને એ વખતે સંસદ એમાં ધારે તેટલા સુધારા કરી શકે, અને પછીથી ત્રીજા વિશ્વના દેશો પાસેથી રાહતો માગી શકાય. વાસ્તવમાં, ઉરુગ્વેની પરિષદ અગાઉ જ એમએફએ લંબાવતી જે સમજૂતી થઈ તેમાં તો વસ્ત્ર અને કાપડના વ્યાપાર ઉપર વધારે નિયંત્રણો આવ્યાં છે અને 'ગેટ'ના મુકત વ્યાપારના ખ્યાલ સાથે એ બંધબેસતાં છે જ નહિ.

યુરોપીય સમુદાયે ૧૯૮૮થી કંઈક અંશે એમએફએ રદ કરવા તૈયારી બતાવી છે. પરંતુ તે બૌદ્ધિક મિલકતો સામે 'ગેટ'માં રક્ષણ માગે છે. આમ તેણે સોદો કરવાનું તાકયું છે. માત્ર સ્વિડને એમ કહ્યું છે કે તે એમએફએ રદ કરવાની તરફેણમાં છે અને એમએફએની ચોથી સમજૂતીનો અંત આવશે પછી તે કાપડ અને પોશાક ક્ષેત્રે વ્યાપાર માટે પ્રતિબંધાત્મક વ્યવસ્થાઓ નહિ કરે.

## ડંકલે રંગ બદલ્યો

અત્યંત આશ્ચર્યની અને આઘાતજનક બાબત એ છે કે સપ્ટેમ્બર-૧૯૮૮માં જિનિવાની એક બેઠકમાં આર્થર ડંકલે આ અંગે તદ્દન ફેરવી તોળ્યું અને કહ્યું કે, "એમએફએને લીધે ઉત્તરના દેશોના ઉદ્યોગો બદલાતી સ્પર્ધાની પરિસ્થિતિમાં ગોઠવણ કરતા થયા છે અને આંતરરાષ્ટ્રીય વ્યાપારને વ્યવસ્થિત રીતે તેણે

વિસ્તાર્યો છે અને સંરક્ષણના એકપક્ષીય પગલાંને મર્યાદિત કર્યા છે.... તેમ જ... નવા આગંતુકોને પ્રવેશની પરવાનગી આપી છે... તે આંતરરાષ્ટ્રીય વ્યાપાર ક્ષેત્રે એક અંતર્ગત ભાગ છે અને વર્ષોથી વિકસાવાયેલી આ પદ્ધતિ અચાનક જ કે યોગ્ય તૈયારી વિના વિખેરી ના શકાય." પછી ડંકલે એવી સલાહ આપી કે વિષ્ટિકારોએ એવી "ઉચિત કાર્યપદ્ધતિ" શોધી કાઢવી જોઈએ કે જે "યોગ્ય" હોય અને "રાજકીય રીતે સ્વીકાર્ય" હોય.

આમ, ડંકલે વિકસિત દેશોના દબાણ હેઠળ કે એ દબાણને પિછાણીને ત્રીજા વિશ્વના કાપડ અને વસ્ત્ર ક્ષેત્રના નિકાસકાર દેશોને પોતાની જ 'એમએફએ' ને 'ગેટ' માં ભેળવી દેવાની દરખાસ્તને જડપણે વળગી ન રહેવા માટે સૂફિયાણી સલાહ આપી. ડંકલ રીતસર વિકસિત દેશોના પક્ષમાં જઈને બેઠા એમ આ પરથી દેખાય છે.

## ત્રીજા વિશ્વની મજબૂરી

એમએફએની ચોથી સમજૂતી જુલાઈ – ૧૯૯૧ માં પૂરી થઈ છે. ત્રીજા વિશ્વના દેશોએ તો એવી સ્પષ્ટ માગણી કરી છે કે હવે એમએફએ હેઠળ વધુ નિયંત્રણો આવવાં જોઈએ, અને તબકકાવાર એમએફએ રદ થવી જ જોઈએ. પરંતુ ડંકલે કીધું છે એમ ત્રીજા વિશ્વ માટે એ રાજકીય રીતે સ્વીકાર્ય બનતું નથી. તેઓ કાપડ અને વસ્ત્ર ક્ષેત્રે પ્રવર્તતા અસમાન વ્યાપારી સંબંધો અંગે સભાન છે. એટલું જ નહિ એમાં કેવા પ્રકારનો ભેદભાવ છે તેની પણ તેમને ખબર છે. પરંતુ અમેરિકા કાપડ અને વસ્ત્ર ક્ષેત્રે અત્યારે સૌથી મોટું બજાર છે, અને સંબંધ બગાડીને ત્રીજા વિશ્વના કોઈ દેશને આ બજાર ગુમાવવું પોસાય તેમ નથી. એટલે તેઓ 'ગેટ' ના કડક નિયમો અને શિસ્ત ઈચ્છે છે છતાં અમેરિકા સાથે સંબંધો બગાડવા તૈયાર નથી.

ભારતની કાપડ અને વસ્ત્રની નિકાસ ૧૯૮૫-૮૬માં ૧૭૯૫ કરોડ રૂ.ની હતી અને તે ૧૯૯૧-૯૨ માં ૧૦૧૦૬ કરોડ રૂ.ની થઈ હતી. ૧૯૯૨-૯૩ માં એ રૂ. ૧૯૦૮૩ કરોડે પહોંચી હતી. તે આઠમી પંચવર્ષીય યોજનાને અંતે રૂ.૨૫૦૦૦ કરોડ પર પહોંચવાનો અંદાજ છે. ભારતના કુલ રાષ્ટ્રીય ઉત્પાદનમાં ખેતી પછી સૌથી વધુ ફાળો આ ક્ષેત્રનો છે. આમ, નિકાસ અને ઉત્પાદન બંને દૃષ્ટિએ ભારત માટે કાપડ અને વસ્ત્રનું ક્ષેત્ર ખૂબ જ મહત્ત્વનું છે. એમએફએ રદ થાય અને આ ક્ષેત્રને 'ગેટ'ના મુકત વ્યાપારના નિયમો લાગુ પડે તો સરવાળે લાંબે ગાળે ભારતને ફાયદો જ છે પણ ભારતે એ માટે આંતરરાષ્ટ્રીય વ્યાપાર ક્ષેત્રે દબાણો સામે ઝૂકયા વિના લડવું પડે. હોંગકોંગ, દક્ષિણ કોરિયા અને તાઈવાન જેવા દેશોએ પણ મોટી બાથ ભીડવી પડે. પણ આ ક્ષેત્રે અર્થકારણ કરતાં રાજકારણ વધારે કામ કરે છે અને ઘણા લાંબા સમય સુધી ડંકલનો ડંકો તેમાં વાગવાનો નથી એમ લાગે છે.

*આપણા યુગની એક સૌથી કમનસીબ ભૂલ એવી માન્યતા છે કે ઉત્પાદનની સમસ્યા ઊકલી ગઈ છે.*

**– ઈ. એફ. શુમાખર**

# ૫

# ખેતી : સૌનું જુદું જુદું ખેડાણ

ડંકલની દરખાસ્તો અંગે સૌથી મોટો વિવાદ ખેતી અંગેની તેની ભલામણો વિશે થયો છે. આ વિવાદે માત્ર ભારતમાં જ જોર પકડયું છે એવું નથી પણ જાપાન, અમેરિકા અને પશ્ચિમ યુરોપ પણ આ બાબતે બાખડયા છે. જોકે આ ત્રણ વચ્ચેનો વિવાદ એ તો હાથીઓ વચ્ચેની લડાઈ છે, અને એનાથી ત્રીજા વિશ્વના દેશોને માટે કશું હરખાવા જેવું છે જ નહિ.

## ખેતીનો ગેટમાં પ્રવેશ

ઉરુગ્વેની ઘોષણામાં ખેતી વિશે કુલ છ ફકરા લખવામાં આવ્યા છે. એમાં એમ જણાવવામાં આવ્યું છે કે "પ્રતિબંધો અને વિકૃતિઓ રોકીને તથા સુધારીને વૈશ્વિક કૃષિ વ્યાપારમાં વધુ શિસ્ત અને પૂર્વસૂચનીયતા લાવવાની તાતી જરૂર" છે. "વિશ્વનાં કૃષિ બજારોમાં અસ્થિરતા, અનિશ્ચિતતા અને અસમતુલા ઘટાડવા માટે" ખેતીના વધુ ઉત્પાદન સંબંધી વિકૃતિઓ દૂર કરવાની જરૂર છે એમ પણ એમાં કહેવાયું છે. આ માટે ત્રણ પગલાં સુચવાયાં છે : (૧) આયાત સામેના અવરોધો ઘટાડવા (૨) ખેતીના વ્યાપાર સાથે સંકળાયેલી સીધી કે આડકતરી સબસીડીઓ અને એવાં બીજાં પગલાંના ઉપયોગમાં શિસ્ત લાવવી કે જેથી સ્પર્ધાત્મક વાતાવરણ ઊભું થાય. અને આ બધાં પગલાંની નકારાત્મક અસરો તબકકાવાર દૂર કરવી. (૩) ખેતીના વ્યાપાર ઉપર જે આરોગ્યલક્ષી નિયમનોની અને અવરોધોની વિપરીત અસર થતી હોય તે લઘુતમ કરવી.

આ ઘોષણા થકી ખેતી વિધિસર 'ગેટ'ના માળખામાં પ્રવેશે છે. અત્યાર સુધી 'ગેટ' ના નિયમો ખેતીને લાગુ પડતા નહોતા અથવા બહુ જ ઓછા લાગુ પડતા હતા. જથ્થાત્મક નિયંત્રણો અથવા નિકાસ માટેની સબસિડી અંગેની 'ગેટ'ની કેટલીક કલમો એવી રીતે ઘડાઈ છે કે તે ખેતપેદાશોને લાગુ પડતી જ નથી.

પરંતુ આવા આછા નિયમો પણ અમેરિકાને મંજૂર નહોતા એટલે ૧૯૫૫ માં એણે 'ખેત ગોઠવણ ધારો' ઘડીને એના સંદર્ભમાં ગેટના નિયમોમાંથી મુકિત મેળવી લીધી હતી. એ જ રીતે જાપાન અને સ્વિત્ઝર્લેન્ડે પણ ગેટમાં જોડાતાં પહેલાં જ કૃષિ વિષયક નીતિઓ માટે નિયમોમાંથી મુકિત મેળવી લીધી હતી. યુરોપીય સમુદાયે તેની રચના માટેની રોમ સંધિમાં જે કૃષિ નીતિ ઘડી તેને ગેટ દ્વારા કદી મંજૂરી અપાઈ જ નથી. પરંતુ યુરોપીય આર્થિક સમુદાય (ઇઇસી) એ રીતે જ કામ કરતો રહ્યો કે તે સંધિ ગેટમાં નામંજૂર પણ નથી થઈ એટલે એ કાનૂની છે. આમ મહદંશે ખેતીનો આંતરરાષ્ટ્રીય વ્યાપાર અત્યાર સુધી ગેટના કાર્યક્ષેત્ર બહાર જ રહ્યો છે. ઉરુગ્વે રાઉન્ડ પહેલાના બે દોરની મંત્રણાઓમાં ખેતીનો મુદ્દો ઉપસ્થિત થયો હતો ખરો પણ ખેતીના વ્યાપારને જુદી જ રીતે હાથ ધરવામાં આવ્યો અને તે પણ એવી સમજ સાથે કે ગેટના નિયમો ખેતીને લાગુ નહિ પડે.

## ત્રીજું વિશ્વ અને ખેતી

પરંતુ ખેતીનું આંતરરાષ્ટ્રીય અર્થકારણ ધીમે ધીમે બદલાતું ગયું. અત્યંત સુરક્ષિત બજાર વ્યવસ્થા ધરાવતા ઔદ્યોગિક દેશોમાં ખેતપેદાશોનો જથ્થો વધતો ગયો તો બીજી તરફ ત્રીજા વિશ્વના દેશોમાં ભૂખમરાની અને અપોષણની સ્થિતિ વણસતી ગઈ. વિદેશી હૂંડિયામણના અભાવે તેઓ આયાત કરવાની પણ સ્થિતિમાં ન રહ્યા. આમ છતાં ગરીબ દેશો ખેતપેદાશોના ઉત્પાદન અને નિકાસ

ઉપર ભારે અવલંબન ધરાવે છે. ૧૯૮૯ માં ઓઈસીડીના સભ્ય એવા વિકસિત દેશોના ઘરઆંગણાના કુલ ઉત્પાદન (જીડીપી) માં ખેતીનો ફાળો માત્ર ૩ ટકા હતો. જયારે સાત ટકા લોકો જ ખેતીમાં કામ કરતા હતા. ત્રીજા વિશ્વના દેશોમાં ઘરઆંગણાના કુલ ઉત્પાદનમાં ખેતીનો ફાળો ૧૯ ટકા જેટલો હતો જયારે ૬૦ ટકા લોકો ખેતી પર નભતા હતા. મોટા ભાગના ગરીબ દેશો તેમની કુલ નિકાસમાં ખેતપેદાશોનો ફાળો ૫૦ થી ૧૦૦ ટકાનો ધરાવે છે. પણ તેમની ચોખ્ખી નિકાસ ખૂબ ઓછી છે. ખેતપેદાશોમાં પણ મોટા નિકાસકાર ઔદ્યોગિક દેશો છે અને ગરીબ દેશોની ખાદ્ય પેદાશોની આયાત ૪૦ ટકા જેટલી છે.

ત્રીજા વિશ્વ માટે ખેતીનું આ મહત્ત્વ જોતાં મુકત વ્યાપાર કે ઉદારીકરણ દ્વારા લાંબે ગાળે થનારા લાભો અંગે જે દાવાઓ કરવામાં આવે છે તેમાં કેટલું તથ્ય છે તે તપાસવું પડે તેમ છે. પરંતુ એક વાત સ્પષ્ટ છે કે ઉદારીકરણને પરિણામે વિશ્વના બજારમાં અનાજના ભાવ ઊંચા જશે અને તેને કારણે ત્રીજા વિશ્વના દેશોને તેમની આયાત માટે ઊંચા ભાવ ચૂકવવા પડશે. બીજી તરફ ત્રીજા વિશ્વના દેશો જે ખેતપેદાશોની નિકાસ કરે છે તે મહદંશે રોકડિયા પાકો છે. જેમાં ખાંડ સિવાયની ચીજોના ભાવ આંતરરાષ્ટ્રીય બજારમાં ઊંચા જવાની શકયતા નથી. એનો અર્થ એ થયો કે તેઓ જે ચીજોની નિકાસ કરશે તેના ઓછા ભાવ મળશે અને તેઓ જેની આયાત કરશે તેના ઊંચા ભાવ ચૂકવવા પડશે.

કોમનવેલ્થ (રાષ્ટ્રકુળ) ના સચિવાલયે થોડા વખત અગાઉ જે અભ્યાસ કર્યો હતો તેના તારણરૂપે તેમાં કહેવામાં આવ્યું હતું કે ઔદ્યોગિક દેશો અત્યારે જે ખેતપેદાશોની નિકાસ સબસિડી હેઠળ કરે છે તેમાં મુકત બજાર થવાથી ત્રીજા વિશ્વના દેશોને લાભ થશે ખરો, પરંતુ તેમ છતાં ખેતીમાં ઉદારીકરણને લીધે મોટા ભાગના

ગરીબ દેશોની ચુકવણીની તુલાની સ્થિતિ બગડશે.

## દરખાસ્તો

ડંકલે ખેતીના ક્ષેત્ર માટે જે દરખાસ્તો રજૂ કરી છે તેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે :

(૧) કેટલાક અપવાદો સિવાય ખેડૂતોને આપવામાં આવતી તમામ સબસિડી ૧૯૯૩ થી ૧૯૯૯ સુધીમાં હાલના સ્તરેથી ૨૦ ટકા જેટલી કરી નાખવી.

(૨) નિકાસ માટે જે સબસિડી આપવામાં આવે તે ૧૯૯૩ થી ૧૯૯૯ સુધીમાં બજેટના ૩૬ ટકા અને હાલ જે સ્તરે સબસિડી છે તેના ૨૪ ટકા સુધી કરી નાખવી.

(૩) ખેતપેદાશો ઉપર લાગતી કસ્ટમ જકાતમાં ૧૯૯૩ થી ૧૯૯૯ ના ગાળા દરમ્યાન ૩૬ ટકાનો ઘટાડો કરવો અને દરેક વસ્તુ પર ઓછામાં ઓછો ૧૫ ટકાનો ઘટાડો કરવો. આ ઉપરાંત ખેતપેદાશો ઉપરની કરવ્યવસ્થાઓમાં વ્યાપક ફેરફારો લાવવા કે જેથી મુકત વ્યાપાર શકય બને. દરેક દેશે તેના ઉત્પાદનના ૩.૩ ટકા જેટલા અનાજની આયાત કરવી.

વિકાસશીલ દેશો માટે ડંકલે જે મુખ્ય દરખાસ્તો રજૂ કરી છે તે નીચે મુજબ છે :

(૧) જુદી જુદી ખેતપેદાશો પર જે ટેકાના ભાવ આપવામાં આવે છે તે ૧૦ ટકા જેટલા જ કરી નાખવા.

(૨) નાના ખેડૂતોને રોકાણ માટે આપવામાં આવતી સબસિડીમાં ઉપર મુજબ આવેલો કાપ લાગુ પડશે નહિ.

(૩) ચુકવણીની તુલાના સંદર્ભમાં વિકસતા દેશોને કસ્ટમ જકાતના સંદર્ભમાં જે ફેરફારો કરાશે તે લાગુ પાડવામાં આવશે નહિ અને તેમને આપમેળે કસ્ટમ જકાત નકકી કરવાની સવલત રહેશે.

## જુદા જુદા દેશોનો જુદો જુદો મત

ખેતીનો મુદ્દો સમગ્ર ઉરુગ્વે દોરની મંત્રણામાં સૌથી વિવાદાસ્પદ રહ્યો છે. જો એમાં વિવાદ ન હોત તો કદાચ ઉરુગ્વે દોરની મંત્રણાઓ ૧૯૯૦ ના અંત સુધીના નિર્ધારિત સમય મુજબ પૂરી થઈ ગઈ હોત. ખાસ કરીને આ અંગે યુરોપીય સમુદાય, અમેરિકા અને જાપાન વચ્ચે તીવ્ર મતભેદો પ્રવર્તે છે.

અમેરિકા બજારલક્ષી અભિગમ અપનાવવા માગે છે અને ઈ.સ. ૨૦૦૦ સુધીમાં કૃષિવ્યાપારને અસર કરતી તમામ સબસિડીઓ દૂર થાય તેમ ઈચ્છે છે. તે એમ પણ ઈચ્છે છે કે ખેતપેદાશોની નિકાસ માટે અપાતી સબસિડી સ્થગિત કરી દેવામાં આવે અને ધીમે ધીમે ઈ.સ. ૨૦૦૦ સુધીમાં એ પણ રદ કરી દેવામાં આવે.

યુરોપીય સમુદાય એમ ઈચ્છે છે કે ખેતપેદાશોના આંતરરાષ્ટ્રીય બજારમાં માંગ અને પુરવઠા વચ્ચે સંતુલન જળવાવું જોઈએ. તે સબસિડીઓ સંપૂર્ણપણે કાઢી નાખવાનો મત ધરાવતો નથી, પરંતુ સબસિડીનું પ્રમાણ ઘટાડવા તે તૈયાર છે. તાકીદતાની પરિસ્થિતિમાં કોઈ પણ પગલાં ભરવા માટે દેશો સ્વતંત્ર હોવા જોઈએ એવી તેની માગણી છે.

કેઈર્ન્સ ગ્રુપના ૧૩ દેશો (ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, આર્જેન્ટિના, કેનેડા, ચિલી, કોલમ્બિયા, હંગેરી, ઈન્ડોશિયા, મલેશિયા, ન્યૂ ઝીલેન્ડ, ફિલિપાઈન્સ, થાઈલેન્ડ અને ઉરુગ્વે) એમ ઈચ્છે છે કે ખેતીના વ્યાપારમાં સંપૂર્ણ ઉદારીકરણ હોવું જોઈએ, અને વ્યાપાર ઉપરના પ્રતિબંધો હટાવી લેવા જોઈએ. આયાતની પહોંચ વધે તેવી વ્યવસ્થા થવી જોઇએ અને નિકાસ માટેની સબસિડી દૂર થવી જ જોઈએ.

જાપાન કૃષિના વ્યાપારમાં લાંબા ગાળાની સ્થિરતા ઈચ્છે છે અને અન્ન સલામતી ઈચ્છે છે. આયાત ઉપરની કસ્ટમ જકાત ઘટે અને જથ્થાત્મક નિયંત્રણો પણ ઘટે તેવી તેની માગણી છે.

ત્રીજા વિશ્વ દેશો આ મુદ્દે જુદી જ રીતે વિચારે છે. ઈજિપ્ત, જમૈકા, મેકિસકો, નાઈજિરિયા અને પેરુ જેવા દેશોએ ત્રીજા વિશ્વના અર્થતંત્રના સમગ્રલક્ષી વિકાસના સંદર્ભમાં ખેતીને લક્ષમાં લેવાની જરૂરિયાત પર ભાર મૂકયો છે. ભારતે એમાં વિકાસનું પરિમાણ ઉમેર્યું છે. ખેતી ઉપર વસ્તીનું ભારણ, ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવાની જરૂરિયાત અને બજારના અપૂર્ણ સ્વરૂપને જોતાં સરકારની મહત્ત્વની ભૂમિકા છે એમ ભારત માને છે. વાટાઘાટો દરમ્યાન તેણે કહ્યું છે કે વાજબી ભાવોએ સાધનો પૂરાં પાડવાં, સંશોધન અને વિકાસ તથા વિસ્તરણની સેવાઓ પૂરી પાડવી, સસ્તું ધિરાણ આપવું તથા વળતરજન્ય ભાવો આપવા આ સંદર્ભમાં આવશ્યક બની જાય છે. અને આવાં વિકાસલક્ષી પગલાંઓને વિકસિત દેશોના વ્યાપાર પર પ્રતિબંધાત્મક અને વિકૃત અસર કરતાં પગલાંઓ સાથે સરખાવી શકાય નહિ.

## બિયારણનો વિવાદ

ડંકલની દરખાસ્તોના સંદર્ભમાં ખેતી ક્ષેત્રે ભારતમાં સૌથી મોટો વિવાદ બિયારણ અંગે છે. ભારતીય કૃષિ વિજ્ઞાનીઓ અને ખેડૂત સંઘો બિયારણના ઉત્પાદન અને વિતરણ અંગેની ડંકલની દરખાસ્તોને ભારે શંકાની નજરે જુએ છે. દેશમાં બિયારણ અંગે સૌથી મોટો વિરોધ કર્ણાટક રાજય ખેડૂત સંઘ કરે છે. તેના પ્રમુખ પ્રો. એમ. ડી. નન્જુદસ્વામી છે. તેઓ ડંકલની દરખાસ્તોના ભારે ટીકાકાર છે. તેમણે ઉત્તર ભારતમાં મહેન્દ્રસિંહ ટિકૈત જેવા ખેડૂત નેતાને સાધી લીધા છે અને દેશભરમાં ડંકલ દરખાસ્તો વિરુદ્ધ ખેડૂતોનું આંદોલન ઊભું કર્યું છે.

જો ડંકલ દરખાસ્તોનો સ્વીકાર કરવામાં આવે તો ભારતીય પેટન્ટ ધારામાં સુધારો કરવો પડે તેમ છે. હાલ ૧૯૭૦ ના આ કાયદામાં બાગાયત અને કૃષિ ક્ષેત્રનાં સંશોધનોનો સમાવેશ થતો

નથી. એટલે કે કોઈ પણ બિયારણ ઉપર કોઈને પણ પેટન્ટનો અધિકાર નથી. ભારતનો બિયારણ ઉદ્યોગ રૂ.૭૦૦ કરોડનો છે અને ૧૯૮૮ માં બિયારણ નીતિ ઉદાર બનાવવામાં આવ્યા પછી આ ક્ષેત્રે ખાનગી રોકાણનો મોટો ઉત્સાહ વર્તાય છે.

બિયારણના સંદર્ભમાં ડંકલે જે દરખાસ્તો રજૂ કરી છે તે આ મુજબ છે :

(૧) પ્લાન્ટ બ્રીડર રાઈટ (છોડ પ્રજનક અધિકાર) આપવા. જે કંપની નવા છોડને ઉછેરે તેને તેની માલિકી સોંપવી.

(૨) પ્લાન્ટ વેરાઈટલ પ્રોટેકશન રાઈટ (છોડ વૈવિધ્ય રક્ષણ અધિકાર) આપવા. એટલે કે જે કંપની એક જ છોડમાંથી નવા વિવિધ છોડ જન્માવે તો તેને તેની માલિકી સોંપવી.

(૩) છોડને ઔદ્યોગિક પેટન્ટ આપવા.

થોડા સમય અગાઉ વાણિજય પ્રધાન પ્રણવ મુખરજીએ કહ્યું હતું કે ભારત બિયારણના પેટન્ટ અંગેની ડંકલની દરખાસ્તો નહિ સ્વીકારે પણ સરકાર સુઈ જિનરિસ સીસ્ટમ ઓફ પ્રોટેકશન સ્વીકારશે. એનો અર્થ એ થાય છે કે મૂળ જનીન સામગ્રીનો ઉપયોગ કરવાનો ભારતના ખેડૂતો અને વિજ્ઞાનીઓનો અધિકાર મરી પરવારશે.

## ખેડૂતો વચ્ચે બિયારણની આપ-લે

ભારતનો બિયારણનો વાર્ષિક વ્યાપાર ૬ લાખ ટનનો છે અને એમાંથી માંડ ૪૦ ટકા જેટલી જ જરૂરિયાત સંગઠિત ઉદ્યોગ ક્ષેત્ર સંતોષે છે. ભારતના બજારમાં શુદ્ધ જાતના બિયારણનું પ્રભુત્વ છે અને હાઈબ્રીડ બિયારણનો ફાળો ૨૫-૩૦ ટકાથી વધારે નથી. વળી, ખેડૂત દર ચાર વર્ષે પોતાનું બિયારણ બદલે એ ખેતીના આરોગ્ય માટે જરૂરી છે એમ માનવામાં આવે છે. પરંતુ દેશમાં સૌથી વધુ ઘઉ પકવતાં રાજયો પંજાબ અને હરિયાણામાં બિયારણ

બદલવાનો દર ખૂબ જ નીચો છે. ૧૯૮૮-૮૯માં પંજાબમાં એ ૧.૨ ટકાનો જ હતો. મધ્ય પ્રદેશમાં જો કે આ દર ૨.૦ ટકાનો હતો. સ્પષ્ટ છે કે પંજાબમાં અદૃશ્ય રીતે બિયારણને બદલવામાં આવે છે. જો આ 'અદૃશ્ય રીત' ન હોય તો આટલું વધારે ઉત્પાદન થાય જ નહિ. આ 'અદૃશ્ય રીત' એટલે ખેડૂતો વચ્ચે બિયારણની આપ-લે ભારતની કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા જે બિયારણ ખેડૂતોને અપાય છે તેનો વધારો ખેડૂતો પોતે કરે છે અને પછી બીજા ખેડૂતોને એ વેચે છે. આમ ખેડૂતો વચ્ચે બિયારણની વહેંચણી જ ભારતની હરિયાળી ક્રાંતિનું રહસ્ય છે. જો ડંકલની દરખાસ્ત સ્વીકારાય તો ખેડૂતો વચ્ચેની આ આપ-લે બંધ થાય.

ખેડૂતો વચ્ચેની બિયારણની આપ-લેની ભૂમિકા માત્ર ભારતમાં જ મહત્ત્વની નથી રહી, પણ વિકસિત દેશોમાં પણ તેણે અગત્યની ભૂમિકા ભજવી છે. ૧૯૬૮ સુધી નેધરલેન્ડ્ઝમાં બટાટાના બિયારણ માટે ખેડૂતો વચ્ચે આવી આપ-લે ચાલુ રહી હતી. એ જ રીતે અમેરિકામાં ૧૯૭૦ સુધી મોટા ભાગના પાકોને છોડ પ્રજનક અધિકારોથી બાકાત રખાયા હતા. આમ, વિકસિત દેશોમાં અનાજની અછત હતી ત્યાં સુધી આવા અધિકારો દાખલ કરવામાં આવ્યા જ નહોતા. જ્યારે અત્યારે તદ્દન જુદી જ સ્થિતિમાં ભારત સહિતના ત્રીજા વિશ્વના દેશોમાં તે દાખલ કરાવવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે.

## બિયારણની જાળવણી

છોડ ઉપરના મિલકતના અધિકારને ૧૯૬૧ માં થયેલી 'યુનિયન ફોર પ્રોટેકશન ઓફ ન્યૂ વેરાઈટીઝ ઑફ પ્લાન્ટ્સ' (યુપોવ) ની સંધિમાં સ્વીકારવામાં આવ્યો હતો. તેમાં ૨૦ દેશોએ સહી કરેલી છે. આરંભમાં તેમાં ખેડૂતોને બીજા વર્ષ માટે બિયારણ સંઘરી રાખવાની છૂટ આપવામાં આવી હતી. પરંતુ ૧૯૯૧માં આ

છૂટ કાઢી નાખવામાં આવી. અને તેથી એક ખેડૂત તેનું બિયારણ બીજા ખેડૂતને વેચી શકે નહિ તેમ જ બીજા વર્ષ માટે તે સાચવી શકે પણ નહિ તેમ ઠરાવવામાં આવ્યું. ખેડૂતોને બિયારણ સાચવવા દેવું કે નહિ તે નક્કી કરવાનું કામ હવે સરકારો ઉપર છોડવામાં આવ્યું છે.

જો સરકાર ખેડૂતોને બિયારણ સાચવવાની પરવાનગી આપે તો પણ બિયારણ બનાવનારનાં કાનૂની હિતોનું રક્ષણ થવું જોઈએ એમ ડંકલની દરખાસ્ત કહે છે. આ કાનૂની હિતનું રક્ષણ એટલે બિયારણ બનાવનાર કંપનીને ખેડૂતો દ્વારા બિયારણ સાચવી રાખવા બદલ રોયલ્ટી ચૂકવવામાં આવે. વિકસિત દેશો ૧૯૯૧ માં બદલાયેલી યુપોવ સંધિનો અમલ ગરીબ દેશોમાં કરવાનો આગ્રહ રાખે એવી શકયતાઓ હાલ ઓછી છે. માની લો કે રાખે તો પણ રોયલ્ટી ચૂકવીને ખેડૂત બિયારણ સાચવી શકશે. જો કે રોયલ્ટી ચૂકવવી પડે એ ખરાબ સ્થિતિ તો છે જ. પણ ખેતરની બહાર બિયારણ લઇ જવાની સ્થિતિ ઊભી થાય તેની સામે વિકસિત દેશોને વાંધો છે. જો કે ચાર વર્ષની સમીક્ષા પછી છોડ માટે પેટન્ટ આપી શકાય છે અને એ સંજોગોમાં બીજને બચાવીને રાખવાનો ખેડૂતનો અધિકાર જતો રહેશે.

## બિયારણ ક્ષેત્રે ઈજારો

ડંકલની દરખાસ્તો કે ઉરુગ્વે દોરની મંત્રણાઓનો ઉદ્દેશ તો મુકત વ્યાપાર ઊભો કરવાનો છે. પરંતુ વાસ્તવમાં બિયારણ ક્ષેત્રે ઈજારો ઊભો થશે. એક વાર એક કંપનીએ ખેડૂતને બિયારણ વેચ્યું અને પછી તેને વધારવાની પરવાનગી ખેડૂતને નહિ મળે એટલે બિયારણ આપનાર કંપની તેના બિયારણના ભાવ વધારી દેશે. આમ ખેડૂતની આવક બિયારણ ઉદ્યોગમાં તબદીલ થઇ જશે. અમેરિકા અને યુરોપે જયારે છોડ પ્રજનક અધિકાર દાખલ કર્યા ત્યારે તેમની સ્થાનિક બિયારણ કંપનીઓને ઉત્તેજન મળ્યું હતું

પણ ભારતમાં અત્યારે પરિસ્થિતિ તદ્દન જુદી જ છે. ભારતમાં તો બહુરાષ્ટ્રીય કંપનીઓને જ લાભ થશે.

જે ભય વ્યકત કરવામાં આવે છે તે એ છે કે બહુરાષ્ટ્રીય કંપનીઓ તેમની પ્રયોગશાળાઓમાં ખૂબ ઊંચા ખર્ચે જે જનીન સામગ્રી બનાવે છે તેના ઉપર તેમની માલિકી સ્થપાશે.

છોડને ઔદ્યોગિક પેટન્ટ આપવાનો અર્થ એ થાય છે કે ખેડૂતો તેમણે આ વર્ષે લીધેલું બિયારણ આવતા વર્ષ માટે બચાવી રાખી શકશે નહિ. વળી, તેનો અર્થ એ પણ થાય કે જે બ્રીડર છે તે પણ જે જાતના બિયારણ માટે પેટન્ટ ધરાવતો હશે તેમાંથી બીજી જાતોનું બિયારણ ૨૦ વર્ષ સુધી વિકસાવી શકશે નહિ. પરિણામે ભારતીય કૃષિ સંશોધન પરિષદ (આઈસીએઆર) બિયારણની બીજી પેઢીની જાતો વિકસાવવાનો જે કાર્યક્રમ હાલ ધરાવે છે તે ચલાવી શકાશે નહિ. વળી, આનો અર્થ એમ પણ થાય કે જો ડંકલની દરખાસ્ત સ્વીકારવામાં આવે તો જનીન દ્રવ્યની જે મુકત હેરફેર અત્યારે ખેડૂતો વચ્ચે માંહોમાંહે ચાલે છે તે બંધ થઈ જવાથી ત્રીજા વિશ્વમાંથી જ બહુરાષ્ટ્રીય કંપનીઓએ જે જાતો મફત મેળવી છે તેમાંથી જ વિકસાવેલી નવી જાતો ઉપર તેઓ માલિકી ધરાવશે અને નફો રળશે. સેન્ડોઝ અને આઈસીઆઈ જેવી બહુરાષ્ટ્રીય કંપનીઓ જંતુનાશક દવાઓ બનાવતી કંપનીઓ છે. પણ હવે તેઓ બિયારણ પણ બનાવે છે. પરંતુ આ કંપનીઓ એવું બિયારણ બનાવે છે કે જે તેમની જ જંતુનાશક દવાઓ સાથે બંધબેસતું હોય. આમ, ખેડૂત તેની ખેતી માટેની તમામ જરૂરિયાતો માટે કોઈ એક જ બહુરાષ્ટ્રીય કંપની ઉપર આધાર રાખતો થઈ જશે.

## ત્રીજા વિશ્વનું શોષણ

બિયારણ અંગે બૌદ્ધિક મિલકત અધિકારોના વિરોધમાં એવી દલીલ કરવામાં આવે છે કે સદીઓથી ખેડૂતોએ જે આપમેળે

સંશોધનો કર્યાં છે તેને માન્યતા આપવાની અને તેમનું રક્ષણ કરવાની પણ આવશ્યકતા છે. જૈવિક અને સાંસ્કૃતિક વિવિધતાના રક્ષણ માટે, સંશોધન કરવાનો અને અસ્તિત્વ ટકાવી રાખવાનો ખેડૂતોનો અધિકાર અકબંધ રાખવા માટે અને અન્ન સલામતી અંગેના તમામ નાગરિકોના અધિકારના રક્ષણ માટે આ જરૂરી છે એમ કહેવામાં આવે છે.

ત્રીજા વિશ્વ અને વિકસિત દેશો વચ્ચે જનીન સંશોધનોની બાબતમાં ગેરવાજબી વિનિમય થાય છે. અને આ વિમિનયને ડંકલ દરખાસ્તોના વિરોધીઓ જનીન સંસાધનોની ચોરી કહે છે. બૌદ્ધિક મિલકત અધિકારો દ્વારા બહુરાષ્ટ્રીય કંપનીઓ તેમાં હવે ઈજારો જમાવશે એવી દહેશત તેઓ વ્યકત કરે છે. બિયારણ અને જૈવવૈવિધ્ય ખાદ્ય ચીજોના ઉત્પાદનનો પાયો છે અને બિયારણ ઉપર ઈજારાશાહી નિયંત્રણનો અર્થ ખેડૂતોની ગુલામી અને બહુરાષ્ટ્રીય કંપનીઓની જોહુકુમી થાય છે એમ તેઓ કહે છે.

છેલ્લાં ૫૦૦ વર્ષોથી જૈવિક સંપત્તિ અને જૈવિક જ્ઞાનનો એકમાર્ગી પ્રવાસ જ રહ્યો છે. એટલે કે તે દક્ષિણના દેશો તરફથી ઉત્તરના દેશો તરફ જ વહ્યું છે અને પરિણામે ઉત્તરના દેશો ધનવાન બન્યા છે અને દક્ષિણના દેશો ગરીબ બન્યા છે. વળી ઉત્તરના દેશોએ એનું કોઈ વળતર ચૂકવ્યું જ નથી. ત્રીજા વિશ્વનાં જનીન સંસાધનોનો ઉપયોગ ધનવાન દેશોએ ભરપૂર પ્રમાણમાં કર્યો છે અને અઢળક સંપત્તિ તેઓ કમાયા છે પરંતુ તેમાંથી ફૂટી કોડીય તેમણે ગરીબ દેશોને આપી નથી.

આનાં કેટલાંક ઉદાહરણો નોંધપાત્ર છે :

(૧) ૧૯૬૨ માં પેરુમાંથી એક જંગલી ટામેટાંની જાત અમેરિકનો ઉઠાવી ગયા. અમેરિકાના ટામેટાં પ્રક્રિયા ઉદ્યોગને તેનાથી વર્ષે ૮૦ લાખ ડોલરનો ફાયદો થયો.

(૨) આ પ્રકારની જંગલી જાતોએ ૧૯૭૬ થી ૧૯૮૦ દરમ્યાન અમેરિકન કૃષિ અર્થતંત્રને દર વર્ષે ૩૪ કરોડ ડોલરનો લાભ આપ્યો છે.

(૩) અમેરિકન અર્થતંત્રમાં જંગલી જનનદ્રવ્ય (જર્મપ્લાઝમ) નો ફાળો ૬૬ અબજ ડોલરનો છે.

(૪) ઈથિયોપિયાનું જનીન તત્ત્વ અમેરિકાના જવના પાકમાં થતા એક રોગને અટકાવે છે અને તેનાથી અમેરિકાને વર્ષે ૧૫ કરોડ ડોલરનો લાભ થાય છે.

(૫) તુર્કીએ અમેરિકાને જવના પાક સામે રક્ષણ આપવા એક જંતુની ભેટ આપી તેનાથી અમેરિકાના ખેડૂતોને વર્ષે ૧૫ કરોડ ડોલરનો ફાયદો થયો.

(૬) અમેરિકાના ઘઉંના ખેડૂતોને ત્રીજા વિશ્વના ખેડૂતોએ દર વર્ષે ૫૦ કરોડ ડોલરનો લાભ કરી આપ્યો છે. ચોખામાં ૧૨ કરોડ ડોલર અને કઠોળમાં ૬ કરોડ ડોલરનો લાભ કરી આપ્યો છે.

(૭) અમેરિકન સોરગમને એક રોગ સામે ભારતીય જાતમાંથી રક્ષણ મળ્યું તેનાથી અમેરિકન ખેડૂતોને વર્ષે ૧૨ કરોડ ડોલરનો ફાયદો થયો.

આ ઉદાહરણો સ્પષ્ટપણે એમ દર્શાવે છે કે જૈવ સ્રોતોનો પ્રવાહ એક જ તરફ વહ્યો છે. મૂળ ત્રીજા વિશ્વનાં જૈવ સ્રોતોનો ઉપયોગ કરી વિકસાવેલી નવી જાતો માટે બહુરાષ્ટ્રીય કંપનીઓ નાણાં માગે છે પણ જેમાંથી એ જાતો વિકસાવાઈ એ મૂળ જાતોની કિંમત ચૂકવવા હાલ તેઓ તૈયાર છે ? ભવિષ્યમાં પણ તેઓ એ ચૂકવવા તૈયાર થશે ? ડંકલ દરખાસ્તોના વિરોધીઓ આ કિંમત માગે છે.

## ભિન્ન મત

ખેતી અંગેની ડંકલની દરખાસ્તો અંગે એક ભિન્ન મત પણ પ્રવર્તે છે. આ ભિન્ન મત વિખ્યાત ખેડૂત નેતા શરદ જોશીનો

અને બીજા કેટલાક કૃષિ નિષ્ણાતોનો પણ છે. આ લોકો એમ માને છે કે ડંકલની ખેતી અંગેની દરખાસ્તો ભારતે સ્વીકારવી જોઈએ. એ સ્વીકારવાથી ભારતની ખેતીની ઉન્નતિ થશે કારણ કે ખેતબજારમાં મુકતતા આવશે અને સરકારી અંકુશોમાંથી ખેતી મુકત થશે. શરદ જોશી માને છે કે ઉદ્યોગ ક્ષેત્રની જેમ જ ખેતીને પણ નિયંત્રણોથી મુકત કરી નાખવી જોઈએ. આમ તેઓ ખેતીમાં ઉદારીકરણ અને તેના વૈશ્વિકીકરણના હિમાયતી છે.

## સબસિડી અને નિકાસ

શરદ જોશી અને એમના ખેડૂત સંઘની દલીલ એવી છે કે તેઓ ડંકલની તરફેણમાં છે એવું નથી પણ ડંકલ તેમની તરફેણમાં છે. તેમનું કહેવું છે કે દાયકાઓથી ભારતના ખેડૂતો આંદોલનો કરીને જે માગી રહ્યા છે તેનો ડંકલે આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીકાર કર્યો છે. ડંકલ દરખાસ્ત સભ્ય દેશોને ચોક્કસ પ્રમાણમાં બાંધેલી મુદત માટે ખેતપેદાશોની નિકાસ કરવાની ફરજ પાડે છે. આ રીતે ડંકલે ખેડૂતોની જ માગણીનો સ્વીકાર કર્યો છે.

આવો જ બીજા મુદ્દો સબસિડીનો છે. ડંકલ દરખાસ્તોના તરફેણકારો કહે છે કે ભારતમાં ખેડૂતોને સબસિડી આપવામાં આવે છે એવી ભ્રમજાળ ફેલાવવામાં આવે છે. રાસાયણિક ખાતર ઉદ્યોગને રૂા. ૫૦૦ કરોડની સબસિડી અપાતી હતી તે વધીને રૂા. ૫૦૦૦ કરોડની થઈ ગઈ પણ તેમાં ખેડૂતોને કોઈ સીધો લાભ થયો જ નથી. દુનિયાભરમાં સૌથી વધુ મોંઘું ખાતર ભારતમાં વેચાય છે. વાસ્તવમાં દેશમાં ઉત્પાદન કરવામાં આવે તેનાં કરતાં ખાતરની આયાત થાય તો તે સસ્તું પડે તેવી સ્થિતિ છે. પરંતુ ખેડૂતોને તો ખેતપેદાશોના મળવાપાત્ર ભાવ કરતાં ૧૨ ટકા ઓછા ભાવ મળે છે એવું અનેક અભ્યાસો કહે છે. એટલે સીધી રીતે જોઈએ તો ખેડૂતો ૧૨ ટકાનો વેરો ભરે છે. સબસિડીના આવા

અર્થતંત્રની આપણે શી જરૂર છે એવો સીધો સવાલ ડંકલના તરફદારો દ્વારા પુછાય છે.

બીજી તરફ, જાપાનમાં ૯૦ ટકા, યુરોપીય સમુદાયમાં ૬૫ ટકા અને અમેરિકામાં ૩૫ ટકા જેટલી સબસિડી ખેડૂતોને અપાય છે. વિકસિત દેશોમાં આ સ્થિતિ છે જ્યારે ભારતનો ખેડૂત ૧૨ ટકા નકારાત્મક સબસિડી ભોગવે છે. આમ ખેતીમાં સબસિડીઓ આપીને ભાવોની કૃત્રિમ સપાટી ઊભી કરવામાં આવે છે. ડંકલ આમાં એકસૂત્રતા માગે છે અને તેનો સ્વીકાર થવો જોઈએ એમ તેઓ કહે છે.

ખેતપેદાશોની નિકાસના સંદર્ભમાં ડંકલની દરખાસ્તોના તરફદારોની દલીલ એવી છે કે ભારતના ખેડૂતોને કાયમી ધોરણે વિદેશી ગ્રાહકો મળતા જ નથી અને માલની ગુણવત્તા મુજબના ભાવો પણ મળતા નથી. એનું કારણ એ છે કે આ અંગે કોઈ ચોક્કસ ધોરણ ભારત સરકારે વિકસાવ્યું જ નથી. ડંકલની દરખાસ્ત માન્ય રખાય તો નિકાસ માટેનું ધોરણ વિકસે અને ભારતની ખેતીનું વૈશ્વિકીકરણ થાય. જો આમ થશે તો જ ઉત્પાદન અને ઉત્પાદકતા બંને વધશે એવી તેમની દલીલ છે.

## સંશોધન અને પેટન્ટ

છેલ્લાં કેટલાંક વર્ષોથી જૈવતકનિકી (બાયોટેકનોલોજી)નો વિકાસ મોટા પ્રમાણમાં થયો છે. તેનો ઉપયોગ ખેતી ક્ષેત્રને માટે પણ વિશેષ પ્રમાણમાં થાય છે. ખેતપેદાશોની નવી જાતો વિકસાવવામાં મોટું ખર્ચ થાય છે એટલે એના મિલકત અધિકારો પણ એ વિકસાવનાર કંપનીને મળે તો એમાં કંઈ ખોટું નથી એમ ડંકલ દરખાસ્તોના તરફદારો માને છે.

જૈવ તકનિકી રીતે વિકસાવાયેલી વસ્તુ બજારમાં પહોંચે તે પહેલાં એક અમેરિકન કંપની સરેરાશ ૧૦ કરોડ ડોલરનો ખર્ચ કરે

છે. અમેરિકન સંસદની ટેકનોલોજી આકારણી કચેરીના ૧૯૯૦ના એક સર્વેક્ષણમાં એમ જણાવાયું છે કે માત્ર પાંચમા ભાગની કંપનીઓ જ નફો રળતી હતી. આમ છતાં તેઓ ભારે રોકાણ ખર્ચે ચાલુ રાખે છે. કારણ કે ભવિષ્યમાં તેમને નફો મળશે એવી આશા હોય છે. આ નફો પેટન્ટ મળે તો જ મળે. પેટન્ટ ન મળવાનો હોય તો કોઈ કંપની મોટું રોકાણ કરવા તૈયાર થાય જ નહિ. પણ અમેરિકામાં આવા પેટન્ટ અપાય છે માટે જ જૈવતકનિકી ક્ષેત્રે અમેરિકા દુનિયાભરમાં આગળ છે. એટલે આવો પેટન્ટ અધિકાર ભારતમાં પણ અપાય તો જૈવતકનિકીનો વિકાસ ભારતમાં પણ થઈ શકે એમ ડંકલના તરફદારો માને છે. વળી, જૈવતકનિકી ક્ષેત્રનાં સંશોધનોનો વિનિયોગ કૃષિ ક્ષેત્રમાં કરવા માટે આરંભમાં ખૂબ મૂડીની જરૂર પડે છે. આ મૂડી ભારત પાસે છે નહિ. પણ તેથી કંઈ ભારતની ખેતીને પછાત રાખી શકાય નહિ. એટલે બહુરાષ્ટ્રીય કંપનીઓ ભલે આવે. અને તેઓ મૂડીરોકાણો કરશે તો લાભ ભારતની ખેતીને અને ભારતના ખેડૂતોને જ થશે એટલે એમનાથી ડરવાની જરૂર નથી એમ તેઓ કહે છે.

આ સંદર્ભમાં એક ઉપાય જૈવતકનિકી ક્ષેત્રે કંપની અને યજમાન દેશ વચ્ચે નફો વહેંચવાની છે. આવી એક વ્યવસ્થા મધ્ય અમેરિકાના કોસ્ટા રિકા નામના દેશે કરી છે. અમેરિકાની મર્ક એન્ડ કંપની તથા કોસ્ટા રિકાના 'રાષ્ટ્રીય જૈવવૈવિધ્ય સંસ્થાન' વચ્ચે એક સમજૂતી થઈ છે. આ સમજૂતી અન્વયે સંસ્થાન દેશનાં જૈવવૈવિધ્ય અંગે અનુસૂચિ રાખશે અને તેનું સંચાલન કરશે અને કંપની આ સંસ્થાન પાસેના છોડ તપાસશે.

આ બદલ કંપની બે વર્ષમાં ૧૦ લાખ ડોલર સંસ્થાનને ચૂકવશે. ઉપરાંત કંપની જે કોઈ વસ્તુ સંસ્થાનના છોડમાંથી વિકસાવશે તો તેના વેચાણ પેટે સંસ્થાનને રોયલ્ટી પણ મળશે.

એમ જણાવાય છે કે. જો માત્ર ૨૦ પેદાશો ઉપર માત્ર બે ટકાના દરે પણ રોયલ્ટી મળે તો કોસ્ટા રિકા દર વર્ષે તેની બે મોટી વસ્તુઓ કોફી અને કેળાંની નિકાસમાંથી જેટલી કમાણી કરે છે તેના કરતાં વધારે કમાણી કરશે.

શું ભારતની સંસ્થાઓ બહુરાષ્ટ્રીય કંપનીઓ સાથે આવી ગોઠવણ ના કરી શકે ? ડંકલ દરખાસ્તોના તરફદારો કહે છે કે વ્યવહારમાં આપણે ડોકટરો, વકીલો, સ્થપતિઓ, કર નિષ્ણાતો, પ્રાધ્યાપકો વગેરેને બુદ્ધિની કિંમત જ આપણે ચૂકવતા હોઈએ છીએ તો પછી સંશોધકોની બુદ્ધિની કે એવા સંશોધકોને રાખતી કંપનીઓને કિંમત ચૂકવવામાં વાંધો શો છે ?

## જૈવ વૈવિધ્યનો લાભ

જૈવવૈવિધ્ય ક્ષેત્રે સંશોધનથી કૃષિ ક્ષેત્રને ઘણો લાભ મળે છે. એક એવો અંદાજ છે કે ખેતીમાં જૈવતકનિકીનો ઉપયોગ થવાથી અમેરિકામાં રૂનું ઉત્પાદન દર વર્ષે ૦.૭ ટકા જેટલું અને સોયાબીનનું ઉત્પાદન ૧.૨ ટકા જેટલું વધશે. જો જૈવતકનિકીનો લાભ ન લેવાય તો ઉત્પાદન આ સંભવિત વધારાના માત્ર ચોથા ભાગ જેટલું જ વધે તેવી શકયતા છે.

ભારત માટે ખેતપેદાશોનું ઉત્પાદન વધારવું અનિવાર્ય છે. એક એવો અંદાજ છે કે વધતી વસ્તીને પહોંચી વળવા માટે ભારતે આ સદીના અંત સુધીમાં તેનું અન્ન ઉત્પાદન ૨૮ ટકા જેટલું વધારવું જરૂરી છે. ખેડાણલાયક વિસ્તારો વધવાની શકયતા ન હોય ત્યારે ઉત્પાદકતા વધે એ આવશ્યક છે. જૈવતકનિકીનો ઉપયોગ થાય તો જ એ શકય બને એમ છે કારણ કે હરિયાળી ક્રાંતિની પદ્ધતિઓની મર્યાદા હવે છતી થઈ ચૂકી છે. વળી હરિયાળી ક્રાંતિની પદ્ધતિઓનો વિકાસ સરકારી સંસ્થાઓમાં થયો હતો જ્યારે જૈવતકનિકીનો વિકાસ ખાનગી કંપનીઓમાં થયો છે. એટલે આવી ખાનગી ક્ષેત્રની

વિકાસલક્ષી પ્રક્રિયાનો લાભ લેવાય તો ભારત માટે તે ફાયદાકારક જ છે એમ ડંકલની દરખાસ્તોના તરફદારો માને છે.

## સાવચેતી જરૂરી

આ સંદર્ભમાં જ બીજની જાળવણી અંગેના ખેડૂતના અધિકારનો સવાલ ઉપસ્થિત થાય છે. હરિયાળી ક્રાંતિનો ખેડૂત હાઈબ્રીડ બિયારણ વાપરે છે. આ હાઈબ્રીડ બિયારણ એની બીજી પેઢીમાં વર્ણસંકર જાતો ઉત્પન્ન કરે છે. એટલે ખેડૂતો એ બીજ ખેતરમાં વાવતા નથી પણ પશુઓને ખવડાવી દે છે. એટલા માટે બિયારણને બીજા વર્ષ માટે સાચવી રાખવાનો સવાલ ઉપસ્થિત થતો જ નથી. ખેડૂતો તો તેમનું પ્રણાલિકાગત બિયારણ જ સાચવે છે.

એટલે આ જૈવવૈવિધ્યના સંચાલનનો સવાલ ઉપસ્થિત થાય છે. આવા સંચાલનની વ્યવસ્થાઓ ભારતની સંશોધન સંસ્થાઓ વિકસાવે ત્યાં સુધી મર્યાદિત ધોરણે પણ ખાનગી ક્ષેત્રના પ્રવેશને પોંખવો જોઈએ એવું માનનાર એક મોટો વર્ગ છે.

આમ, ભારતે એની કૃષિ સંશોધન સંસ્થાઓને જૈવવૈવિધ્યના ક્ષેત્રે અદ્યતન બનાવવી પડે.

વળી, અત્યાર સુધી ભારતમાં બિયારણ કંપનીઓએ નવી જાતો માટે જાહેર સંશોધન સંસ્થાઓ પર જ આધાર રાખ્યો છે. હવે તેઓ જૈવવૈવિધ્ય ક્ષેત્રે લાભ જોતાં તેના પર ઈજારો સ્થાપવા માગે છે. આથી એવી શકયતાઓ રહે છે કે જે પાક તેમના માટે ઓછા મહત્ત્વના છે તેમના ઉપર તેઓ સંશોધન કરે જ નહિ. એટલે જાહેર સંશોધન સંસ્થાઓએ સમગ્ર દેશની પ્રાથમિકતાના સંદર્ભમાં સંશોધન હાથ ધરીને આ ખાઈ પૂરવી જોઈએ. ખેતીના ખાનગીકરણ, ઉદારીકરણ અને વૈશ્વિકીકરણની પ્રક્રિયા શરૂ કરતી વખતે પણ આટલી કાળજી તો રાખવી જ જોઈએ એમ ડંકલની દરખાસ્તોના તરફદારો પણ કહે છે.

●

# ૬
# જંગલ અને જમીનનું ધોવાણ

ખેતી અંગે ડંકલે જે દરખાસ્તો રજૂ કરી છે અને એ પછી જુદા જુદા દેશો તરફથી અને ખાસ કરીને અમેરિકા તરફથી જે દરખાસ્તો મંત્રણા માટે રજૂ કરવામાં આવી છે એ સીધી રીતે પર્યાવરણને અસર કરનારી છે. આ અસર ટૂંકા અને લાંબા બંને ગાળાની છે અને નજરે પડે તેવી અને છૂપી હોય તેવા પ્રકારની પણ છે. ખાસ કરીને પર્યાવરણ વિશે જ્યારે વધુ ને વધુ ચિંતા સેવવામાં આવી રહી છે ત્યારે અને ચિરંતન વિકાસ વિશે જ્યારે વધારે ધ્યાન કેન્દ્રિત કરાઈ રહ્યું છે ત્યારે આ દરખાસ્તોને અને તેની પર્યાવરણ પરની અસરોને બારીકાઈથી તપાસવાની જરૂર રહે છે.

## આયાત પરનાં નિયંત્રણોની નાબૂદી

ડંકલે જે દરખાસ્ત કરી છે તેમાં ખેતપેદાશો ઉપર રાષ્ટ્રીય સરકારોએ નિયંત્રણો લાદ્યાં હોય તો તે દૂર કરવાની વાત છે. અમેરિકા એમ ઈચ્છે છે કે આ બધાં જ નિયંત્રણોને એકસમાન કરી નાખવાં અને બધા જ દેશો એક જ સરખી જકાત લાદે તેમ કરવું અને પછી આ જકાત પણ તબક્કાવાર દૂર કરવી. આની ધનવાન અને ગરીબ બને દેશોમાં પર્યાવરણ પર ગંભીર અસર પડશે.

ત્રીજા વિશ્વના દેશોના ખેડૂતોની સ્થિતિ કફોડી થઈ જશે કારણ કે તેઓ તેમનાં બજારોમાં ઠલવાઈ રહેલી યુરોપીય સમુદાય, અમેરિકા કે ઓસ્ટ્રેલિયાની ખેતપેદાશો સામે સપર્ધા નહિ કરી શકે.

આથી તેઓ (૧) અસ્તિત્વ ટકાવી રાખવા અને ઉત્પાદન વધારવા હાનિકારક ખેડાણ પદ્ધતિઓનો ઉપયોગ કરશે. (૨) નાના ખેડૂતો તો જમીનની બહાર ફેંકાઈ જશે અને મોટાં કોર્પોરેટ ખેતરો અસ્તિત્વમાં આવશે જેમાં વધુ ઊર્જા અને વધુ રસાયણો વપરાશે. (૩) આયાતી અનાજ ઉપરનો આધાર વધતો જશે એટલે તેની કિંમત ચૂકવવા રોકડિયા પાકનું વાવેતર વધારવું પડશે. પરિણામે પ્રાકૃતિક સંપત્તિનો અને ખાસ કરીને પાણીનો બેફામ ઉપયોગ અનિવાર્ય બની જશે.

ખાસ કરીને માંસ અને ખાંડ બાબતમાં આ બાબત ખૂબ જ નજરે તરી આવે તેવી છે. અમેરિકાની ફાસ્ટ ફૂડ હેમ્બર્ગર રેસ્તોરાં અમેરિકન સરકાર પર એવું દબાણ કરી રહી છે કે તે 'ગેટ' ખાતેની મંત્રાણાઓનો ઉપયોગ માંસ પરના આયાત જથ્થાને નાબૂદ કરવા માટે કરે. જો આ નિયંત્રણ હટી જાય તો મધ્ય અને દક્ષિણ અમેરિકામાંથી માંસની નિકાસ વધી જાય અને માંસ ઉત્પન્ન કરવા માટે વધુ પાણી જોઈએ છે એ તો જગજાહેર બાબત છે. બરાબર આવું જ અમેરિકાની કેન્ડી કંપનીઓનું છે. તેઓ ખાંડની આયાતના ક્વોટા નાબૂદ કરાવવા દબાણ કરે છે. ત્રીજા વિશ્વના દેશોમાંથી ખાંડની નિકાસ વધે તો સરવાળે પાણીની નિકાસ જ થાય કારણ કે ઘઉં પકવવા માટે જોઈએ તેના કરતાં શેરડી પકવવા માટે ઘણું વધારે પાણી જોઈએ છે.

## નિકાસના નિયંત્રણનો અધિકાર

'ગેટ'ની અત્યારની સમજૂતીની કલમ-૧૧ અનુસાર પોતાને ત્યાં અછતની ગંભીર સ્થિતિ પ્રવર્તતી હોય તો જે તે દેશને ખેત-પેદાશોની નિકાસ ઉપર નિયંત્રણ લાદવાનો અધિકાર છે. આ અધિકાર રદ કરવામાં આવે તેવી અમેરિકાની માગણી છે. પર્યાવરણ પર આ નિર્ણયની અસર ગંભીર પડે. અછતને સમયે

રોકડિયા પાકને બદલે અનાજનું ઉત્પાદન વધારવા માટેનો જે તે દેશનો અધિકાર આને કારણે છિનવાઈ જાય છે. આમ દુકાળના સમયે પણ રાષ્ટ્રીય સરકારો પગલાં ન ભરી શકે. ગરીબ અને ભૂખ્યા લોકો પર્યાવરણને વધારે હાનિ પહોંચાડે છે એ હકીકત ભૂલી ન શકાય.

આ અંગે અમેરિકાનો જ દાખલો મહત્ત્વનો છે. અમેરિકામાંથી લાકડાંની નિકાસ થાય છે. આને કારણે ઓરેગોન અને વોશિંગ્ટન રાજ્યોમાં જંગલોનો નાશ થઈ રહ્યો છે. પર્યાવરણ જૂથો એમ કહે છે કે વૃક્ષો કાપવા ઉપરનાં નિયંત્રણોને કારણે આમ નથી બની રહ્યું પરંતુ લાકડાંની અનિયંત્રિત નિકાસને કારણે આમ બની રહ્યું છે. અમેરિકાએ એવી દરખાસ્ત મૂકી છે કે લાકડાં (લૉગ)ની નિકાસ પરનાં નિયંત્રણો દૂર કરવાં. આનો અર્થ એવો થાય કે જંગલોનો નાશ ચાલુ રહેશે.

આવો જ દાખલો અમેરિકા અને કેનેડા વચ્ચેની મુકત વ્યાપારની સમજૂતી અંગેનો છે. આ સમજૂતીની કલમ ૪૦૯ મુજબ પાણીની નિકાસ ઉપર પણ કોઈ નિયંત્રણ લાદી શકાય નહિ. આ બાબત પેટ્રોલિયમ, લાકડું વગેરે તમામ બાબતોને લાગુ પડે. એટલે કે આ વસ્તુઓની પોતાને ત્યાં અછત હોય તો પણ કેનેડા એની નિકાસ પર નિયંત્રણ લાદી શકે નહિ. આ જ સિદ્ધાંત અત્યારે ડંકલની દરખાસ્તોમાં લાગુ પાડવામાં આવ્યો છે.

## ઓછા ભાવ, વધુ વ્યાપાર

ખેતપેદાશોમાં આંતરરાષ્ટ્રીય સ્તરે મુકત બજાર ઊભું કરવાનો અર્થ એ થાય છે કે ખેતપેદાશોના ભાવ ઘટે. એટલે ખેડૂતોને નીચા ભાવ મળે. આ નીચા ભાવે એટલી જ આવક રાખવી હોય તો ખેડૂતોએ વધારે ઉત્પાદન કરવું પડે. એનો અર્થ એ થયો કે એમણે વધારે સઘન ખેતીનો માર્ગ અપનાવવો પડે. એટલે એમણે

વધુ રસાયણો અને ખાતરોનો ઉપયોગ કરવો પડશે જે જમીનની બરબાદી નોતરશે. આ બાબત તમામ દેશોના ખેડૂતોને લાગુ પડે છે. પણ ત્રીજા વિશ્વના દેશોના ખેડૂતોને સવિશેષ લાગુ પડે છે, કારણ કે એમની ખેતપેદાશોની નિકાસ કમાણી ઓછી થઈ જશે. ખેતપેદાશોના ભાવ ઘટશે તેથી ગરીબ દેશો સ્વાવલંબનના ભોગે અનાજની આયાત કરશે. આથી તેમને વધારે હૂંડિયામણ જોઈશે. આથી તેઓ ખનિજ અને જંગલ સંપત્તિનો પણ બેફામ ઉપયોગ કરવા પ્રેરાશે કારણ કે નિકાસ વધારીને જ તેઓ હૂંડિયામણ કમાઈ શકશે.

ખેતપેદાશોનું આંતરરાષ્ટ્રીય બજાર વ્યાપક બને એ ડંકલની દરખાસ્તોનો ઉદ્દેશ છે. પણ વ્યાપાર જેમ વધશે એમ પરિવહન વધશે એટલે પેટ્રોલિયમ અને ઊર્જાનાં બીજાં સાધનોની જરૂરિયાત વધશે. આમ ખેતી વધુ ઊર્જાગહન અને વધુ મૂડીગહન બનશે જે પ્રાકૃતિક સંસાધનો પર દબાણ વધારશે.

## જંતુનાશકો

ડંકલની ખેતી ઉપરની દરખાસ્તો એમ જણાવે છે કે સમજૂતી ઉપર સહી કરનારા દેશોએ 'કોડેકસ એલિમેન્ટેરિયસ કમિશન' દ્વારા ખોરાક ઉમેરકો, પશુ ચિકિત્સા ક્ષેત્રની દવાઓ અને જંતુનાશકો વગેરેની બાબતમાં જે ધોરણો નક્કી કરાયાં છે એ ધોરણોને માન્ય રાખવાં પડશે. વળી કોડેકસનાં અન્ન સુરક્ષાનાં ધોરણો ખૂબ જ નબળાં છે. અને અમેરિકા કે ભારત સહિત અનેક દેશોનાં ધોરણો કરતાં તે નિમ્ન કક્ષાનાં છે. આ બાબત ખેતીમાં જંતુનાશકોના ઉપયોગના સંદર્ભમાં વિશેષપણે લાગુ પડે છે.

જે જંતુનાશકને 'ડર્ટી ડઝન' તરીકે ઓળખવામાં આવે છે એમાંનાં આઠના ખેતીગત ઉપયોગની પરવાનગી કોડેકસ આપે છે. વિશ્વ બૅંક પણ આ ૧૨ જંતુનાશકોના ઉપયોગને નિરુત્સાહિત કરે

છે. એકલા ભારતમાં દર વર્ષે ૨૦ લાખ લોકોને આ જંતુનાશકોથી ઝેર ચડવાના અને ૨૨૦૦૦ના મોતના કિસ્સા નોંધાય છે. એ જ રીતે કોડેકસ ડીડીટી (ડર્ટી ડઝનમાંથી એક)નો ઉપયોગ ફળ, શાકભાજી અને ડેરી પેદાશો ઉપર કરવાની પરવાનગી આપે છે.

આ 'ડર્ટી ડઝન' દવાઓની યાદીમાં એના જેવી જ ખતરનાક બીજી છ જંતુનાશક દવાઓ ઉમેરવામાં આવી છે. એટલે અત્યારે દુનિયામાં સૌથી વધુ ખતરનાક જંતુનાશક દવાઓ દોઢ ડઝન ગણાય છે. કોડેકસ આ બધી દવાઓના ઉપયોગની મંજૂરી આપે છે અને એને જ આધાર ગણીને ચાલવાનું ડંકલ કહે છે. ડંકલની આ દરખાસ્ત ખરેખર વિચિત્ર છે અને તે ૧૯૬૨માં રાચેલ કાર્સન દ્વારા લખાયેલા પુસ્તક 'સાયલન્ટ સ્પ્રિંગ' પહેલાંના યુગમાં આખી દુનિયાને ધકેલી દેવાની કોશિશ છે.

વાસ્તવમાં તો જંતુનાશક દવાઓ અને રાસાયણિક ખાતરોનો ઉપયોગ લઘુતમ થતો જાય એને માટેના પ્રયાસો રાષ્ટ્રીય સરકારો કરે એવી માગણી થવી જોઈએ. પરંતુ મુકત વ્યાપારને નામે જમીન અને પાણીનું પ્રદૂષણ વિશેષ પ્રમાણમાં ફેલાય એવી ડંકલની દરખાસ્ત છે. દોઢ ડઝન જેટલી ખતરનાક દવાઓમાંની કોઈ એક દવા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકનાર દેશોની સંખ્યા આજે પણ ૩૦થી વધારે નથી. રસાયણ ઉદ્યોગ કેટલો શક્તિશાળી છે તેઓ ખ્યાલ આ હકીકત પરથી આવી જાય છે.

*પુરાણ કાળમાં સ્વહિત અને સાહસની સ્વતંત્રતાને દુન્વયી ગણવામાં આવતાં હતાં, આધુનિક યુગમાં તે ધર્મ તરીકે ઉપસ્થિત થયાં.*

**– જહોન કેનેથ ગાલ્બ્રેથ**

# ૭

# પેટન્ટ : સજીવો અને માનવીના વિચાર પર માલિકી

ડંકલની દરખાસ્તોમાં ખેતી જેટલો જ વિવાદાસ્પદ મુદ્દો બૌદ્ધિક અધિકારોનાં વ્યાપાર સંબંધી પાસાં (ટ્રેડ-રિલેટેડ આસપેક્ટ્સ ઓફ ઈન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ-ટ્રિપ્સ) અંગેનો છે. ઉરુગ્વેની ઘોષણામાં આ મુદ્દે ત્રણ ફકરા લખવામાં આવ્યા છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે "આંતરરાષ્ટ્રીય વ્યાપાર સામેના અવરોધો અને એની વિકૃતિઓ ઘટાડવા માટે અને બૌદ્ધિક મિલકત અધિકારોના પૂરતા અને અસરકારક રક્ષણને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત ધ્યાનમાં લઈને તથા બૌદ્ધિક મિલકત અધિકારો જાતે જ કાનૂની ધોરણે થતા વ્યાપાર માટે અવરોધરૂપ ન બને તે માટેનાં પગલાં અને કાર્યવાહીઓ થાય" તે માટે 'ગેટ'ની હાલની જોગવાઈઓ વિશે સ્પષ્ટતા કરવા અને નવા યોગ્ય નિયમો તથા શિસ્ત ઘડવા માટે વાટાઘાટો કરવી. આમાં બનાવટી કે નકલી વસ્તુઓના વ્યાપાર અંગે નિયમો ઘડવાનો પણ સમાવેશ થાય છે.

ડંકલે ડિસેમ્બર -૧૯૯૦માં જે દરખાસ્તો રજૂ કરી તેમાં ટ્રિપ્સ માટે કુલ ૭૩ કલમો લખવામાં આવી છે જે સાત વિભાગોમાં વહેંચવામાં આવી છે. આ દરખાસ્તોમાં ત્રણ કહેવાતી અલગ અલગ સમજૂતીઓ મૂકવામાં આવી છે. એમાંની એક બૌદ્ધિક મિલકત અધિકારો માટેની છે. બીજી બેમાં એક વસ્તુઓ માટેની અને બીજી સેવાઓ માટેની સમજૂતીઓનો સમાવેશ થાય છે.

## પેરિસ કન્વેન્શન

વળી, આ દરખાસ્તના સ્વીકારનો અર્થ એ થાય કે જે દેશ આ સમજૂતી કરે તે આપોઆપ જ 'પેરિસ કન્વેન્શન'થી બંધાઈ ગયેલો ગણાય. આ પેરિસ કન્વેશનનું સંચાલન 'વિશ્વ બૌદ્ધિક મિલકત અધિકાર સંગઠન' (ડબલ્યુઆઈપીઓ–વિપો) કરે છે. આ સંગઠનની સ્થાપના આજથી ૧૧૦ વર્ષ પહેલાં ૨૦–૩–૧૮૮૩ના રોજ પેરિસમાં થયેલી એક સંધિ પછી થઈ હતી. ૧૧ દેશોની સહીવાળી આ સંધિમાં કુલ છ ફેરફારો થયા. એમાંનો છેલ્લો ફેરફાર ૧૯૬૭માં થયો.

આજે એમાં ૧૦૩ દેશોએ સહી કરી છે. આ સંધિ પર સહી કરાય તે માટે ભારત ઉપર છેલ્લા ચાર દાયકાથી દબાણ થતું રહ્યું છે. પણ ભારતે સહી કરી નથી. આ સંધિ વિકસિત દેશોની ખૂબ જ તરફેણ કરે છે એવી માન્યતા ભારતમાં પણ મોટા પ્રમાણમાં પ્રવર્તતી રહી છે. ડંકલ દરખાસ્તો સ્વીકારાય તો એનો અર્થ એ થાય કે પેરિસ કન્વેન્શનમાં ભારતે સહી કરી નાખી. એનું કારણ એ છે કે ટ્રિપ્સ માટેની કલમ–૨માં એમ લખવામાં આવ્યું છે કે, "આ સમજૂતીના ભાગ–૨,૩ અને ૪ના સંદર્ભમાં દેશો પેરિસ કન્વેન્શન (૧૯૬૭) ની કલમો ૧–૧૨ અને ૧૯નો અમલ કરશે."

વળી, ટ્રિપ્સની સમજૂતીની કલમ ૧.૩ અને કલમ–૩માં એમ કહેવામાં આવ્યું છે કે સહી કરનાર દેશોએ વિદેશી નાગરિકોને રાષ્ટ્રીય (નાગરિક) ગણીને તેમની સાથે વ્યવહાર કરવો. પેરિસ કન્વેન્શનમાં આવા વ્યવહાર માટે 'વ્યક્તિઓ' શબ્દ છે. જ્યારે 'ગેટ' હેઠળ માત્ર 'વસ્તુઓ' ને જ લક્ષમાં લેવાય છે. આમ, ભારતમાં ભારતીય ટીવી અને જાપીની ટીવીને જેમ સરખા ગણવામાં આવે એમ ભારતીય સંશોધક અને વિદેશી સંશોધકને પણ સરખા ગણવામાં આવે એવી માગણી ડંકલની દરખાસ્તોમાં છે.

અત્યાર સુધી મહદ્ અંશે બૌદ્ધિક મિલકત અધિકારોનું સંચાલન

'વિપો' જ કરતું આવ્યું છે. પણ હવે તેને 'ગેટ' હેઠળ લાવવાની દરખાસ્ત છે.

## પેટન્ટ

ડંકલે જે દરખાસ્તો રજૂ કરી છે તેમાં પેટન્ટ અંગેની બાબતો છે. પેટન્ટ એટલે નવી વસ્તુની શોધ ઉપરનો અધિકાર. આ શોધ જેણે કરી હોય એને એની બૌદ્ધિક મિલકત કહેવાય. એટલે પેટન્ટનો અર્થ થાય બૌદ્ધિક મિલકત ઉપરનો અધિકાર.

પેટન્ટનાં ત્રણ મહત્ત્વનાં પાસાં છે : (૧) પેટન્ટ આપી શકાય તેવી વસ્તુ. એટલે પ્રવૃત્તિનાં એવાં ક્ષેત્રો કે જેને પેટન્ટ વ્યવસ્થા આવરી લે. (૨) પેટન્ટનો સમય. (૩) પેટન્ટની કામગીરીના સંચાલન માટેની શરતો. ડંકલની દરખાસ્તો આ ત્રણેય બાબતો વિશે વિગતે વાત કરે છે.

ડંકલે અમુક માઈક્રો–ઓર્ગેનિઝમ (સૂક્ષ્મ જીવ) ના પેટન્ટ આપવા માટે દરખાસ્ત કરી છે. આમ સજીવો ઉપર પણ પેટન્ટ મળે ! ભગવાન જેવો અધિકાર. આ અંગે સમજૂતી થાય પછી દર ચાર વર્ષે તેની સમીક્ષા કરવાની પણ ડંકલની દરખાસ્ત છે. ફિલિપાઈન્સ સિવાયના કોઈ વિકસતા દેશે અત્યાર સુધી સૂક્ષ્મ જીવો માટે પેટન્ટ પદ્ધતિ દાખલ કરી નથી. જૈવ તકનિકી (બાયોટેકનોલોજી) ને પેટન્ટ પ્રથામાં યુરોપીય સમુદાયે દાખલ કરી નથી માટે અત્યારે તેના પેટન્ટ આપવાનો મુદ્દો ડંકલની દરખાસ્તમાં સમાવાયો નથી. પરંતુ જુદી જુદી જાતના છોડને રક્ષણ આપવાનો કે છોડનો પેટન્ટ આપવાનો સમાવેશ થાય છે. આજે અનેક વિકસતા દેશોમાં છોડનો પેટન્ટ આપવાની પ્રથા નથી.

## પ્રક્રિયા પેટન્ટ

ડંકલની દરખાસ્તમાં બીજો મહત્ત્વનો મુદ્દો પ્રક્રિયાનો પેટન્ટ અધિકાર આપવાનો છે. અત્યારે ભારત જેવા અનેક દેશોએ માત્ર

ઔષધ સહિતના રસાયણ ઉદ્યોગ માટે જ આવો અધિકાર આપ્યો છે. દેશમાં ઔષધ ઉદ્યોગ વિકસે અને ગ્રાહકોને વાજબી ભાવે દવાઓ મળે એ જ હેતુ તેની પાછળ રહેલો છે. ડંકલે પ્રક્રિયા પેટન્ટ માટે ત્રણ પ્રકારે વચગાળાની વ્યવસ્થા સૂચવી છે :

(૧) જે દેશ પ્રક્રિયા પેટન્ટમાંથી વસ્તુના પેટન્ટ અધિકાર આપવા તરફ પ્રગતિ કરે તો તેને ૧૦ વર્ષનો સંક્રમણ કાળ આપવો.

(૨) જે દેશ પ્રક્રિયા પેટન્ટની વ્યવસ્થા જાળવી રાખવાનું નક્કી કરે તેને સંક્રમણ કાળ માટે માત્ર પાંચ વર્ષ આપવાં.

(૩) જો દેશ પ્રક્રિયામાંથી વસ્તુ પેટન્ટ પ્રથા તરફ આગળ વધવાનું નક્કી કરે તો પણ તેને રસાયણ ઉદ્યોગ સિવાયનાં તમામ ક્ષેત્રો માટે સંક્રમણ વ્યવસ્થા ઊભી કરવા પાંચ વર્ષ આપવાં.

પરંતુ ડંકલે તેની દરખાસ્તમાં 'સાબિતીનો બોજો' ઊંધો કરી નાખ્યો છે. ડંકલની દરખાસ્ત મુજબ, પેટન્ટવાળી વસ્તુ પેટન્ટમાં આવરી લેવાયેલી પ્રક્રિયા સિવાયની પ્રક્રિયા દ્વારા બનાવવામાં આવે તો, તે પ્રક્રિયાના વપરાશકારે એ સાબિત કરવાનું રહે છે કે એ પ્રક્રિયાથી પેટન્ટ ધારકના અધિકારનો ભંગ થતો નથી. અત્યારે પરિસ્થિતિ તદ્દન ઊંધી છે. એટલે કે પેટન્ટધારકે એ સાબિત કરવાનું હોય છે કે બીજાએ તેના અધિકારનો ભંગ કર્યો છે. આમ, સાબિતી આપવાની જવાબદારી અત્યારે પેટન્ટધારક ઉપર છે. હવે તે પેટન્ટનો ભંગ કરનાર ઉપર આવી જશે.

વળી, સમાનગુણી (આઈડેન્ટિકલ) વસ્તુ બનાવાય તો પણ પેટન્ટધારકના અધિકારનો ભંગ થાય છે એમ ડંકલ દરખાસ્ત કહે છે. એનો અર્થ એ થયો કે જે વસ્તુનો પેટન્ટ પેટન્ટધારકે મેળવી લીધો છે એની અવેજીવાળી વસ્તુનું ઉત્પાદન થઈ જ ન શકે અને એના ઉત્પાદનની પ્રક્રિયાનો પેટન્ટ પણ ન મળી શકે. આમ, પેટન્ટ–

ધારકનો અધિકાર ખૂબ વધી જશે અને એનાથી કંપનીઓનો ઈજારો ઉત્પન્ન થશે એ સ્પષ્ટ છે.

વળી, એક બીજો મુદ્દો પણ ટ્રિપ્સમાં છે. તેમાં કલમ ૩૪.૧ (એ) માં એમ કહેવાયું છે કે હયાત પેટન્ટમાં સમાવિષ્ટ હોય તેવી પ્રક્રિયા સિવાયની પ્રક્રિયાથી પણ નવી વસ્તુ ઉત્પન્ન થતી હોય તો એ પ્રક્રિયા વાપરનારની એ જવાબદારી છે કે તે સાબિત કરે કે એણે વાપરેલી પ્રક્રિયા તદ્દન જુદી છે.

## પેટન્ટધારકનો અધિકાર

આ જોગવાઈઓને કારણે એવી સ્થિતિ ઊભી થવાનો સંભવ રહે છે કે નવાં સંશોધનોનો ઉત્સાહ જ ઓગળી જાય અથવા વૈકલ્પિક પ્રક્રિયા શોધી કાઢવાની તમન્ના જ ઓછી થઈ જાય. કારણ કે નવી શોધ કરનારાને પણ તેની સામે હયાત પેટન્ટધારક કેસ કરશે એવો ભય રહે છે.

આમ, ડંકલની દરખાસ્તો પેટન્ટધારકના અધિકાર ઉપર ખૂબ જ ભાર મૂકે છે. એની આ અંગેની અન્ય દરખાસ્તોના અર્થ આવા પણ થાય છે : (૧) જેણે પેટન્ટ માટે અરજી કરી હોય અને એને પેટન્ટ હજુ ન મળ્યા હોય તો પણ તેને વસ્તુના વેચાણના અધિકારો આપવા. દુનિયાના કોઈ દેશના કોઈ પેટન્ટ કાયદામાં ક્યારેય આવી જોગવાઈ નથી થઈ. પેટન્ટ માટે અરજી કરનારને પેટન્ટ ન મળે ત્યાં સુધી તો તેની શોધ ઉપર તેનો કોઈ અધિકાર હોતો જ નથી. (૨) આંતરરાષ્ટ્રીય પેટન્ટ પરસ્પરાવલંબી બને છે. એટલે કે એક દેશમાં પેટન્ટ અપાયો હોય તો બીજા દેશમાં તેના વેચાણના અધિકારો એ પેટન્ટધારકને આપવા.

બીજી એક મહત્ત્વની અને અત્યંત ગંભીર બાબત એ છે કે પેટન્ટધારકને તેની શોધ ખાનગી રાખવાનો અધિકાર ડંકલ દરખાસ્ત આપે છે. ટ્રિપ્સની કલમ–૩૯માં આવો અધિકાર અપાયો

છે. વાસ્તવમાં પેટન્ટની આખી પ્રથાનો અર્થ એ છે કે શોધકે જે નવી શોધ કરી છે તેની જાણ દુનિયાને થાય અને એ રીતે દુનિયાની પ્રજાનું જ્ઞાન વધે. પણ જેણે શોધ કરી છે એને એની મહેનતનું ફળ મળે માટે એને પેટન્ટ આપવો. આમ, જ્ઞાનના પ્રચાર–પ્રસારની સમગ્ર ભાવના ઉપર જ ડંકલની આ દરખાસ્ત ઘા કરે છે.

આ જોગવાઈનો એક અર્થ એ પણ થાય કે કોઈ વિદેશી કંપની ભારતમાં આવીને એક પેટન્ટ મેળવે, પણ તેની પ્રક્રિયાની જાણ ભારતના લોકોને થાય જ નહિ. તો પછી શોધની માહિતી ઉપર ઈજારો સ્થપાય અને પેટન્ટધારકને યજમાન દેશની પ્રજાને ભોગે લાભ થાય. આમ ડંકલે પેટન્ટધારકને લગભગ ભગવાન જેવો બનાવી દીધો છે.

## પેટન્ટનો સમય

ડંકલે બીજી એક મહત્ત્વની દરખાસ્ત એ કરી છે કે પેટન્ટના રક્ષણનો અધિકાર ૨૦ વર્ષ માટેનો રાખવો. વાસ્તવમાં, પેટન્ટનું રક્ષણ કેટલા સમયગાળા માટે આપવું એના વિશે દુનિયમાં સર્વસંમતિ છે જ નહિ. પેરિસ કન્વેન્શનમાં તેના ઉપર સહી કરનારા દેશો માટે પણ આવો કોઈ સમયગાળો નિશ્ચિત કરાયો નથી. અત્યારે દુનિયાના દરેક દેશમાં આ ગાળો અલગ અલગ છે. ૨૦ વર્ષના ગાળાની પ્રથા યુરોપીય સમુદાય અને અમેરિકામાં છે માટે જ પસંદ કરાઈ લાગે છે. અગાઉ જાપાન આ સાથે સંમત નહોતું. પછી તે પણ સંમત થઈ ગયું. બે દાયકાના આ લાંબા પેટન્ટ ગાળા વિરુદ્ધ બે દલીલો કરાય છે : (૧) અત્યારે કોઈ ટેકનોલોજી એવી નથી કે જે બે દાયકા જેટલા લાંબા સમય સુધી જુનીપુરાણી ના બની જાય. (૨) પેટન્ટધારકને વિશ્વવ્યાપી બજાર મળી જશે અને એ મોટો ઈજારો ઊભો કરી દેશે.

ભારતમાં ૧૯૭૦માં પેટન્ટનો કાયદો ઘડવામાં આવ્યો. તેમાં

વસ્તુના પેટન્ટ માટે ૧૪ વર્ષ અને પ્રક્રિયાના પેટન્ટ માટે પાંચ વર્ષનું રક્ષણ આપવામાં આવ્યું છે. જો ડંકલ દરખાસ્તો અને ટ્રિપ્સની સમજૂતી યથાવત્ સ્વીકારાય તો આ કાયદો બદલવો પડે.

## ફરજિયાત પરવાનો

પેટન્ટ અંગે એક મહત્ત્વનું પાસું પેટન્ટના વેપારી ઉપયોગ વિશેનું છે. પેટન્ટના વેપારી ઉપયોગની ફરજ પાડવામાં આવે તો જ પેટન્ટ મેળવનાર વ્યક્તિ, સંસ્થા કે કંપનીની કોઈ ફરજ કે જવાબદારી ઊભાં થાય. જો આવી ફરજ ન પાડવામાં આવે તો પેટન્ટધારકને માત્ર અધિકારો જ મળે અને એની કોઈ ફરજો ઊભી જ ન થાય. એટલે પેટન્ટનો વેપારી ધોરણે ઉપયોગ થાય અને પેટન્ટ આપવાની પ્રથાનો દુરુપયોગ ના થાય તે માટે પેરિસ કન્વેન્શનમાં ફરજિયાત પરવાનાની પદ્ધતિ દાખલ કરાઈ છે.

આ પદ્ધતિનો અર્થ એ છે કે કોઈક કશાકનો પેટન્ટ અધિકાર ધરાવે પણ તેનો ઉપયોગ ઉત્પાદન માટે કરે જ નહિ. તો સત્તાવાળાઓ એ પેટન્ટનો ઉપયોગ કરવાનો અધિકાર તેવી ઇચ્છા ધરાવનાર બીજા કોઈને પણ આપી દેવાની સત્તા ધરાવે છે. પેટન્ટ અપાય પછી ત્રણ વર્ષ સુધી અથવા પેટન્ટ માટે અરજી કરાઈ હોય તેના ચાર વર્ષ સુધી જો પેટન્ટનો ઉપયોગ ન થાય તો પેટન્ટનો અધિકાર તબદીલ કરવાની સત્તા પેરિસ કન્વેન્શન હેઠળ જે તે દેશના સક્ષમ સત્તાવાળાને આપવામાં આવી છે. પરંતુ અનેક દેશોમાં પેટન્ટને કાર્યરત કરવાનું શક્ય બન્યું નથી. કારણ કે પેરિસ કન્વેન્શનની છેલ્લી ૧૯૬૭ની સ્ટોકહોમ સમજૂતીની કલમ ૫એ (૪) માં જણાવાયું છે કે પેટન્ટધારક જો પોતાની નિષ્ક્રિયતા માટે કાયદેસરનાં કારણો આપે તો તેને ફરજિયાત પરવાનાનો ઈન્કાર કરવાનો અધિકાર છે. સામાન્ય રીતે પેટન્ટધારક તેનાં વેપારી હિતો સંબંધી કારણો આગળ ધરીને છટકી જતો હોય છે.

ભારતના પેટન્ટ ધારામાં કલમ ૮૩માં આ અંગે જોગવાઈ કરાઈ છે. કલમ ૮૩–એમાં કહેવાયું છે કે ભારતમાં વ્યાપારી ધોરણે નવી શોધનો ઉપયોગ થાય અને ખોટા વિલંબ વિના શકય હોય તેટલા પ્રમાણમાં તે વાજબી રીતે વ્યવહારુ બને તે માટે પેટન્ટ આપવામાં આવે છે. વળી, કલમ ૮૩–બીમાં એમ પણ કહેવાયું છે કે પેટન્ટધારક પેટન્ટવાળી વસ્તુની આયાત માટે ઈજારો ધરાવે તે માટે કંઈ તેને પેટન્ટ આપવામાં આવતો નથી. વધુમાં, 'નિકાસ બજાર વિકસાવવામાં નિષ્ફળતા'ને પણ ફરજિયાત પરવાના માટેના એક કારણ તરીકે ભારતીય પેટન્ટ ધારામાં દર્શાવવામાં આવ્યું છે. આવી સખત જોગવાઈ હોવા છતાં પણ ભારતમાં ફરજિયાત પરવાનાની પ્રથા પૂરતા પ્રમાણમાં કાર્યરત થઈ શકી નથી. છેલ્લાં ૨૦ વર્ષમાં માત્ર બે જ ફરજિયાત પરવાના જારી કરાયા છે. ભારતમાં મોટા ભાગના પેટન્ટધારકો વિદેશીઓ છે એ જોતાં એમ લાગે છે કે પેટન્ટધારકો બીજા દેશોમાં પેટન્ટનો વ્યાપારી ધોરણે ઉપયોગ નહિ કરવાનું વલણ જ ધરાવે છે. એટલે કે કોઈક વિદેશી કંપનીએ નવી શોધ કરી હોય તો તેનો પેટન્ટ તે ભારતમાં લઈ લે એટલે બીજી કોઈ કંપની એ વસ્તુ ભારતમાં બનાવી ન શકે. એટલું જ નહિ પણ પેટન્ટધારક કંપની પોતે પણ ભારતમાં એ વસ્તુ ન ઉત્પન્ન કરે પણ પરદેશથી આયાત કરે.

## વિકસિત દેશોની આળપંપાળ

ફરજિયાત પરવાનાની ઉપરોકત પ્રથા વિકસિત દેશોને પહેલેથી જ નથી ગમી કારણ કે દુનિયાભરમાં મોટા ભાગના પેટન્ટ તેમની જ કંપનીઓ ધરાવે છે. ૧૯૮૦ના દાયકામાં પેરિસ કન્વેન્શનની સ્ટોકહોમ સમજૂતીમાં ફેરફાર કરવા માટે તેમણે ખૂબ પ્રયાસો કર્યા હતા. તેમણે 'ફરજિયાત પરવાના' (કમ્પલ્સરી લાયસન્સિંગ)ને બદલે 'અનૈચ્છિક પરવાના' (નોન–વોલન્ટરી લાયસન્સિંગ) જેવા

શબ્દો પણ દાખલ કરાવવાનો પ્રયાસ કર્યો હતો.

વિકસિત દેશોની આ ચાલ ડંકલની દરખાસ્તોમાં કારગત નીવડી છે. ટ્રિપ્સની સમજૂતીની કલમ–૩૧માં 'પેટન્ટધારકની મંજૂરી વિના અન્ય ઉપયોગ' એવા શીર્ષક નીચે આ બાબત લખવામાં આવી છે. આ શીર્ષકનો અર્થ એ થાય કે પેટન્ટની કામગીરીની શરતો એ પેટન્ટના બિનઅધિકૃત ઉપયોગ જેવી બની જાય છે. એમાં ફરજિયાત પરવાના અંગે કોઈ સ્પષ્ટ કારણો દર્શાવવામાં આવ્યાં નથી. આમ અહીં ડંકલનો મુસદ્દો પેરિસ કન્વેન્શનથી વિરુદ્ધ જાય છે. પેરિસ કન્વેન્શનમાં પેટન્ટનો વ્યાપારી ધોરણે ઉપયોગ ન થાય તેને તેનો દુરુપયોગ ગણવામાં આવ્યો છે: પણ ડંકલની દરખાસ્તમાં એવું નથી.

ડંકલની દરખાસ્તોમાં પેટન્ટધારકની મંજૂરી વિના પેટન્ટના ઉપયોગ અંગેની શરતોમાં ઉપયોગનો અવકાશ ખૂબ જ મર્યાદિત છે. ટ્રિપ્સની કલમ ૨૭.૧માં પેટન્ટધારક જો વસ્તુની આયાત કરે તો તેને પેટન્ટ કાર્યરત છે એમ ગણવામાં આવ્યું છે. એમાં લખવામાં આવ્યું છે કે, 'વસ્તુઓ આયાત કરાય કે સ્થાનિક રીતે ઉત્પન્ન કરાય' તો પણ પેટન્ટ આપવામાં આવશે. કલમ – ૩૧ (બી) માં પેટન્ટધારકની મંજૂરી વિના કયારે પેટન્ટનો ઉપયોગ થઈ શકે તેનાં નક્કર કારણો આપવામાં આવ્યાં નથી. એ ઉપરાંત કલમ ૩૧(જી) માં પેટન્ટ કાર્યરત બનાવવા માટે જો કોઈ પરવાનો આપવામાં આવ્યો હોય તો તેને રદ કરાવવાનો અધિકાર પેટન્ટ–ધારકને આપવામાં આવ્યો છે. આનો અર્થ એવો થાય કે પેટન્ટ–ધારક ઈચ્છે ત્યારે 'ફરજિયાત પરવાનો' મેળવી શકે. બીજો અર્થ એ થાય કે કોઈ ઉત્પાદક નિષ્ક્રિય પેટન્ટના ઉપયોગ માટે પણ તૈયાર ના થાય કારણ કે એનો પરવાનો રદ કરાવવાનો મનસ્વી અધિકાર પેટન્ટધારકને આપવામાં આવ્યો છે. ટ્રિપ્સની કલમ ૩૧

(એફ) માં એવી જોગવાઈ કરવામાં આવી છે કે પેટન્ટધારક પોતાના નિષ્ક્રિય પેટન્ટનો ઉપયોગ બીજું કોઈ કરવા ધારે તો તેના ઉપયોગ ઉપર નિયંત્રણો લાદી શકે છે. એટલે કે પેટન્ટધારક પેટન્ટનો ઉપયોગ કરનાર ઉપર નિકાસના બજારમાં પ્રવેશવા ઉપર પ્રતિબંધ મૂકી શકે અથવા તેની શોધનો અમુક જ પ્રકારે કે પ્રમાણમાં ઉપયોગ કરવા માટે ફરજ પાડી શકે. આમ, આપણે અગાઉ જોયું છે કે પૅરિસ કન્વેન્શનની ત્રીજા વિશ્વના ગરીબ દેશોની તરફેણ ન કરતી અનેક જોગવાઈઓ ડંકલે 'ટ્રિપ્સ'માં દાખલ કરી દીધી છે. જ્યારે તેમની તરફેણ કરતી ફરજિયાત પરવાના જેવી જોગવાઈઓનો છેદ ઉડાડી દીધો છે. આથી પેટન્ટની બાબતમાં એવું તારણ સ્પષ્ટ રીતે કાઢી શકાય કે ડંકલે ઔદ્યોગિક દેશોની જ તરફેણ કરી છે.

## દેશનો કાયદો ન સુધરે તોય ટ્રિપ્સ લાગુ પડે !

ટ્રિપ્સની સમજૂતીમાં એક વિચિત્ર દરખાસ્ત એ છે કે કોઈ દેશ ટ્રિપ્સની સમજૂતી મુજબ તેનો પેટન્ટનો કાયદો સુધારે નહિ તો પણ તેને ટ્રિપ્સની સમજૂતી મુજબની જોગવાઈઓ લાગુ પડે. કલમ ૭૦.૮ એમ જણાવે છે કે દવાઓ અને કૃષિગત રાસાયણિક પેદાશો માટેની પેટન્ટની અરજી ટ્રિપ્સની સમજૂતી અમલમાં આવે પછી જે તે દેશના સત્તાવાળાઓ દ્વારા સ્વીકારવામાં આવશે, પછી ભલે ને તે દેશે પોતાનો પેટન્ટ કાયદો સુધાર્યો ન હોય. આ કલમ એમ કહે છે કે દેશનો કાયદો ન સુધરે ત્યાં સુધી ટ્રિપ્સની સમજૂતી મુજબ પેટન્ટના નિયમો લાગુ પડશે.

આનો અર્થ એ થાય કે ભારતની સંસદે પેટન્ટના વર્તમાન કાયદામાં સુધારા કરતો ખરડો પસાર ન કર્યો હોય તો પણ જો ભારત સરકારે ટ્રિપ્સની હાલની સમજૂતીમાં સહી કરી હોય તો ટ્રિપ્સની સમજૂતી મુજબ ભારતમાં પેટન્ટધારકને અધિકારો મળી જાય. આવું દરેક દેશ માટે બને.

## ત્રીજા વિશ્વના ગ્રાહકો લૂંટાશે

આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં 'ટ્રેડ માર્ક' અને 'પેટન્ટ' મહદ્ અંશે મુક્ત વ્યાપાર આડેના અવરોધો તરીકે જ કામ કરતા રહ્યા છે. એટલે ઘણા વિકસિત દેશોએ પણ પેટન્ટના કાયદા ખૂબ જ મોડેથી બનાવ્યા હતા. ૧૯૬૭ સુધી ફ્રાન્સ અને પશ્ચિમ જર્મનીમાં દવાઓને પેટન્ટનું રક્ષણ અપાતું નહોતું. ઈટાલીમાં તો ૧૯૭૯ સુધી આવું રક્ષણ મળતું નહોતું. સ્પેનમાં તો હજુ ૧૯૯૨માં જ રસાયણો અને દવાઓને પેટન્ટનું રક્ષણ આપવાનું શરૂ થયું છે.

પેટન્ટની બાબતમાં ગરીબ અને તવંગર દેશો વચ્ચે અસમતુલા પ્રવર્તે છે. ત્રીજા વિશ્વમાં ૮૦ ટકા પેટન્ટ અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની અને સ્વિત્ઝર્લેન્ડની બહુરાષ્ટ્રીય કંપનીઓ ધરાવે છે અને તેમાંના ૯૫ ટકા પેટન્ટનો ઉપયોગ ત્રીજા વિશ્વના દેશોમાં ઉત્પાદન માટે કરવામાં આવતો નથી. આમ એ સ્પષ્ટ છે કે બહુરાષ્ટ્રીય કંપનીઓ ત્રીજા વિશ્વના સંશોધકો લાભ ન ઉઠાવે તેની કાળજી રાખવા માટે જ ત્રીજા વિશ્વમાં પેટન્ટ લે છે. બહુરાષ્ટ્રીય કંપનીઓ એમના દેશમાં ઉત્પાદન કરે અને ત્રીજા વિશ્વમાં તેની આયાત કરે અને ત્રીજા વિશ્વમાં તેનો પેટન્ટ હોય છતાં તેનું ઉત્પાદન ન કરે એનો અર્થ એ થયો કે ત્રીજા વિશ્વના ગ્રાહકો બહુરાષ્ટ્રીય કંપનીઓને સબસિડી આપે છે. આનો એક રસપ્રદ દાખલો જોવા જેવો છે.

ઈટાલીમાં ૧૯૭૯ સુધી દવાઓ અને તેના ઉત્પાદનની પ્રક્રિયાઓ પર પેટન્ટ આપવામાં નહોતા. પણ બ્રિટનમાં એવા પેટન્ટ અપાતા હતા. એટલે રોશે પ્રોડક્ટ્સ નામની કંપનીએ બ્રિટિશ નેશનલ હેલ્થ સર્વિસને લિબ્રિયમ અને વેલિયમ નામની બે ઊંઘની દવાઓ વેચી. પરંતુ ઈટાલીની તેની વેચાણ કિંમત કરતાં બ્રિટનમાં તેની વેચાણ કિંમત ૪૦ ગણી વધારે હતી. બ્રિટિશ ઈજારા પંચે તપાસ કરી તો તેને જાણવા મળ્યું કે રોશે પ્રોડક્ટ્સે તેની પિતૃ કંપનીને એક દવા માટે

એક કિલોગ્રામના ૯૨૫ ડોલર ચૂકવ્યા હતા. જ્યારે ઈટાલીમાં તે ૨૨.૫૦ ડોલરે મળતી હતી. એ જ રીતે બીજી દવાના તેણે તેની પિતૃ કંપનીને કિલોગ્રામ દીઠ ૨૩૦૫ ડોલર ચૂકવ્યા હતા. જ્યારે ઈટાલીમાં તે દવા માત્ર ૫૦ ડોલરે મળતી હતી. આમ ઈટાલીમાં પેટન્ટ નહોતા તો દવા સસ્તી હતી. જ્યારે બ્રિટનમાં પેટન્ટ હતા તો દવાઓ ખૂબ મોંઘી હતી. જો બ્રિટન જેવા વિકસિત દેશમાં આમ થતું હતું હોય તો બહુરાષ્ટ્રીય કંપની ત્રીજા વિશ્વના ગ્રાહકને લૂંટવામાં કોઈ મણા રાખે ખરી ?

ભારતના હાલના પેટન્ટ કાયદા મુજબ નીચેની બાબતો માટે પેટન્ટ આપવામાં આવતા નથી : (૧) ખેતી અથવા બાગાયતની પદ્ધતિઓ. (૨) મનુષ્યો, પ્રાણીઓ અથવા છોડની સારવાર માટેની કોઈ પણ પ્રક્રિયા. (૩) દવા કે આહાર માટે ઉપયોગમાં લેવાતા પદાર્થો. (૪) રાસાયણિક પ્રક્રિયા દ્વારા ઉત્પન્ન થતા પદાર્થો.

જો ભારત ટ્રિપ્સની સમજૂતી સ્વીકારે તો આ બધા ઉપર પેટન્ટ આપવા પડશે અને તો એ નિશ્ચિત છે કે આ તમામ વસ્તુઓના ભાવ વધશે.

## ટ્રિપ્સ અને દવાઓ

ડંકલની ટ્રિપ્સની સમજૂતી સ્વીકારવામાં આવે તો ભારતના દવા ઉદ્યોગને મોટી અસર થશે એમ માનવામાં આવે છે. ભારત સરકારના ભૂતપૂર્વ વાણિજ્ય સચિવ એ. વી. ગણેશને જુન ૧૯૯૩ના આરંભમાં એમ જણાવ્યું હતું કે ભારત ટ્રિપ્સની સમજૂતી સ્વીકારશે. આનો અર્થ એ થાય કે દવાઓના ક્ષેત્રમાં વસ્તુઓ એટલે કે દવાનો પેટન્ટ અધિકાર ઈ.સ. ૨૦૦૫ સુધીમાં દાખલ કરવાનો ભારતને માટે ફરજિયાત બની જશે. વાણિજ્ય સચિવે એમ પણ કહ્યું હતું કે પેટન્ટવાળી જે દવાની આયાત ભારતમાં મોટા પ્રમાણમાં કરવામાં આવતી હશે એ દવાનું ઉત્પાદન ભારતમાં જ કરવા માટે ફરજિયાત પરવાનાની પદ્ધતિનો ઉપયોગ

કરવા ભારત વિચારી શકે છે. વાણિજ્ય સચિવે એમ પણ જણાવ્યું હતું કે ભારતમાં દવાઓ માટે આવી પેટન્ટ પ્રથા દાખલ થવાથી દવાઓના ભાવ ખૂબ ઊંચા જશે એમ કહેવામાં આવે છે પણ એ એક અતિશયોક્તિભરી ભાષા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે સરકાર દવાઓના ભાવો પર નિયંત્રણ લાવવા માટે અનેક પગલાં લઈ શકે છે.

દાવો એવો કરવામાં આવે છે કે ભારતની પ્રજા જે દવાઓ વાપરે છે એના ખૂબ ઓછા પ્રમાણની દવાઓના ભાવમાં ટ્રિપ્સ સમજૂતીના સ્વીકારથી નજીવો વધારો થઈ શકે છે. આ દલીલ પાછળનું કારણ એમ દર્શાવવામાં આવે છે કે આજે આવશ્યક દવાઓ પેટન્ટની વ્યવસ્થાથી બહાર છે માટે તેમના ભાવ વધશે નહિ. પરંતુ આ કારણ દર્શાવવા પાછળ એવી ધારણા કામ કરે છે કે આવશ્યક દવાઓ માટેના બજાર ઉપર અત્યારની ચિકિત્સાત્મક દવાઓનું જ પ્રભુત્વ રહેશે.

## દવાના ભાવ વધશે જ

વાસ્તવમાં આ ધારણા બે કારણોસર ખોટી છે : (૧) ચિકિત્સા માટેની છેલ્લામાં છેલ્લી દવાઓ પેટન્ટ ધરાવે છે અને તેમનું જ બજાર ઉપર પ્રભુત્વ છે. (૨) વસ્તુના પેટન્ટનો સમય પૂરો થાય પછી દવાઓના ભાવ ઘટશે અને બજારના ફાળા ઉપર જે તે કંપનીનું પ્રભુત્વ ઘટશે એવી ધારણા રાખવી વધારે પડતી છે.

અહીં એક મહત્ત્વની બાબત એ છે કે બજારમાં પેટન્ટવાળી દવાઓનો ફાળો બજારમાં કેટલી નવી દવાઓ દાખલ થાય છે તેના ઉપર આધાર રાખે છે. ભારત સરકારનું ઉદ્યોગ મંત્રાલય એમ જણાવે છે કે ભારતમાં વેચાતી દવાઓના પાંચથી છ ટકા દવાઓ જ અમેરિકામાં પેટન્ટ ધરાવે છે. પરંતુ ઓપરેશન્સ રિસર્ચ ગ્રુપ (ઓઆરજી)નો તાજેતરનો એક અભ્યાસ એમ જણાવે છે કે ભારતમાં વેચાતી ૪૪ ટકા જેટલી દવાઓ અમેરિકામાં પેટન્ટ હેઠળ છે. જુદા

જુદા રોગ વાર આ વિગતો જોઈએ તો જણાય છે કે ભારતમાં વેચાતી અલ્સરવિરોધી ૯૯ ટકા દવાઓ, બેકટેરરિયાવિરોધી ૯૮ ટકા દવાઓ, હૃદયરોગ વિરોધી ૫૧ ટકા દવાઓ, ૫૩ ટકા એન્ટીબાયોટિકસ અને ૪૨ ટકા દમવિરોધી દવાઓ અમેરિકામાં પેટન્ટ હેઠળ છે.

ભારતમાં અત્યારે દવાઓ માટે પેટન્ટ આપવ઼માં આવતા નથી. જો પેટન્ટ આપવામાં આવે તો તેમના ભાવ આસમાને જઈ શકે છે. કારણ કે એ દવાઓમાં ઈજારો ઊભો થાય. આના થોડા દાખલા જોઈએ :

(૧) તાવવિરોધી ડિકલોફેનેક દવાનો ભાવ ભારતમાં એકમદીઠ રૂ. ૫.૬૭ જેટલો છે. જ્યારે અમેરિકામાં તેનો ભાવ રૂ. ૨૩૯.૪૭ જેટલો છે. તેનો પેટન્ટ ૧૯૮૮માં પૂરો થયો.

(૨) કેન્સરવિરોધી દવા વિનિક્રસ્ટાઈનનો ભાવ ભારતમાં એકમદીઠ ૨૮.૮૦ રૂ. હતો. જ્યારે અમેરિકામાં તેનો ભાવ રૂ.. ૧૦૬૮.૩૭ હતો. તેનો પેટન્ટ ૧૯૮૨માં પૂરો થયો.

(૩) વિષાણુવિરોધી દવા કેટાકોનાઝોલનો ભાવ ભારતમાં એકમદીઠ રૂ. ૯૯ છે જ્યારે અમેરિકામાં તેનો ભાવ રૂ. ૬૭૩.૬૭ છે. તેનો પેટન્ટ હજુ હવે ૧૯૯૯માં પૂરો થવાનો છે.

(૪) અલ્સરવિરોધી રેનિટિડાઈન નામક દવાનો ભાવ ભારતમાં એકમ દીઠ રૂ. ૨૯.૦૩ છે જ્યારે અમેરિકામાં તે રૂ. ૭૪૪.૬૫ના ભાવે વેચાય છે. તેનો પેટન્ટ હજુ ૧૯૯૫માં પૂરો થવાનો છે.

આમ એ સ્પષ્ટ છે કે જ્યાં દવાઓના પેટન્ટ અસ્તિત્વમાં છે ત્યાં દવાઓના ભાવ ઊંચા છે. જો ભારત પેટન્ટ આપવાનું શરૂ કરશે તો દવાઓના ભાવ ઊંચા જશે જ.

## પેટન્ટનો અંત અને ભાવ

બીજી એક મહત્ત્વની બાબત એ છે કે જે તે દવાના પેટન્ટનો અંત આવે પછી તે દવાના ભાવ ઘટશે કારણ કે તે દવા બનાવતી કંપનીનો ઈજારો તૂટશે અને બીજા ઉત્પાદકો પણ એ દવા બનાવશે.

એટલે એ દવાના બજારમાં સ્પર્ધા વધવાથી દવાના ભાવ નીચા આવશે અથવા વાજબી ભાવે દવા મળશે. થોડી વાર માટે આપણે એમ માની લઈએ કે આ ધારણા સાચી છે તો પણ પેટન્ટના રક્ષણનો ગાળો ડંકલની દરખાસ્ત અનુસાર ૨૦ વર્ષનો રહેશે. અને એ ૨૦ વર્ષના ગાળા દરમિયાન તો તે દવા ઊંચા ભાવે જ મળશે, કારણ કે ૨૦ વર્ષ સુધી તેમાં કોઈ સ્પર્ધા નહિ હોય.

વાસ્તવમાં આ ધારણા ખોટી છે, કારણ કે પેટન્ટના રક્ષણનો અંત આવી જાય તેનો અર્થ એ નથી થતો કે પેટન્ટધારક કંપનીના ઈજારાનો અંત આવે છે. નવા ડોઝ અને નવાં સંયોજનો દ્વારા એ કંપની ફરી પેટન્ટ મેળવી શકે છે. આમ એક યા બીજી રીતે પેટન્ટ ચાલુ જ રહે છે. અમેરિકાની સેનેટની એક સમિતિએ અભ્યાસ કરીને એમ કહ્યું હતું કે અમેરિકામાં વસ્તુનો પેટન્ટ ૧૭ વર્ષ માટે મળે છે પરંતુ ૧. ૩ અબજ ડોલરની દવાઓ માટે પેટન્ટનો ખરો કાર્યકાળ ૨૬ વર્ષનો રહ્યો હતો. જો અમેરિકામાં આવી ઈજારાશાહીની સ્થિતિ હોય તો ભારત સાહિતના ત્રીજા વિશ્વના દેશોમાં શું સ્થિતિ થાય એની કલ્પના સહેજે થઈ શકે છે.

## ભારતની કંપનીઓ

ઔષધ ઉદ્યોગ ક્ષેત્રે ભારતની સ્થિતિ ત્રીજા વિશ્વના અન્ય દેશો કરતાં સારી છે. ભારતમાં દવાઓના ભાવ વધારે તો છે જ પરંતુ ત્રીજા વિશ્વના અન્ય દેશોમાં દવાઓના ભાવ જેટલા ઊંચા છે એટલા ઊંચા ભારતમાં નથી. એનું કારણ એ છે કે ભારતના દવા બજારમાં સ્થાનિક કંપનીઓએ ઘણું મોટું કાઠું કાઢયું છે અને ઉત્પાદનની સ્વદેશી પ્રક્રિયાઓ વિકસાવી છે. ૧૯૮૯માં દુનિયાભરમાં ઔષધ ક્ષેત્રે સંશોધન અને વિકાસ માટે રૂ. ૧૮૭૦૦ કરોડ ખર્ચાયા હતા. ભારતમાં પણ એ વર્ષે રૂ. ૬૫ કરોડનો ખર્ચ થયો હતો. કુલ ૫૦૦ જેટલી જથ્થાબંધ દવાઓમાંથી ૨૫૦ જથ્થાબંધ દવાઓનું

ઉત્પાદન ભારતમાં થાય છે અને તેમાંની કેટલીક તો અત્યાધુનિક છે. ભારતના પેટન્ટ કાયદામાં દવાઓ માટે કોઈ પેટન્ટ આપવાની પ્રથા નથી માટે આ શકય બન્યું છે. આપણું જથ્થાબંધ દવાઓનું ઉત્પાદન ૧૯૭૫થી ૧૯૮૮ વચ્ચે ૩૮ ટકાથી વધીને ૮૨ ટકા અને ફોર્મ્યુલેશન્સનું ઉત્પાદન ૫૦ ટકાથી વધીને ૯૦ ટકા જેટલું થયું હતું. અત્યારે ઔષધ ઉદ્યોગનું કામકાજ રૂ. ૫૦૦૦ કરોડ જેટલું છે. જો ભારતમાં વિદેશી કંપનીઓને ઔષધ ક્ષેત્રે પેટન્ટ આપવામાં આવશે તો બહુરાષ્ટ્રીય કંપનીઓના માલથી દવા બજાર ઊભરાઈ જશે અને સ્વદેશી કંપનીઓની તથા નાના પાયાના ક્ષેત્રે કામ કરતાં એકમોની સ્થિતિ વણસશે. દેશમાં દવા ક્ષેત્રે ૨૦ મોટી સ્વદેશી કંપનીઓ અને ૧૨૦૦ જેટલાં નાના પાયાનાં એકમો કામ કરે છે. દવા ઉપરનો પેટન્ટ આ તમામ એકમોની આર્થિક ક્ષમતાને ઘણી ગંભીર અને વિપરીત અસર પહોંચાડી શકે છે.

## ચાંચિયાગીરી

વિકસિત દેશો એવો આક્ષેપ કરે છે કે તેઓ ખાસ કરીને રસાયણ અને દવાઓના ક્ષેત્રે જે નવી પ્રક્રિયાઓ કે પેદાશો મહામહેનતે શોધી કાઢે છે તેની જાણકારીનો ઉપયોગ ત્રીજા વિશ્વના ઉત્પાદકો એક પાઈ પણ ચૂકવ્યા વિના કરે છે અને આ ઔદ્યોગિક ચાંચિયાગીરી છે. એટલે વિકસિત દેશોની કંપનીઓને દવા ક્ષેત્રે જો પેટન્ટ આપવામાં આવે તો આવી ચાંચિયાગીરી રોકી શકાય અને ખરા સંશોધકોને તેમની મહેનતનું ફળ મળે.

તેઓ એમ પણ જણાવે છે કે ખરેખર તેમણે પોતે જે પ્રક્રિયા દ્વારા દવાનું ઉત્પાદન કર્યું છે એ જ પ્રક્રિયા દ્વારા ત્રીજા વિશ્વના દેશોની કંપનીઓ દવાનું ઉત્પાદન કરે છે કે નહિ તેની ચકાસણી ત્રીજા વિશ્વના દેશો કે કંપનીઓ તેમને કરવા દેતા નથી. તેથી જ તેઓ પ્રક્રિયાના પેટન્ટને બદલે વસ્તુના પેટન્ટની માગણી કરે છે.

પરંતુ જો આવા પેટન્ટનો સ્વીકાર કરવામાં આવે તો ભારતમાં બહુરાષ્ટ્રીય દવા કંપનીઓ દવાઓનું ઉત્પાદન કરે નહિ પણ દવાઓની આયાત જ કરે. આને કારણે સ્થાનિક ઉત્પાદકોને માટે અસ્તિત્વનો સવાલ ઊભો થઈ શકે છે. એ જ રીતે બહુરાષ્ટ્રીય કંપનીઓ સ્થાનિક ઉત્પાદકને બજારમાંથી સાફ કરી નાખવા માટે તેની દવાઓનું ડમ્પિંગ પણ કરી શકે છે. આમ, ચાંચિયાગીરી ટાળવાના કહેવાતા ઉદ્દેશ પાછળ વિકસિત દેશોનો હેતુ બહુરાષ્ટ્રીય દવા કંપનીઓની ધૂસણખોરી ત્રીજા વિશ્વમાં વધારવાનો છે એ ખૂબ સ્પષ્ટ છે.

વળી ડંકલની ટ્રિપ્સની કલમ-૨૮, કલમ-૩૪ અને કલમ-૨ એવી છે કે જો સ્વદેશી કંપનીએ ખરેખર સ્વદેશી રીતે સંશોધન હાથ ધરીને નવી દવા બનાવી હોય તો પણ વિદેશી કંપની તેની સામે ચાંચિયાગીરીનો આક્ષેપ મૂકી શકે છે. કારણ કે પેટન્ટનો વેપારી ધોરણે ઉપયોગ ન થતો હોય તો પણ સ્થાનિક ઉત્પાદન માટે પરવાનો આપી શકાય નહિ કે પેટન્ટ તદબીલ કરી શકાય નહિ.

ભારતનું દવા બજાર નકામી અને હાનિકારક દવાઓથી હાલ ઊભરાય છે એ હકીકત હોવા છતાં જો પેટન્ટ ધારો ટ્રિપ્સને અનુલક્ષીને બદલાય તો ભારતના દવા ઉદ્યોગને માથે મોટી આફત આવે એવા એંધાણ વર્તાય છે. વળી, ભાવનિયંત્રણની પદ્ધતિ દ્વારા ભાવ નીચા ર ખાશે એમ કહેવું એ છેતરપિંડી લાગે છે કારણ કે આયાતને પેટન્ટનો વેપારી ઉપયોગ ગણાશે ત્યારે બહુરાષ્ટ્રીય કંપનીઓની આયાતી દવાઓના ભાવ કંઈ ભારત સરકાર નક્કી નહિ કરી શકે.

## ફળદ્રુપ ભેજું અને સોફ્ટવેર

ડંકલની દરખાસ્ત પ્રક્રિયાના પેટન્ટ ઉપરથી વસ્તુના પેટન્ટ તરફ જવાની છે. આમાં એક મહત્વનું ક્ષેત્ર આવી જાય છે અને તે છે સોફ્ટવેરનું. સોફ્ટવેરમાં ટેકનોલોજીનાં અભૌતિક પાસાંનો સમાવેશ થાય છે. એટલે કે તેમાં મનુષ્યનું જ્ઞાન, તેનો અનુભવ,

સંગઠનાત્મક સ્વરૂપો, સંચાલન, સંસ્થાકીય માળખાં, કાનૂની જોગવાઈઓ અને નાણાંકીય પ્રોત્સાહનો વગેરે જેવી બાબતોનો સમાવેશ થાય છે. જેને આપણે કોમ્પ્યુટર તરીકે ઓળખીએ છીએ તે તો બાહ્ય ભાગ છે. જે દેખાય છે એ તો હાર્ડવેર છે. સોફ્ટવેર એની અંદર છે જે મનુષ્યે મુકેલું છે. મનુષ્યોએ પોતે મહેનત કરીને જે નવા વિચારથી શોધ કરી હોય છે એ શોધને એ કોમ્પ્યુટરમાં મૂકવામાં આવી હોય છે. ત્યારે કોમ્પ્યુટર ચાલે છે. કોમ્પ્યુટર વિજ્ઞાનની ભાષામાં તેને પ્રોગ્રામિંગ તરીકે ઓળખવામાં આવે છે. કોમ્પ્યુટરને જેવો પ્રોગ્રામ મનુષ્ય આપે તે મુજબ કોમ્પ્યુટર ચાલે.

ડંકલની દરખાસ્ત એમ કહે છે કે આ પ્રોગ્રામિંગને વસ્તુ ગણવી અને તેનો પેટન્ટ આપવો. દુનિયાભરમાં આને વિશે વિવાદ છે. કારણ કે આ પ્રોગ્રામિંગ એ માનવીના મનની નીપજ છે. અને એ અમૂર્ત છે એટલે કે ભૌતિક રીતે દર્શાવી શકાય નહિ.

અમેરિકામાં 'લીગ ફોર પ્રોગ્રામિંગ ફ્રીડમ' (પ્રોગ્રામિંગ સ્વાતંત્ર્ય સંઘ) નામની એક ખાનગી સંસ્થા છે. આ સંસ્થા એવો મત ધરાવે છે કે જગતભરમાં તમામ સોફ્ટવેર એ જાહેર બાબત છે, ખાનગી બાબત નથી. તેની મુખ્ય દલીલ એ છે કે સોફ્ટવેરનું સ્વરૂપ જ એવું છે કે તે ધીમે ધીમે વિકસે છે અને કહેવાતી તમામ શોધો એ આરંભમાં તો વિચારના સ્વરૂપમાં હોય છે. એટલે પેટન્ટની કચેરી માટે કોઈ શોધ ખરેખર નવી છે કે બીજા કોઈકના વિચાર ઉપર વિકસી છે એ શોધવાનું અઘરું બની જાય છે. વળી, બીજી એક મહત્ત્વની બાબત એ છે કે તમામ પ્રોગ્રામિંગ પદ્ધતિઓ પ્રકાશિત થતી નથી કારણ કે ઘણી વાર શોધકને પોતાની શોધ નવી નથી લાગતી પણ સાધારણ લાગે છે એટલે તે એને પ્રકાશિત કરતો નથી. વળી એમ પણ બને છે કે પ્રોગ્રામિંગ વિશેની વિગતો કોઈકને સામાન્ય વાતચીતમાં કહેવાઈ જાય છે. અથવા તો કોઈ પરિસંવાદ કે પરિષદમાં તે રજૂ પણ થાય છે.

આમ પ્રોગ્રામિંગની એલ્ગોરિધમ (કલનવિધિ) એ તો ગાણિતિક ફોર્મ્યુલા જેવી છે. અથવા તો તે વિચારના સ્વરૂપમાં છે કે પછી માનસિક છે. એથી એનો પેટન્ટ આપી શકાય નહિ એમ પ્રોગ્રામિંગ સ્વાતંત્ર્ય સંઘ માને છે. હજુ હમણાં સુધી અમેરિકાની સર્વોચ્ચ અદાલત પણ એમ જ માનતી હતી. જો કે હમણાં સોફ્ટવેરની સમગ્ર પ્રક્રિયાના અમુક ભાગોને પેટન્ટ આપવાની શરૂઆત અમેરિકામાં થઈ અને એ રીતે સોફ્ટવેર ઉદ્યોગ પણ પેટન્ટની વ્યવસ્થા હેઠળ આવવા માંડયો. કલનવિધિની પ્રક્રિયા માત્ર માનસિક પ્રક્રિયા નથી પણ એનું ટેકનોલોજીના સંદર્ભમાં મૂલ્ય છે એવું ધીમે ધીમે સ્વીકારાયું છે અને તેથી સોફ્ટવેરને પેટન્ટ હેઠળ લાવવાની રીતરસમ શરૂ થઈ છે. ડંકલ હવે આ પ્રક્રિયાને પૂરી કરવા માગે છે. તેઓ જેમ સજીવોનો પેટન્ટ આપવાના મતના છે એમ માનવીના વિચારનો પણ પેટન્ટ હોય એવો મત ધરાવે છે.

પણ પ્રોગ્રામિંગ સ્વાંતંત્ર્ય સંઘ માને છે કે સોફ્ટવેરમાં નવી શોધને પ્રોત્સાહન આપવા માટે પેટન્ટના રક્ષણની જરૂર નથી. અનેક શોધો પેટન્ટના રક્ષણ વિના જ સોફ્ટવેર ક્ષેત્રે થઈ છે. વળી, સોફ્ટવેરમાં પેટન્ટનું રક્ષણ આપવાથી નાના સાહસિકોને બદલે મોટી બહુરાષ્ટ્રીય કંપનીઓ લાભ ખાટી જાય તેવી શકયતા રહેલી છે. પરંતુ ડંકલે તો પહેલેથી જ એમ માની લીધેલું છે કે સોફ્ટવેરને પેટન્ટનું રક્ષણ આપી શકાય છે.

તાજેતરમાં બહાર પડેલો એક અહેવાલ એમ દર્શાવે છે કે અમેરિકાના પ્રભુત્વવાળો સોફ્ટવેર ઉદ્યોગ દર વર્ષે કોમ્પ્યુટર પ્રોગ્રામની ચોરી થવાને લીધે ૧૨ અબજ ડોલર ગુમાવે છે. એમ જણાવાય છે કે આવી સોફ્ટવેરની ચોરી એશિયામાં સૌથી વધારે થાય છે. જાપાન, થાઈલેન્ડ અને તાઈવાનમાં ૯૦ ટકા સુધી સોફ્ટવેરની ચોરી થાય છે. એવું પણ જણાવાય છે કે ૧૯૯૧માં

ભારતે કરેલી ચોરીને કારણે અમેરિકાની નિકાસને ૬.૩ કરોડ ડોલરનું નુકસાન થયું હતું. દુનિયાના સોફ્ટવેરના વેચાણમાં અમેરિકાનો ફાળો ૭૫ ટકા જેટલો છે. એમાં 'બિઝનેસ સોફ્ટવેર એલાયન્સ' નામના સંગઠનની સભ્ય કંપનીઓનો ફાળો ૭૦ ટકા જેટલો છે.

ભારતમાં સોફ્ટવેર નવો ઊગતો ઉદ્યોગ છે અને તે ઝડપથી વિકસી રહ્યો છે. સોફ્ટવેરની વપરાશ ભારતમાં ૧૯૯૧-૯૨માં રૂ. ૩૧૦ કરોડની હતી જે ૧૯૯૨-૯૩માં વધીને રૂ. ૪૯૦ કરોડ જેટલી થઈ હતી. ભારતની સોફ્ટવેરની નિકાસ ૧૯૯૧-૯૨માં રૂ. ૫૧૦ કરોડ જેટલી હતી જે ૧૯૯૨-૯૩માં રૂ. ૬૭૫ કરોડની થઈ હતી. ભારતની હાર્ડવેરની નિકાસ કરતાં આ નિકાસ બમણા કરતાંય વધારે છે. આ ઉદ્યોગને વધુ મજબૂત કરવાની આવશ્યકતા છે ત્યારે જ ડંકલની દરખાસ્ત આવી પડી છે.

જો કે સોફ્ટવેરને પેટન્ટ અપાય તો સોફ્ટવેરની ચોરી અટકી જશે. પરંતુ સોફ્ટવેરની નકલ કરી લેવાનું કામ માત્ર ભારતમાં જ થાય છે એવું નથી. તાજેતરમાં જ પ્રકાશિત થયેલા એક સમાચાર અનુસાર યુરોપીય સમુદાયમાં સોફ્ટવેરની ચોરી ઉત્તર અમેરિકા કરતાં બમણી છે અમેરિકામાં જ સોફ્ટવેરની ગેરકાનૂની આવૃત્તિઓનું પ્રમાણ ૪૦ ટકા જેટલું છે. બ્રિટનમાં ૫૦ ટકા તો પોર્ટુગલમાં એ પ્રમાણ ૯૦ ટકા જેટલું છે.

ભારતમાં હમણાં જ ઈન્ડિયન ફેડરેશન અગેઈન્સ્ટ સોફ્ટવેર થેફ્ટ (ઈન્ફાસ્ટ) નામે એક સંસ્થાની રચના થઈ છે. તે પણ સોફ્ટવેરને કાનૂની રક્ષણ અપાવવા માગે છે. પરંતુ તેનું માનવું છે કે સોફ્ટવેરનું લેખન ખૂબ લાક્ષણિક કળા છે. અને પુસ્તકના લેખનની સાથે તેને સરખાવી શકાય નહિ. માટે ભારતમાં તદ્દન નવા જ કોપીરાઈટ કાયદા હેઠળ કોઈ નવા સોફ્ટવેરને ૧૫ વર્ષનું રક્ષણ અપાવું જોઈએ એવી તેની માગણી છે. હાલના કોપીરાઈટ

કાયદા હેઠળ ભારતમાં સાહિત્યિક પુસ્તકોની ગેરકાનૂની નકલ કે તેના વ્યાપારને ગુનો ગણવામાં આવે છે. પરંતુ ઈન્ફાસ્ટ માગે છે કે કોપીરાઈટ ધરાવતા સોફ્ટવેરના ગેરકાનૂની કબજાને પણ ગુનો ગણાવો જોઈએ. પરંતુ અનેક નિષ્ણાતો એમ માને છે કે આ માગણી વ્યવહારુ નથી કારણ કે કોમ્પ્યુટરમાં ઉપયોગમાં લેવાતી ફ્લોપી પર સોફ્ટવેરની નકલ કરી શકાય છે.

ડંકલની દરખાસ્ત મુજબ જો સોફ્ટવેર માટે પેટન્ટ અપાય તો એક દેશમાં લીધેલ પેટન્ટ બીજા દેશમાં પણ લાગુ પડે. આમ થવાથી તો ભારતના સોફ્ટવેર ઉદ્યોગને ભારે માર પડે. એટલે સ્થાનિક રીતે ઉત્પન્ન થયેલ સોફ્ટવેરને કોપીરાઈટનું રક્ષણ આપવાનું ઝાઝું વ્યવહારુ લાગે છે. આ સંદર્ભમાં ઈન્ફાસ્ટની માગણી વાજબી જણાય છે. તે કહે છે કે કોઈક સોફ્ટવેરની આકસ્મિક રીતે નકલ થતી હોય તો પણ સ્વતંત્ર રીતે આંશિક કે પૂર્ણપણે વિચારના સંદર્ભમાં સોફ્ટવેર વિકસાવવામાં આવે તેને કોપીરાઈટના કે પેટન્ટના ભંગરૂપ ન ગણવું જોઈએ.

કોઈ એક વ્યક્તિ યુરોપમાં કોઈક સોફ્ટવેર વિકસાવતી હોય અને એવો જ પ્રયાસ કોઈક શોધક ભારતમાં કરતો હોય તેવા કિસ્સામાં જો યુરોપનો શોધક વહેલી શોધ કરી નાખે અને તેનો પેટન્ટ લઈ લે તો પછી ભારતનો શોધક તેની શોધ પૂરી થયે પેટન્ટ ન લઈ શકે તેમ જ તેની શોધનો ઉપયોગ કરે તો તે પેટન્ટ ધારકના અધિકાર પર તરાપ છે એમ ડંકલ કહે છે. આ ખરેખર વિચિત્ર બાબત છે અને તેનો ઈન્ફાસ્ટ વિરોધ કરે છે. શું અમુક જ પ્રકારની શોધ કરવાનો વિચાર જગતમાં એકસાથે બે વ્યક્તિઓને આવી જ ના શકે ? અને જો એક વ્યક્તિ શોધ કરવામાં સહેજ મોડી પડે તો એની મહેનતનું શું ? ડંકલ પાસે આનો જવાબ છે જ નહિ.

●

# ૮

# ગરીબ ગ્રાહકોનું પરાવલંબન

ડંકલની દરખાસ્તોના સંદર્ભમાં અને 'ગેટ'ના ઉરુગ્વે દોરને પૂરો કરવા ચાલતી મંત્રણાઓના સંદર્ભમાં આંતરરાષ્ટ્રીય ગ્રાહક સંઘ સંગઠન (ઈન્ટરનેશનલ ઓર્ગેનિઝેશન ઓફ કન્ઝયુમર યુનિયન્સ-આઈઓસીયુ) અને યુરોપીયન બ્યુરો ઓફ કન્ઝયુમર યુનિયન્સ (બીઈયુસી) દ્વારા ખૂબ વિગતવાર દુનિયાભરના ગ્રાહકોના પ્રશ્નોને ધ્યાનમાં રાખીને ખાસ કરીને ખેતી અંગેની ભલામણો વિશે પોતાનો મત વ્યક્ત કરાયો છે. દુનિયાનો વ્યાપાર એની નવી તરાહ ઊભી કરી રહ્યો છે ત્યારે ગ્રાહકો વતી તેમનો અવાજ રજૂ કરવાના આ પ્રયાસે નોંધપાત્ર ધ્યાન પણ ખેંચ્યું છે. 'ગેટ' અન્વયે દુનિયાના વ્યાપારને નવો આકાર મળી જવાનો છે અને તેનાથી દુનિયાભરના ગ્રાહકોની રોજિંદી ખરીદી ઉપર અસર થવાની છે. વસ્તુઓ હોય કે સેવાઓ-એમના વ્યાપાર થકી એમની કિંમતો બદલાય છે અને એની અસર ગ્રાહકોનાં ખિસ્સાં પર તરત જ પડે છે. દુનિયાની એકેએક વ્યક્તિ ગ્રાહક છે કારણ કે એ કોઈકને કોઈક સેવા કે વસ્તુનો ઉપભોગ કરે છે. એટલે દુનિયાની સમગ્ર પ્રજાના હિતમાં અને ખાસ કરીને ગરીબ પ્રજાના હિતમાં આ બે ગ્રાહક સંગઠનોએ જે મુદ્દા રજૂ કર્યા છે એ ખૂબ અગત્યના થઈ પડે છે.

## ભલામણો

આ બંને સંગઠનોએ ખેતીના વ્યાપાર અંગે જે ભલામણો રજૂ કરી છે તેમાંની કેટલીક નીચે મુજબ છે :

(૧) 'ગેટ'ની વાટાઘાટોમાં સૌ પ્રથમ પ્રાથમિકતા ખેતપેદાશોના વ્યાપારમાં ઉદારીકરણ લાવવાની હોવી જોઈએ કે જેથી ત્રીજા

વિશ્વના દેશોની ખેતી વિકસી શકે અને વિશ્વની ગરીબ પ્રજા પૂરતો આહાર પામી શકે.

(૨) ખેત ઉત્પાદન સાથે સબસિડી જોડવી જોઈએ નહિ પરંતુ ખેતીની નીતિઓના સામાજિક ઉદ્દેશો સાથે તેને જોડવી જોઈએ.

(૩) ખેતીના આંતરરાષ્ટ્રીય ઉદારીકરણની વિશ્વની ગરીબ પ્રજાઓ પર પડતી અસરનું મૂલ્યાંકન થવું જોઈએ કે જેથી નિકાસ માટેના ઉત્પાદનની સાથે સાથે સ્થાનિક વપરાશ માટે પણ અનાજનું ઉત્પાદન થાય.

(૪) 'ગેટ'ની સમજૂતીનો અમલ થવાથી ટૂંકા ગાળા માટે જે દેશોને ખૂબ ઊંચા ભાવે અનાજની આયાત કરવી પડે તેમને વચગાળાની વધારાની સહાય કરવી જોઈએ. જે દેશો લાંબા સમય સુધી ખેતપેદાશો-ની આયાત કરનારા જ રહે તેમને પણ વધુ રાહતો આપવી જોઈએ.

(૫) યુરોપીય સમુદાય અને અમેરિકાએ અનાજના વધુ પડતા જથ્થાનો નિકાલ એમને ત્યાં ભાવ ઘટાડીને કરવો જાઈએ. ઉપરાંત તાકીદતાની પરિસ્થિતિમાં અન્ન સહાય આપવા માટે તેમણે તૈયાર રહેવું જોઈએ અને જંગી સબસિડી દ્વારા વિશ્વના અન્ન બજારને મંદીમાં ઘસડી જવું જોઈએ નહિ.

(૬) આયાત ઉપરની જકાતો તબક્કાવાર દૂર કરવી જોઈએ અને ગરીબ દેશો સામેની જકાતો દૂર કરીને એનો આરંભ કરવો જોઈએ.

(૭) નિકાસ માટેની સીધી કે આડકતરી સબસિડીઓ અને આયાત ઉપરનાં નિયંત્રણો તબક્કાવાર દૂર કરવાં જોઈએ અને તે ખેત-પેદાશો ઉપરાંત પ્રક્રિયાગત ખેતપેદાશોને પણ લાગુ પાડવાં જોઈએ.

## ગ્રાહકોનો ઢંઢેરો

બંને ગ્રાહક સંગઠનોએ ડંકલની દરખાસ્તો અને ઉરુગ્વે દોરની મંત્રણાઓને અંતે થનારી સમજૂતી સામે ગ્રાહકો વતી પોતાનો ઢંઢેરો રજૂ કર્યો છે. આ ઢંઢેરો દુનિયાના તમામ ગ્રાહકોને લક્ષમાં

રાખીને ઘડાયો છે. એના મહત્ત્વના બે મુદ્દા આ પ્રમાણે છે :

(૧) 'ગેટ' હેઠળ ચાલતી વાટાઘાટોની સૌ પ્રથમ પ્રાથમિકતા વિશ્વની ગરીબ પ્રજાને વધારે અનાજ મળે તે હોવી જોઈએ. આહારની પ્રાપ્તિ એ મૂળભૂત માનવ અધિકાર છે અને અનેક ગરીબ દેશોમાં અસંખ્ય લોકોને પૂરતું ખાવાનું મળતું નથી. દુનિયામાં દર બે સેકન્ડે એક બાળક ભૂખમરાથી મરે છે અને મંત્રણાઓ કરનારા લોકોએ આ ગરીબોને આહાર મળે તે વિશે સૌથી વધારે ચિંતિત રહેવું જોઈએ. દુનિયાના ૯૦ ટકા ગરીબ અને અપોષણથી પિડાતા લોકો ગામડાંઓમાં રહે છે અને તેઓ જ ખેતી ઉપર આવક તથા આહાર માટે આધાર રાખતા હોય છે. એટલે કે ત્રીજા વિશ્વમાં ગરીબ ખેડૂતોનું જીવનધોરણ સુધરે એ એક મોટો ગ્રાહકલક્ષી પ્રશ્ન છે. આથી તેમને તેમના ઉત્પાદનના વાજબી ભાવ મળે એ જરૂરી છે. ધનવાન દેશોની ખેતી ક્ષેત્રે સંરક્ષણવાદી નીતિને લીધે વિશ્વના બજારમાં ખેતપેદાશોના ભાવ નીચા જાય છે. આથી ગરીબ દેશોની ચુકવણીની તુલાની સ્થિતિ બગડે છે. એટલું જ નહિ, ગરીબ દેશોના ખેડૂતોને તેમના ઉત્પાદનના નીચા ભાવ મળે છે. વળી, નિકાસલક્ષી ખેત-પેદાશોના ભાવ નીચા હોવાને લીધે ગરીબ દેશોને એવી ખેતપેદાશોની વધુ નિકાસ કરવી પડે છે અને એવી પેદાશોનું વધારે ઉત્પાદન કરવું પડે છે. આવી પરિસ્થિતિનો અંત આવવો જોઈએ. (૨) નિકાસ પરની તમામ સબસિડીઓ ૧૦ વર્ષમાં દૂર થાય તેવા હેતુ સાથે સંરક્ષણવાદી નીતિઓમાં ધનવાન દેશોએ તત્કાળ ઘટાડો કરવાનું શરૂ કરવું જોઈએ.

૧૯૮૦ના દાયકાના મધ્યમાં યુરોપીય સમુદાયે દર વર્ષે ૧૦ કરોડ ડૉલર તેની ખેતપેદાશોની નિકાસ માટે સબસિડી તરીકે વાપર્યા હતા. આને લીધે વિશ્વના બજારમાં ખેતપેદાશોના ભાવ ૧૬ ટકા જેટલા ઘટી ગયા હતા. આને કારણે ત્રીજા વિશ્વના દેશોને

નીચા ભાવે વધારે નિકાસ કરવી પડે છે. જો નિકાસ ઉપરની સબસિડી ઘટશે તો પશ્ચિમના ગ્રાહકોને સસ્તા ભાવે અનાજ મળશે અને ગરીબ દેશોની નિકાસના ભાવ વધતાં ગરીબ ખેડૂતોની આવક વધશે. આમ દુનિયાના બધા ગ્રાહકોને લાભ થશે.

## ત્રણ જોખમો

ગ્રાહક સંગઠનો જણાવે છે કે 'ગેટ'ની ડંકલ દરખાસ્તો હેઠળ ચાલતી વાટાઘાટોને પરિણામે દુનિયાભરના ગ્રાહકો સામે ત્રણ ગંભીર જોખમો ઊભાં થાય છે :

(૧) અન્નની સુરક્ષા માટેના નિયમોની આખરી સત્તા રાષ્ટ્રીય સરકારોના હાથમાંથી લઈને નિષ્ણાત વિજ્ઞાનીઓના એક આંતરરાષ્ટ્રીય જૂથને સોંપવાની હિલચાલ ડંકલે સૂચવી છે. આરોગ્ય અંગેનાં નિયમનો આંતરરાષ્ટ્રીય સંગઠનો દ્વારા સ્થાપિત યોગ્ય ધોરણોને આધારે ઘડવાં. આનો અર્થ એ થયો કે અન્નની સુરક્ષા અંગેના નિયમો પ્રજા દ્વારા ન ચૂંટાયેલા અને પ્રજાને સીધી રીતે જવાબદાર ન હોય તેવા અમલદારો ઘડશે. બીજો મુદ્દો એ છે કે મનુષ્ય, પ્રાણી અને વનસ્પતિનું જીવન રક્ષવા માટેનાં પગલાં 'મજબૂત વૈજ્ઞાનિક પુરાવા' સાથે બંધબેસતાં હોવાં જોઈએ એમ ડંકલ સૂચવે છે.

આનો અર્થ એ થયો કે જો વિજ્ઞાનીઓ સંમત ન થાય તો ગ્રાહકોને થતી ચિંતા આવા ધોરણ લાદવા માટેનું કારણ બની શકે નહિ. આ બંને દરખાસ્તો માટે અમેરિકા આગ્રહ રાખી રહ્યું છે. આરોગ્ય અને સુરક્ષાનાં ધોરણો નીચાં લાવવા માટેની આ ચાલ છે. દુનિયાભરમાં આ માટે એક જ પ્રકારનાં ધોરણો લાદવાની આ ચાલ છે.

(૨) ખેતપેદાશોના ધંધામાં પડેલી મોટી કંપનીઓ ઉરુગ્વે રાઉન્ડને વિશ્વનો અન્ન વ્યાપાર અંકુશમુકત કરવા માટેની તક તરીકે જુએ છે. અમેરિકાની કંપનીઓ વર્ષોથી કૃષિમાં મુકત વ્યાપાર માટે પ્રયાસ કરતી આવી છે. હવે એવો નિયંત્રણમુકત કૃષિ

રાખીને ઘડાયો છે. એના મહત્ત્વના બે મુદ્દા આ પ્રમાણે છે :

(૧) 'ગેટ' હેઠળ ચાલતી વાટાઘાટોની સૌ પ્રથમ પ્રાથમિકતા વિશ્વની ગરીબ પ્રજાને વધારે અનાજ મળે તે હોવી જોઈએ. આહારની પ્રાપ્તિ એ મૂળભૂત માનવ અધિકાર છે અને અનેક ગરીબ દેશોમાં અસંખ્ય લોકોને પૂરતું ખાવાનું મળતું નથી. દુનિયામાં દર બે સેકન્ડે એક બાળક ભૂખમરાથી મરે છે અને મંત્રણાઓ કરનારા લોકોએ આ ગરીબોને આહાર મળે તે વિશે સૌથી વધારે ચિંતિત રહેવું જોઈએ. દુનિયાના ૯૦ ટકા ગરીબ અને અપોષણથી પિડાતા લોકો ગામડાંઓમાં રહે છે અને તેઓ જ ખેતી ઉપર આવક તથા આહાર માટે આધાર રાખતા હોય છે. એટલે કે ત્રીજા વિશ્વમાં ગરીબ ખેડૂતોનું જીવનધોરણ સુધરે એ એક મોટો ગ્રાહકલક્ષી પ્રશ્ન છે. આથી તેમને તેમના ઉત્પાદનના વાજબી ભાવ મળે એ જરૂરી છે. ધનવાન દેશોની ખેતી ક્ષેત્રે સંરક્ષણવાદી નીતિને લીધે વિશ્વના બજારમાં ખેતપેદાશોના ભાવ નીચા જાય છે. આથી ગરીબ દેશોની ચુકવણીની તુલાની સ્થિતિ બગડે છે. એટલું જ નહિ, ગરીબ દેશોના ખેડૂતોને તેમના ઉત્પાદનના નીચા ભાવ મળે છે. વળી, નિકાસલક્ષી ખેત-પેદાશોના ભાવ નીચા હોવાને લીધે ગરીબ દેશોને એવી ખેતપેદાશોની વધુ નિકાસ કરવી પડે છે અને એવી પેદાશોનું વધારે ઉત્પાદન કરવું પડે છે. આવી પરિસ્થિતિનો અંત આવવો જોઈએ. (૨) નિકાસ પરની તમામ સબસિડીઓ ૧૦ વર્ષમાં દૂર થાય તેવા હેતુ સાથે સંરક્ષણવાદી નીતિઓમાં ધનવાન દેશોએ તત્કાળ ઘટાડો કરવાનું શરૂ કરવું જોઈએ.

૧૯૮૦ના દાયકાના મધ્યમાં યુરોપીય સમુદાયે દર વર્ષે ૧૦ કરોડ ડોલર તેની ખેતપેદાશોની નિકાસ માટે સબસિડી તરીકે વાપર્યા હતા. આને લીધે વિશ્વના બજારમાં ખેતપેદાશોના ભાવ ૧૬ ટકા જેટલા ઘટી ગયા હતા. આને કારણે ત્રીજા વિશ્વના દેશોને

નીચા ભાવે વધારે નિકાસ કરવી પડે છે. જો નિકાસ ઉપરની સબસિડી ઘટશે તો પશ્ચિમના ગ્રાહકોને સસ્તા ભાવે અનાજ મળશે અને ગરીબ દેશોની નિકાસના ભાવ વધતાં ગરીબ ખેડૂતોની આવક વધશે. આમ દુનિયાના બધા ગ્રાહકોને લાભ થશે.

## ત્રણ જોખમો

ગ્રાહક સંગઠનો જણાવે છે કે 'ગેટ'ની ડંકલ દરખાસ્તો હેઠળ ચાલતી વાટાઘાટોને પરિણામે દુનિયાભરના ગ્રાહકો સામે ત્રણ ગંભીર જોખમો ઊભાં થાય છે :

(૧) અન્નની સુરક્ષા માટેના નિયમોની આખરી સત્તા રાષ્ટ્રીય સરકારોના હાથમાંથી લઈને નિષ્ણાત વિજ્ઞાનીઓના એક આંતરરાષ્ટ્રીય જૂથને સોંપવાની હિલચાલ ડંકલે સૂચવી છે. આરોગ્ય અંગેનાં નિયમનો આંતરરાષ્ટ્રીય સંગઠનો દ્વારા સ્થાપિત યોગ્ય ધોરણોને આધારે ઘડવાં. આનો અર્થ એ થયો કે અન્નની સુરક્ષા અંગેના નિયમો પ્રજા દ્વારા ન ચૂંટાયેલા અને પ્રજાને સીધી રીતે જવાબદાર ન હોય તેવા અમલદારો ઘડશે. બીજો મુદ્દો એ છે કે મનુષ્ય, પ્રાણી અને વનસ્પતિનું જીવન રક્ષવા માટેનાં પગલાં 'મજબૂત વૈજ્ઞાનિક પુરાવા' સાથે બંધબેસતાં હોવાં જોઈએ એમ ડંકલ સૂચવે છે.

આનો અર્થ એ થયો કે જો વિજ્ઞાનીઓ સંમત ન થાય તો ગ્રાહકોને થતી ચિંતા આવા ધોરણ લાદવા માટેનું કારણ બની શકે નહિ. આ બંને દરખાસ્તો માટે અમેરિકા આગ્રહ રાખી રહ્યું છે. આરોગ્ય અને સુરક્ષાનાં ધોરણો નીચાં લાવવા માટેની આ ચાલ છે. દુનિયાભરમાં આ માટે એક જ પ્રકારનાં ધોરણો લાદવાની આ ચાલ છે.

(૨) ખેતપેદાશોના ધંધામાં પડેલી મોટી કંપનીઓ ઉરુગ્વે રાઉન્ડને વિશ્વનો અન્ન વ્યાપાર અંકુશમુક્ત કરવા માટેની તક તરીકે જુએ છે. અમેરિકાની કંપનીઓ વર્ષોથી કૃષિમાં મુક્ત વ્યાપાર માટે પ્રયાસ કરતી આવી છે. હવે એવો નિયંત્રણમુક્ત કૃષિ

વ્યાપાર દાખલ કરાવવા તેઓ ગેટનો ઉપયોગ કરી રહ્યા છે. દુનિયાનો ૯૦ ટકા કૃષિ વ્યાપાર અત્યારે ગણીગાંઠી બહુરાષ્ટ્રીય કંપનીઓના હાથમાં છે. જો સંપૂર્ણપણે મુકત વ્યાપાર સ્થપાય તો આ કંપનીઓના હાથમાં ખેતપેદાશોના નિરંકુશ વેપારનો ઈજારો ઊભો થાય.

જો ડંકલની દરખાસ્તો મુજબ ખેતસાધનોનો પુરવઠો પૂરો પાડવાના કાર્યક્રમોનો અંત આવી જાય તો આ કંપનીઓ દુનિયાના મૂડીપ્રધાન દેશોમાં ખેતીનું ઉત્પાદન વધુ રસાયણો અને ઊર્જા વાપરીને ખૂબ વધારી દે. પરિણામે અનાજનો મોટો જથ્થો ઊભો થાય અને તેથી ત્રીજા વિશ્વના ગરીબ ખેડૂતોને તેમ જ ધનવાન દેશોના નાના ખેડૂતોને પણ નુકસાન જાય. વળી, જમીન અને પાણીની જાળવણી અને બચત માટેના પ્રયાસો પણ સરકારોએ છોડી દેવા પડે. એ જ રીતે આયાત ઉપરનાં નિયંત્રણો દૂર થઈ જાય તો ત્રીજા વિશ્વના દેશો અનાજમાં સ્વાવલંબન સાધી શકે નહિ. આયાત ઉપર નિયંત્રણ ન હોય તો સ્થાનિક ખેડૂતો તેમનું ઉત્પાદન ન વેચી શકે. એટલે ધીમે ધીમે તેઓ ખેતી કરવાનું બંધ કરી દે. એટલે આયાતની વધુ જરૂરિયાત ઊભી થાય. એટલે આયાત માટે દેશે દેવું કરવું પડે. અથવા રોકડિયા પાકનું વધુ વાવેતર કરવું પડે કારણ કે તેની જ નિકાસ કરી શકાય. આમ થવાથી ખેડૂતો, ગ્રાહકો અને પર્યાવરણ બધાને નુકસાન થાય.

(૩) વિશ્વનો અન્ન વ્યાપાર વધારવાનો હેતુ ડંકલની દરખાસ્તોમાં છે. ત્રીજા વિશ્વના દેશો અનાજની આયાત કરે અને રોકડિયા પાકોની નિકાસ કરે એવી ધનવાન દેશોની માગણી છે. 'ગેટ'ની કલમ ૧૧–૨ (એ) હેઠળ સભ્ય દેશને અછતના સમયે અનાજની નિકાસ ઉપર અંકુશ લાદવાની કે પ્રતિબંધ મૂકવાની પરવાનગી અપાઈ છે. અમેરિકાએ આ પરવાનગી રદ કરવાની દરખાસ્ત મૂકી છે. એ દરખાસ્ત પસાર થાય તો ત્રીજા વિશ્વના દેશોના ગ્રાહકો અન્ન જેવી પ્રાથમિક અને આવશ્યક ચીજવસ્તુ માટે પરાવલંબી બની જશે.

●

## ૯

# ડંકલનો ડંકો અંતે ક્યાં લઈ જશે ?

ઉરુગ્વે દોરની મંત્રણાઓ હાલ અનેક સ્તરે ચાલી રહી છે. ૧૯૯૦ના અંત સુધીમાં એ પૂરી કરવાની હતી. પરંતુ અનેક વિવાદોને લીધે પૂરી થઈ શકી નથી. હવે ૧૯૯૩ સુધીમાં એ પૂરી કરવી એવું ધ્યેય રાખવામાં આવ્યું છે. આ માટે ડંકલની દરખાસ્તોના સંદર્ભમાં આખરી સમજૂતીઓ તૈયાર થઈ રહી છે. ખાસ કરીને અમેરિકા, કેનેડા, જાપાન અને યુરોપીય સમુદાય (ના ૧૨ દેશો) તેમની વચ્ચેના મતભેદો દૂર કરીને સર્વસંમતિ લાવવા માટે પ્રયાસ કરી રહ્યા છે. આ દેશો દુનિયામાં મોટા ભાગનો વ્યાપાર ધરાવે છે. એમની વચ્ચે માંહોમાંહે સમજૂતી થઈ પછી મહદ્ અંશે ત્રીજા વિશ્વના દેશોને એમાં સહી કર્યા વિના છૂટકો નહિ થાય. દુનિયાભરના ઘણા બધા દેશોને એમાં એક યા બીજા દબાણને લીધે સહી કરવાની ફરજ પડશે. ભારત પાસે પણ બીજો કોઈ વિકલ્પ નથી એમ કહેવામાં આવે છે.

### ‘ગેટ’ની પસંદગી શા માટે ?

પ્રશ્ન એ છે કે આંતરરાષ્ટ્રીય વ્યાપારના સંદર્ભમાં દુનિયાના અર્થકારણને બદલી નાખનારી આ ડંકલ દરખાસ્તો જે ઉરુગ્વે દોરને કારણે આવી એ ઉરુગ્વે દોરમાં અનેક નવા મુદ્દાઓ ‘ગેટ’માં દાખલ થાય તે જોવામાં આવ્યું છે. આ કામ મહદ્ અંશે અમેરિકાએ અને પછી બીજા ધનવાન દેશોએ કર્યું છે. આ દેશોએ વિશ્વના અર્થતંત્રને નવો આકાર આપવા માટે ‘ગેટ’ ઉપર પસંદગી ઉતારી એનાં મહત્ત્વનાં કારણો નીચે મુજબ છે :

(૧) ત્રીજા વિશ્વના દેશો હૂંડિયામણ કમાવા માટે તનતોડ

મહેનત કરી રહ્યા છે. એવે ટાણે તેઓ આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ અને વિશ્વ બેંકની શરતોનો ભંગ કરવાનું કે એને ટાળવાનું વલણ ધરાવે છે.' આ બંને સંસ્થાઓ ત્રીજા વિશ્વના રોકાણમાં માત્ર પાંચ ટકા ફાળો આપે છે. છતાંય આ દેશોની રાષ્ટ્રીય નીતિઓ પર તેમની ભારે અસર હોય છે. પણ તેમની શરતોનું પાલન ન થાય તો બદલા રૂપે પગલાં લેવાની સત્તા તેમની પાસે નથી. આવી સત્તા 'ગેટ' હેઠળની વ્યાપાર વ્યવસ્થામાં મળી શકે છે. એટલે ત્રીજા વિશ્વના દેશોને પોતાનું કહ્યું ન માનવા બદલ દંડવા માટે ધનવાન દેશોએ 'ગેટ'નો સાધન તરીકે ઉપયોગ કરવાનું નક્કી કર્યું. પરિણામે ઉરુગ્વે દોર અને ડંકલ દરખાસ્તો આવ્યાં.

(૨) ત્રીજા વિશ્વના દેશોની સ્થિતિ 'ગેટ'માં ખૂબ નબળી છે. સંગઠિત રહીને તેઓ ધનવાન દેશો સાથે સોદાબાજી કરી શકતા નથી. તેઓ બધા ભેગા થઈને 'ગેટ'માં વાટાઘાટો કરતા નથી. તેમની વચ્ચે વ્યાપાર અંગેના દ્વિપક્ષી મતભેદો હોવા છતાં ગરીબ દેશો પોતાનાં મૂળભૂત સમાન હિતોના રક્ષણ માટે ભેગા થતા નથી. તેઓ એમ પણ માની બેઠા છે કે 'ગેટ' એ જુદા જુદા દેશો વચ્ચેની વ્યક્તિગત સમજૂતી છે અને એમાં ઉત્તર અને દક્ષિણ (એટલે કે તવંગર અને કંગાળ) દેશો વચ્ચેના મતભેદો ઉપસ્થિત થતા નથી. એમની આ ભયંકર ભૂલને લીધે અમેરિકાએ પોતે જ એક તબક્કે 'ઉત્તર–દક્ષિણ' વ્યાપાર વાટાઘાટો માટે (કદાચ ભૂલથી) કરેલી પહેલ પાછળથી પડતી મૂકી હતી. વળી, સંયુક્ત રાષ્ટ્રોનાં અનેક સંગઠનોમાં ગરીબ દેશો એક થઈને લડત આપે છે. આવી કોઈ લડત તેઓ 'ગેટ'માં આપતા નથી. બીજી તરફ, ધનવાન દેશો જી–૭, જી–૫, જી–૧૦ અને ઓઈસીડી જેવાં જૂથોમાં નિયમિત મળીને 'ગેટ'માં શું કરવું તે નક્કી કરે છે. આમ, 'ગેટ'માં ધનવાન દેશોને મોકળો માર્ગ મળે છે.

(૩) ૧૯૮૬માં ઉરુગ્વે દોરની શરૂઆત થઈ ત્યારે તો સોવિયેત

સંઘ અસ્તિત્વમાં હતું. એટલે અન્ય આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં ત્રીજા વિશ્વના દેશોને સોવિયેત સંઘ અને અન્ય સમાજવાદી દેશોનો ટેકો મળી રહેતો હતો. આવો ટેકો તેમને 'ગેટ'માં મળતો જ નહોતો. સોવિયેત સંઘ તો 'ગેટ'નું સભ્ય જ નહોતું. બીજા પોલેન્ડ, હંગેરી અને ચેકોસ્લોવેકિયા જેવા દેશો 'ગેટ'ના સભ્ય હતા. પરંતુ તેઓ બહુ રસ લેતા નહોતા. આમ, ધનવાન દેશો માટે અહીં પણ મોકળું મેદાન હતું.

હવે સોવિયેત સંઘનું અસ્તિત્વ રહ્યું નથી અને રશિયા પોતે પણ 'ગેટ'માં આવવા પ્રયાસ કરે છે. પણ શીત યુદ્ધનો અંત આવી ગયો હોવાને લીધે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. ગરીબ દેશો રશિયાનો ટેકો મળવાની આશા રાખી શકે તેમ નથી. એટલું જ નહિ પણ ધનવાન દેશોને પૂર્વ યુરોપના દેશો કે રશિયાની જેટલી ચિંતા છે તેટલી તો નહિ જ, પણ તેની ૧૦૦મા ભાગની ચિંતા પણ ત્રીજા વિશ્વના ગરીબ દેશો માટે નથી. એટલે રશિયા વગેરેનાં હિત ધનવાન દેશો સાથે ભળી ગયાં છે. ગરીબ દેશો સાવ એકલા અટૂલા છે.

(૪) આંતરરાષ્ટ્રીય સ્તરે બે કે વધુ દેશો વચ્ચે થતી સરકારી સ્તરની વાટાઘાટો મહદ્ અંશે ખાનગી હોય છે. પણ 'ગેટ'માં થતી વાટાઘાટો તો વળી ખૂબ જ ખાનગી હોય છે. 'ગેટ'ની વાટાઘાટો બંધબારણે જ યોજાતી હોય છે અને પ્રસારણ માધ્યમોમાં પણ એને અંગે ઓછી વિગતો પ્રસારિત થતી હોય છે. વળી જે વિષયો વિશે ચર્ચા થાય છે એ પણ ખૂબ ટેકનિકલ હોય છે અને બિનસરકારી સંગઠનોનો એમાં પ્રવેશ થતો નથી. એટલે 'ગેટ'માં થનારી વાટાઘાટોનું અત્યંત ખાનગીપણું જાળવી શકાય છે. માટે પણ ધનવાન દેશોએ તેની પસંદગી કરી છે એમ કહેવાય છે.

## ઉરુગ્વે દોર પછી શું ?

ડંકલની દરખાસ્તો અંગેની ચર્ચાઓ પૂરી થયા બાદ આખરી

સમજૂતી થાય અને 'ગેટ'ના સભ્ય દેશો તેના પર સહી કરે એટલે એનો અર્થ એ થશે કે સહી કરનારા બધા દેશો જ્યાં સુધી જકાતને લાગેવળગે છે ત્યાં સુધી એકબીજાને 'સર્વાધિક પસંદ રાષ્ટ્ર' (મોસ્ટ ફેવર્ડ નેશન- એમએફએન)નો દરજ્જો મળી જશે એમ કહેવું વધારે ઉચિત છે કારણ કે આયાતી વસ્તુ પર કેટલી જકાત નાખવી કે ન નાખવી એ સમજૂતીમાં જ નક્કી થયેલું હશે. કોઈ દેશની સરકારે એ વ્યક્તિગત રીતે નક્કી કરવાનું રહેશે જ નહિ.

બીજો મહત્ત્વનો મુદ્દો એ છે કે આ સમજૂતી થયા પછી મલ્ટી-લેટરલ ટ્રેડ ઓર્ગેનિઝેશન (બહુપક્ષીય વ્યાપાર સંગઠન–એમટીઓ) નામે નવી સંસ્થાની રચના થશે. આવી સંસ્થા રચવા માટે ડંકલે દરખાસ્ત કરી જ છે. મૂળે તો વ્યાપાર માટે આવી જ કોઈક સંસ્થા રચવાના હેતુસર ૧૯૪૭માં વાટાઘાટો થઈ હતી પરંતુ સંસ્થા રચાઈ નહોતી અને 'ગેટ'નો ઉદ્ભવ થયો હતો. આ સંસ્થાની રચના સાથે 'ગેટ'નો અંત આવશે એવું નથી. પરંતુ થોડા સમય માટે 'ગેટ' અને એમટીઓનું સહઅસ્તિત્વ રહેશે. પરંતુ 'ગેટ' અત્યારની માફક માત્ર વસ્તુઓના વ્યાપાર અંગે જ કાર્યવાહી કરશે જ્યારે એમટીઓ સેવા અને બૌદ્ધિક મિલકત અધિકારોનાં ક્ષેત્રોને પણ આવરી લેશે. એટલે 'ગેટ' ધીમે ધીમે કરમાતું જશે કારણ કે એમટીઓના કોઈ સભ્ય દેશને 'ગેટ'ની જરૂર જ નહિ રહે. આમ, ઉરુગ્વે દોર પૂરો થયા પછી 'ગેટ'નો અંતકાળ નજીક છે.

આ નવી સંસ્થા પાસે વ્યાપાર સંબંધી આંતરરાષ્ટ્રીય વિવાદો ઉકેલવાની સત્તા આવશે અને તે જે તે સભ્ય દેશ ઉપર વસ્તુઓ, સેવાઓ અને બૌદ્ધિક મિલકત અધિકારોનાં ક્ષેત્રોમાં એકબીજા ક્ષેત્રને આવરી લઈને પગલાં લઈ શકશે. આનો અર્થ એ છે કે, માની લો કે ભારતે વિદેશી વીમા કંપનીઓને ભારતમાં ન આવવા દેવાનું નક્કી કર્યું કે પછી એમને આવવા દઈને પણ એમની

કામગીરી ઉપર નિયંત્રણ રાખવાનું નક્કી કર્યું, તો ભારતની કાપડની નિકાસ ઉપર એ કંપનીઓ જે દેશ હોય તે દેશ જકાત નાખી શકે. આમ એક ક્ષેત્રનો બદલો બીજા ક્ષેત્રમાં લેવાય અને એને એમટીઓ મંજૂરી આપે. આમ ત્રીજા વિશ્વના દેશોનું નાક ગમે તે રીતે દબાવી દેવાની સત્તા આ સંસ્થા દ્વારા મળશે.

આ સંસ્થા જે તે દેશના સાર્વભૌમત્વ ઉપર તરાપ મારનારી છે એવી દલીલ પણ કરવામાં આવે છે કારણ કે વ્યાપારને લાગેવળગે છે ત્યાં સુધી તે સભ્ય દેશો વચ્ચેની ભૌગોલિક સરહદોને લગભગ ભૂંસી નાખે છે. એટલું જ નહિ પણ રાષ્ટ્રીય સરકારોના આર્થિક નિર્ણયોને ખૂબ મર્યાદિત બનાવી દે છે. ભારતમાં જનતાદળ અને સામ્યવાદી પક્ષો સહિતના ઘણા લોકો આવા સંગઠનની રચનાની વિરુદ્ધ છે એટલું જ નહિ પરંતુ અમેરિકાની સંસદમાં પણ આ અંગે ભારે મતભેદો પ્રવર્તે છે. પરંતુ અમેરિકન સરકાર અત્યારે તો આવા સંગઠનની રચના માટે ઉત્સુક અને ઉત્સાહી જણાય છે.

## પાયાના પ્રશ્નો

૧૯૯૩ના અંત સુધીમાં કે થોડા સમય પછી પણ ડંકલે રજૂ કરેલી દરખાસ્તોને આધારે એમાં સુધારાવધારા સાથે સમજૂતી થઈ જાય અને ઉરુગ્વે દોરની મંત્રણાઓ એ સાથે પૂરી થાય તો પણ દુનિયાના સામાજિક – રાજકીય અર્થતંત્રને મૂંઝવતા સવાલોનો ઉકેલ આવી જશે અને આધુનિક અર્થશાસ્ત્રના પિતા ગણાતા એડમ સ્મિથનું મુકત બજાર ઊભું થશે એવું માનવું વધારે પડતું છે. આ મુકત બજાર એ ભૂમિતિ-વિજ્ઞાની યુકિલડના 'બિંદુ' જેવું છે. જેને કોઈ લંબાઈ નથી, પહોળાઈ નથી, ઊંચાઈ નથી એ 'બિંદુ' એવું યુકિલડની વ્યાખ્યા છે. પણ આવું બિંદુ તો કયાંય છે જ નહિ. ગમે તેવડું નાનું ટપકું મૂકો તો ય એની લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈ તો રહેવાનાં જ. બરાબર આવું જ મુકત બજારનું છે. એ એક આદર્શ છે અને મનુષ્ય જ્યારે સંપૂર્ણ બને ત્યારે એ

આદર્શ પરિપૂર્ણ થાય. ત્યાં સુધી તો મનુષ્ય સ્પર્ધાને ટાળવાનો અને ઈજારો ઊભો કરવાનો પ્રયાસ તેની અર્થવ્યવસ્થામાં કરતો રહેવાનો.

ડંકલે આ મૂળભૂત બાબતને લક્ષમાં લીધી નથી લાગતી. તેમ છતાં એમણે દુનિયાના બજારને શકય તેટલું મુકત કરવાનો સારો આગ્રહ રાખ્યો છે એ ઓછો પ્રશંસનીય નથી. પણ સવાલ એ છે કે દુનિયાની બહુમતી ગરીબ પ્રજાને એનો કેટલો લાભ મળશે ?

આ સંદર્ભમાં 'બેન્ક ઓફ ઈન્ટરનેશનલ સેટલમેન્ટ્સ' દ્વારા હજુ હમણાં જે અહેવાલ તૈયાર કરાયો છે તેનાં તારણો અને તેની ચેતવણી બંને નોંધપાત્ર છે. આ અહેવાલ કહે છે કે ૧૯૬૦માં દુનિયાની સૌથી ગરીબ ૨૦ ટકા પ્રજા દુનિયાની પાંચ ટકા આવક ધરાવતી હતી. ૧૯૯૦માં હવે તે માત્ર ૩.૪ ટકા આવક ધરાવે છે. બીજી તરફ દુનિયાની સૌથી ધનવાન ૨૦ ટકા પ્રજા પાસે ૫૮.૩ ટકા આવક ૧૯૬૦માં હતી. હવે ૧૯૯૦માં તે ૬૪.૬ ટકા આવક પ્રાપ્ત કરે છે. આમ દુનિયાની ધનવાન પ્રજા વધારે ધનવાન થઈ છે અને ગરીબ પ્રજા વધારે ગરીબ થઈ છે. આ અહેવાલ એવી ચેતવણી પણ આપે છે કે છેલ્લાં ૩૦ વર્ષનો અનુભવ એમ ધરાવે છે કે ગરીબ દેશોમાં વધુ ટેકનોલોજી અને મૂડી આવવાથી ગરીબ દેશોને ધનવાન દેશો કરતાં વધારે ફાયદો થશે એવી એક વ્યાપક ધારણા અંગે શંકા ઊભી થાય છે.

આનો અર્થ એટલો અવશ્ય છે કે વિકાસની જે તરાહ છે તે બદલવી રહી. પણ 'ગેટ' તો વિકાસની તરાહને ડંકલની દરખાસ્તો દ્વારા વધુ મજબૂત કરે છે. ગરીબોની મજબૂરી એ છે કે ડંકોય ડંકલનો જ વાગે છે. આર્થિક અસમાનતાના વધવાની સાથે સામાજિક અને રાજકીય તનાવો વધે છે એટલું સ્વીકારવા તૈયાર થઈએ તો વ્યાપારથી જ વિકાસ વધે એવી વ્યાખ્યાનો કંઈક અસ્વીકાર કરવાનું પાલવે ખરું.

Acc. No. 130373
Date 15-9-2010